લોકોપયોગી વૈદ્યકીય લેખમાળા

નંબર સાતમો.

ASTHMA

Its Causes, Prevention and Cure.

દમ, શ્વાસ અગર હાંફણ

તેનાં કારણો, અટકાવ અને દેશી તેમજ અંગ્રેજી અકસીર ઉપાયો.

લેખક અને પ્રકાશક,

વૈદ્ય જટાશંકર જેશંકર દવે ધ્રાંગધ્રાવાળા.

(વૈદ્ય જે. જે. દવે).

સંગ્રહણી, સ્પ્રુ તથા કોલાઇટીઝ અથવા પરદેશનું પાણી લાગવાના વ્યાધિઓ, જીર્ણજ્વર, પુરૂષત્વ સંરક્ષણ અથવા પુરૂષોના વીર્ય અથવા ધાતુના તેમજ જનનેંદ્રિના વ્યાધિઓ, મલેરીયા તાવો, તથા ક્ષય રોગની પુર્વાવસ્થા તથા તેનું વખતસરનું નિદાન વિગેરે પુસ્તકોના લેખક.

ધ્રાંગધ્રા—કાઠીયાવાડ

તથા

સીંઘીગલી, ખેતવાડી [illegible] રોડ, [illegible] હરિરામજી કુનાભાઈના માળામાં,

ત્રીજે દાદરે—**મુંબઈ નં. ૪.**

સંવત ૧૯૮૫. પ્રત ૫૦૦. ઈ. સ. ૧૯૨૯.

કીંમત રૂ. ૧-૮-૦.

આ પુસ્તક લખવામાં આધારરૂપ લેવાયલા પુસ્તકોની યાદિ.

આયુર્વેદિક એટલે દેશીવૈદકના પુસ્તકો.

ચરકસંહિતાં, સુશ્રુતસંહિતા, વાગ્ભટ અષ્ટાંગ હૃદય, નિઘંટ રત્નાકર, ભાવપ્રકાશ, ભૈષજ્ય રત્નાવલિ, રસરત્ન સમુચ્ચય, રસરત્નાકર અને રસરાજ સુંદર વિગેરે.

અંગ્રેજી પુસ્તકો.

Adam=Asthma and its radical treatment.

Albutt Clifford=System of Medicine.

Chundra=A treatise on treatment.

Coke=On Asthma.

Hare=Practical Therapeutics.

Hutchinson=Index of treatment.

Horace Dobell=Asthma and its treatment.

Hyde Slater=On Asthma.

Mitchell Bruice=The Principals of treatment.

Monro=The manual of medicine.

Powell and Hartley=On diseases of the lungs.

Osler and Mc. Crae=Modern Medicine.

Savil=A system of Clinical medicine.

Wheeler & Jack=Handbook of medicine and Therapeutics.

Whitla=A dictionary of treatment.

Whitla=Practice of medicine.

Yeo Burney=A manual of Medical treatment.

અમદાવાદ—ધી ડાયમંડ જ્યુબીલિ પ્રીન્ટીંગ પ્રેસમાં, પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

પ્રસ્તાવના.

દમ અગર શ્વાસરોગ એ એક મહા ત્રાસદાયક વ્યાધિ છે, એટલે જોકે તેનાથી દરદીનું તાત્કાલીક મૃત્યુ થતું નથી તોપણ તેનાથી પરિણામે શરીરના બીજા કેટલાક ઉપયોગી અંગો એવા તો શિથિલ અને વિકૃતિ પામી આવે છે કે લાંબે વખતે તે દરદી કોઈ પ્રાણઘાતક વ્યાધિમાં સપડાઈ જવા સંભવ છે એટલુંજ નહીં પણ તેવા વ્યાધિથી તેના શરીરનો અંત આવવા પણ સંભવ રહે છે. બીજું જોકે દમના રોગથી દરદીનું તાતકાલીક મૃત્યુ થતું નથી તોપણ તેના હુમલા Attack વખતે દરદીની એવી તો બુરી અને ત્રાસદાયક સ્થિતિ થઈ જવા પામે છે કે પાસે ઉભેલા મનુષ્યોને તો એમજ લાગી આવે કે દરદી હમણાંજ ગુજરી જશે, તે સાથે દરદીને પણ જે પારાવાર દુઃખ અને ત્રાસ થતો હોય છે તેનો ખ્યાલ તો માત્ર તે દરદીનેજ આવી શકે.

ઉપર પ્રમાણે આ વ્યાધિની સ્થિતિ છે. અને તે અસલના વખતમાં તો ઘણું કરીને મોટી ઉમરના વૃદ્ધ મનુષ્યોમાંજ જોવામાં આવતો હતો, પણ દિલગીરીની વાત છે કે હાલમાં આપણી રહેણી કરણી તથા ખાનપાનના યોગે તે વ્યાધિ કેટલાક નાની ઉમરના મનુષ્યોમાં પણ જોવામાં આવે છે. તે સાથે તે વ્યાધિ સર્વત્ર વ્યાપેલો જોવામાં આવે છે એટલે કે મોટા શહેરોમાં તેમજ નાના નાના ગામડાઓમાં પણ તેના દરદીઓ જોવામાં આવે છે.

ઉપર કહ્યા પ્રમાણે આ વ્યાધિ દરેક દમના મનુષ્યોમાં તેમજ દરેક સ્થળે જોવામાં આવે છે એટલુંજ નહીં પણ તે સાથે ઘણો કષ્ટસાધ્ય છે એટલે કે બહુજ મહેનતે મટી શકે તેવો છે એટલુંજ નહીં પણ કોઈ કોઈ મનુષ્યોમાં તો તે અસાધ્ય સ્થિતિમાં આવી ગયેલો જોવામાં આવે છે.

ઉપર પ્રમાણે વસ્તુસ્થિતિ હોવાથી આ વ્યાધિ વીષે એકાદ લેખ લખવાનો મારો વીચાર થોડા વર્ષ પર થયો હતો, કારણ કે આ વ્યાધિ કષ્ટસાધ્ય હોઇ તેમજ અનેક જાતના કારણોથી થતો હોવાથી તેમાં દરદીને દવા કરાવવામાં બહુજ ધૈર્ય રાખવાની જરૂર રહે છે તેમજ ચિકિત્સકને પણ બહુ ઉંડો વિચાર કરવાનો રહે છે પણ દીલગીરીની વાત એ છે કે હાલમાં ચિકિત્સકો પોતે બહુ વ્યવસાયી હોવાને લીધે આવા દરદીઓ પર પુરૂં લક્ષ આપી શકતા નથી અને માત્ર તેવો દરદી આવતાં અને સાધારણ તપાસમાં તેને દમરોગ છે એવું જણાતાં માત્ર એકાદ સ્ટૉક મિક્ષ્ચર કે જે સાધારણ દમરોગને માટે તેઓ વાપરતા હોય છે તે લખી આપે છે. આ પ્રમાણે થવાથી જોકે દરદીને તાતકાલીક ફાયદો જણાતો હશે પણ તેનાથી તેના વ્યાધિનો અટકાવ થતો નથી, કારણકે આ વ્યાધિ ઘણો વિચિત્ર છે અને તે અનેક કારણોથી થઈ આવે છે અને તેથી ચિકિત્સા કરવામાં પ્રથમ તેનું મુળ કારણ શોધી કાઢવાની જરૂર રહે છે, કારણ કે કારણ દુર કર્યા શીવાય વ્યાધિ બીલકુલ મટતો નથી. તે સાથે ઔષધોપચાર વિષે પણ કેટલોક બારીક વીચાર કરવો પડે છે.

ઉપર કહ્યા પ્રમાણે ચિકિત્સકની થોડીઘણી ખામી અને પ્રમાદને લીધે આ વ્યાધિ લંબાય છે અગર કષ્ટસાધ્ય થઈ જાય છે એટલુંજ નહીં પણ હાલમાં દરદીઓ પણ બહુજ

ઉતાવળીયા અને જલદી ફાયદો માંગનારા હોય છે અને તેથી તેઓ એકાદ પ્રમાણિક અને વિદ્વાન ચિકિત્સકની સારવારમાં રહી શકતા નથી પણ તેઓ જલદી ફાયદો થવાની આશામાં અનેક ચિકિત્સકોની સારવારમાં આવી જાય છે એટલે કે જુદા જુદા ચિકિત્સકોની સારવારમાં વર્ષોના વર્ષો કાઢે છે પણ એકાદ સારા ચિકિત્સકની સારવારમાં લાગોલાગ ત્રણચાર મહીના પણ રહી શકતા નથી.

ઉપર પ્રમાણે વસ્તુસ્થિતિ હોવાથી અમોએ વ્યવસાયી ચિકિત્સકોને એકાદ ઠેકાણે પોતાને જોઈતી માહીતી મળે તે હેતુથી તેમજ દરદીને પોતાના વ્યાધિનો ખ્યાલ આવે તેટલા માટે આ પુસ્તક બહાર પાડયું છે. આ પુસ્તકમાં દમરોગનાં કારણો, પ્રકારો તથા તેના દેશી તેમજ અંગ્રેજી ઉપાયો વિસ્તારપુર્વક લખવામાં આવ્યાં છે, જેથી અમો આશા રાખીયે છીએ કે કાંઈક અંશે ચિકિત્સકોને અને મોટા ભાગે દરદીઓને આ પુસ્તક ઉપયોગી થઈ પડશે. આ પુસ્તક દમરોગનું એક ખાસ અકસીર ઉપાયો બતાવનારૂં પુસ્તક છે એમ અમો દાવો કરતા નથી પણ તેમાં બતાવેલા ચિકિત્સાક્રમો તથા ઉપાયો Rational and Specific ખાસ વિચારપુર્વકના તેમજ અકસીર જેવા છે એવું અમારૂં માનવું છે. ટુંકામાં કહેવાનું જે આ પુસ્તક વ્યવસાયી ચિકિત્સકોને તેમજ દરદીઓને થોડાઘણા અંશે પણ ઉપયોગી થઈ પડવા સંભવ છે. આ પુસ્તક છાપવામાં તથા લખવામાં અનેક જાતની ભુલો તથા ખામીઓ રહી જવા સંભવ છે તે વિદ્વાનવર્ગ દરગુજર કરશે અને અમો આશા રાખીયે છીએ કે બીજી આવૃતીમાં તે તૃટીઓ પુરી પાડવામાં આવશે.

ધ્રાંગધ્રા ૧૯૮૫
ફાગણ શુદ ૨.

લી. વૈદ્ય જટાશંકર જેશંકર દવે.

दम, श्वास अगर हांफण—Asthma.

Its causes, prevention and Cure, તેનાં કારણો, અટકાવ અને ઉપાયો.

દમ, શ્વાસ તથા હાંફણનો વ્યાધિ એ ફેફસાં તથા શ્વાસનળીકાનો એક મહા કષ્ટસાધ્ય વ્યાધિ છે અને તે જુનો થતાં મહા મુસ્કેલી ભરેલો થઇ પડે છે. આ રોગ જોકે ઘણાં પ્રાચીન કાળથી જાણીતો છે તોપણ તેના યથાર્થ સ્વરૂપનું તેમજ તેના ખરા અને ચોકસ કારણોનો તેમજ દમનો હુમલો ચડી આવતાં ફેફસાંમાં જે એકાએક સ્થાનિક વિકૃતિ થઈ આવે છે તેનો હજુ સુધી પાકો નિર્ણય થયો નથી. ઘણા દાક્તરો દમના વ્યાધિને એક જાતનો Neurosis ન્યુરોસીસ એટલે વાતજન્ય વિકૃતિ માને છે, કેટલાક દાક્તરો શ્વાસ-નળીકાના કોઇ પણ કારણથી થઇ આવતા જીર્ણ વરમના લીધે થતો હોવાનું માને છે. કેટલાક વિદ્વાનો અમુક અમુક જાતના પદાર્થોના ખાસ Protein પ્રોટીન નામના તત્વો કે જેઓ અમુક અમુક વ્યક્તિ પરત્વે પ્રતિકુળ હોય છે તેવા તત્વોનો સંસર્ગ અગર તો કોઇ બીજા પ્રકારના યોગથી થતો હોવાનું માને છે, અને કેટલાક દાક્તરો તેને એક જાતનો Toxaemia ટોક્ષીમીયા રૂપ માને છે, તે શીવાય બીજા કેટલાક વિદ્વાન દાક્તરો બીજા અનેક જાતના જુદા જુદા સિદ્ધાંતો પણ આ વ્યાધિને માટે બતાવે છે એટલે કે આ વ્યાધિના ખરા સ્વરૂપનો હજુ સુધી પાકો નિર્ણય થયો નથી.

દમનો વ્યાધિ જોકે ઘણો વિષમ અને કષ્ટસાધ્ય છે અને દમ ચડેલો હોય ત્યારે ઘણોજ ભયંકર જણાય છે તોપણ તેનાથી જીંદગીનો તાત્કાલિક અંત આવવાનો સંભવ નથી. દમના હુમલાઓ શરૂઆતમાં થોડા ઘણા અંતરે જણાઇ આવે છે પણ વ્યાધિ જુનો થતાં એટલે કે દમીયલ સ્થિતિ બરોબર લાગુ થઇ આવતાં દરદીને ઉત્પાદક કારણોનો યોગ થતાં વારંવાર જણાઇ આવે છે.

Principal causes of Asthma દમ અગર શ્વાસ રોગના સામાન્ય કારણો—દમ અગર શ્વાસ રોગના કારણો જોકે અનેક છે પણ તેના બે મુખ્ય પ્રકારો છે. એટલે કે એક સહાયકારી, દુરના અગર આડકતરા વિપ્રકૃષ્ટ કારણો Predisposing causes, અને બીજા ખાસ સીધા નજીકના ખાસ ઉત્પાદક સન્નિકૃષ્ટ કારણો Exciting causes. વિપ્રકૃષ્ટ કારણોથી લોહી તથા મજ્જાતંતુઓ પર અસર થઇ આવી ફેફસાં તથા શ્વાસ નળીકાની મૃદુ ત્વચા પર એવી જાતની સ્થાનિક વિકૃતિ થવા પામે છે કે તેમાં સન્નિ-કૃષ્ટ કારણોનો જરા પણ યોગ થવા પામે કે તરતજ દમનો હુમલો Paroxym જણાઇ આવે છે, જ્યારે સન્નિકૃષ્ટ કારણો એવા પ્રકારનાં હોય છે કે દમીયલ મનુષ્યને તેનો જરા પણ યોગ થવા પામે કે તરતજ જે દરદી થોડા વખત પર સાજો સારો હોય તેને દમનો હુમલો જણાઇ આવે છે.

Predisposing causes=વિપ્રકૃષ્ટ કારણો—Age=ઉમર=દમનો રોગ જોકે

ઘણું કરીને પુખ્ત ઉમરના મનુષ્યોનો વ્યાધિ ગણાય છે તો પણ ઘણીવાર તે બચ્ચાંઓને પણ લાગુ પડી આવતો જોવામાં આવે છે. બચ્ચાંઓને જે દમનો રોગ લાગુ પડી આવે છે તે ઘણું કરીને દશ વર્ષની ઉમર સુધીમાં વધારે લાગુ પડી આવે છે અને તેનાં અનેક કારણો છે. સૌથી મોટું કારણ બચ્ચાંઓની પોષણ ક્રિયા છે એટલે કે સાધારણ રીતે દરેક ઠેકાણે બચ્ચાંઓને ખાંડ તથા ગોળ વીગેરે ગળપણની ચીજો વધારે પ્રમાણમાં આપવામાં આવે છે. તેમજ બચ્ચાંઓની પાચન શક્તિનો ખ્યાલ નહીં રાખતાં અનાજની ચીજો પણ વધારે પ્રમાણમાં આપે છે અને દુધ કે જે તેનો કુદરતી ખોરાક છે તે પર જોઇએ તેટલું લક્ષ આપવામાં આવતું નથી, પણ બચ્ચાંઓને ખોરાક ઉપર ચડાવી દેવાની ઉત્કંઠા વધારે રાખવામાં આવે છે. ઉપર પ્રમાણે ગળપણ તથા અનાજની ચીજો વધારે પ્રમાણમાં મળવાથી તે ચીજોનું જોઇએ તેવું પાચન થતું નથી અને તેના પરિણામે અજીર્ણ તથા કબજીયાત વિગેરે થઇ આવી તેના પરિણામરૂપ પ્રથમ સસણી જેવું જણાઇ આવે છે અને તેના પરિણામ રૂપ કેટલેક વખતે દમનો રોગ લાગુ પડી આવે છે.

આ શીવાય બચ્ચાંઓને દમનો રોગ લાગુ પડી આવવાનું બીજું મુખ્ય કારણ બાલ્યાવસ્થામાં થઇ આવતા કેટલાક વ્યાધિઓ છે. દરેક બાળકોને નિયમ તરીકે બચપણમાં ઓરી, અછબડા, તથા મોટી ઉધરસ વિગેરે વ્યાધિઓ થઈ આવે છે તેમજ કેટલાકને સસણી અને બ્રોંકોન્યુમોનીયા જેવા વ્યાધિઓ પણ થઇ આવવા સંભવ છે અને તે વ્યાધિઓના પરિણામ રૂપ પણ દમનો વ્યાધિ કેટલાક બાળકોને લાગુ પડી આવે છે. શરૂઆતમાં બાળકને દમનો રોગ સસણીમાં ગણાઈ જાય છે અને ત્યારબાદ જુનો થતાં તેને દમ ગણવામાં આવે છે.

ઉપર પ્રમાણે બચ્ચાંઓને દમનો રોગ લાગુ પડવાનો હોય તો તે ઘણું કરીને દશ વર્ષની ઉમર સુધીમાંજ થઈ આવે છે કારણ કે ઓરી તથા મોટી ઉધરસ વીગેરે વ્યાધિઓ જે થવાના હોય તે તેટલી ઉમરમાંજ ઘણું કરીને થઇ આવે છે. દશ વર્ષની ઉમર પછી દમની ધાસ્તિ થોડી રહે છે, પણ જુવાની શરૂ થતાં એટલે કે વીશ બાવીશ વર્ષની ઉમર પછી જે બાળકોના માબાપોને દમનો રોગ લાગુ પડેલો હોય અગર તો જેઓને કોઈ પણ જાતનો વાત વ્યાધિ લાગેલો હોય તેમને તે વખતે ધાસ્તિ રહે છે. ત્યારબાદ સામાન્ય રીતે મનુષ્યોને ચાળીશ વર્ષની ઉમર પછી બીજા અનેક કારણોથી દમનો રોગ લાગુ પડી આવવા સંભવ છે.

Sex=જાતિ=સામાન્ય અનુભવ પ્રમાણે સ્ત્રીઓ કરતાં પુરૂષોને વધારે પ્રમાણમાં દમનો રોગ લાગુ પડી આવવા સંભવ છે. પુરૂષોને સામાન્ય રીતે વધારે પ્રમાણમાં બહાર હરવા ફરવાનું હોય છે તેમજ તેમના ધંધાઓ કેટલીકવાર એવા પ્રકારના હોય છે કે તેઓને દમના ખાસ ઉત્પાદક કારણોનો વધારે પ્રમાણમાં યોગ થવા સંભવ છે. સ્ત્રીઓ ઘણું કરીને મોટા ભાગે ઘરમાંજ રહેતી હોવાથી તેઓને દમનો રોગ સહેજ ઓછા પ્રમાણમાં લાગુ પડી આવવા સંભવ છે.

Season=રૂતુ=દમનો રોગ અમુક રૂતુમાં વધારે અને અમુક રૂતુમાં ઓછો જણાય છે એવો કાંઇ નિયમ નથી કારણકે ભર ઉનાળામાં પણ દરદીઓને દમના હુમલાઓ અવારનવાર જણાઇ આવે છે તોપણ સામાન્ય રીતે શરદી અને ચોમાસાની રૂતુમાં તેનું જોર સહેજ વધારે હોવા સંભવ છે.

Heridity=વારસામાં ઉતરવું=દમનો રોગ વારસામાં ઉતરી આવે છે એટલે કે દમવાળા માબાપના છોકરાંઓને વહેલો મહોડો દમનો રોગ લાગુ પડી આવે છે એવી જુના વખતના તેમજ હાલના વૈદ્ય દાક્તરોની સામાન્ય માન્યતા છે અને તેમાં કાંઈક રહસ્ય રહેલું છે એટલે કે દમવાળા માબાપોના છોકરાંઓ પૈકી ઘણાંઓને દમનો રોગ લાગુ પડી આવેલો આપણે જોઇએ છીએ, પણ તે સાથે એટલું પણ ધ્યાનમાં રાખવાનું કે દમીયલ માબાપના છોકરાંઓ પૈકી ઘણાં છોકરાંઓ દમથી મુક્ત રહેલાં પણ જોવામાં આવે છે એટલે કહેવાની મતલબ એ છે કે દમવાળા માબાપના છોકરાંઓને નિયમ તરીકે દમનો રોગ લાગુ પડી આવવોજ જોઇએ એવો કાંઈ નિયમ નથી પણ ઉંડું ઉતરતાં વિદ્વાનોના અનુભવમાં આવ્યું છે કે દમવાળા માબાપોના છોકરાંઓને ભવિષ્યમાં જે દમનો રોગ લાગુ પડી આવે છે તે વારસામાં દમનો રોગ પ્રાપ્ત થવાના કારણ કરતાં તેની રહેણી કરણીને વધારે આભારી હોય છે. જો તેવાં બાળકોને જન્મથીજ આહાર વિહારની કાળજી રખાવવામાં આવે અને શરીરને દરેક રીતે ખડતલ બાંધાનું અને તંદુરસ્ત રાખવામાં આવે તો તેવાં બાળકોને ભવિષ્યમાં દમનો રોગ લાગુ પડવાની ઓછી ધાસ્તી રહે છે. સામાન્ય રીતે આપણા હીંદુસ્તાન જેવા દેશમાં તેમજ યુરોપ અમેરીકામાં પણ બાળકોને ગળપણ વીગેરે વધારે પ્રમાણમાં આપવાનો રીવાજ છે તેમજ ખોરાકમાં પણ નાઇટ્રોજન તથા કાર્બોહાઈડ્રેટવાળા પદાર્થો પાચન થાય તે કરતાં વધારે પ્રમાણમાં આપવામાં આવે છે અને તેવી રીતે આપેલા ખોરાકમાંથી પેદા થયેલ રસનું જોઇએ તેવું શોષણ નહી થતાં બચપણથી શરીરમાં અમુક જાતની વિકૃતિ રહેવા પામે છે અને અનુકુળ સંજોગો મળતાં તેમાંથી દમનો રોગ લાગુ પડી આવે છે અને તેથી એક વિદ્વાનનું કહેવું એ છે કે That asthma is more made than inherited.

Nervous Temperament=વાતજન્ય પ્રકૃતિ—અસલના તેમજ હાલનાં ઘણા વિદ્વાન અને અનુભવી વૈદ્ય દાક્તરોની માન્યતા એ છે કે દમનો વ્યાધિ એ ખાસ કરીને એક જાતનો વાતજન્ય વ્યાધિ છે અને તેથી તેને કેટલાક વિદ્વાનો એક જાતનો Neurosis ગણે છે અને તેથી જન્મથીજ જે મનુષ્યોની વાત પ્રકૃતિ હોય તેને આ વ્યાધ લાગુ પડી આવવાનો વધારે સંભવ છે. તે શીવાય જે મનુષ્યોને બીજા વાતજન્ય વ્યાધિઓ જેવા કે ન્યુરેલજીયા, દંતશુળ, હીસ્ટીરીયા, આધાશીશી, વાઇ, તથા ન્યુરેસ્થેનીયા વીગેરે મગજ તથા મજ્જાતંતુના વ્યાધિઓ લાગુ થયા હોય તેઓને આ વ્યાધિ બીજા કેટલાંક કારણોને લીધે લાગુ પડી આવવા સંભવ છે. એટલુંજ નહીં પણ જે પુરૂષોને ઉપર કહેલા વ્યાધિઓ લાગુ પડી આવી લાંબો વખત ચાલુ રહેવા પામ્યા હોય તેવા માબાપોના બાળકો પૈકી કોઇ કોઇને આ વ્યાધિ લાગુ પડી આવે છે. બીજું જેઓની જન્મથી જ વાતજન્ય પ્રકૃતિ નહોય પણ પાછળથી રહેણી કરણી અને ખાનપાનના યોગે વાતજન્ય પ્રકૃતિ થઇ જવા પામી હોય તેને પણ આ વ્યાધિ બીજા કરતાં જલદી લાગુ પડી આવવાની ધાસ્તિ રહે છે.

Impurity of blood=લોહીનું દુષિત થવું—લોહીના દુષિત થવાની સાથે પણ દમના વ્યાધિને કાંઇ સંબંધ હોય તેમ જણાય છે એટલે કે જે મનુષ્યોનું લોહી

આહારવિહાર વીગેરે કારણોથી દુષિત થવા પામ્યું હોય અને તેના પરિણામે જેઓને શીળસ, ખરજવું તથા ચળનો રોગ લાગુ થયો હોય તેવા દરદીઓને પણ દમનો રોગ લાગુ પડી આવવા સંભવ છે. શીળસના વ્યાધિમાં જેમ એકાએક ચામડી સુજી આવી શરીરે ચારે તરફ ચળ જણાય છે અને શરીરપર નાનાં મોટાં ઢામઢાં થઈ આવે છે તેવીજ રીતે દમના રોગમાં પણ શ્વાસનળીકામાં એકાએક સોજો થઇ આવે છે એટલે કે દુષિત લોહીથી શ્વાસનળીકામાં પણ શીળસની પેઠે એકાએક વિકૃતિ થઈ આવે છે અને દમનો હુમલો જણાય છે અને એ પ્રમાણે જ્યાં સુધી દરદીનું લોહી દુષિત રહેલું હોય ત્યાં સુધી અવાર નવાર દમના હુમલાઓ જણાઈ આવે છે. કેટલીકવાર એવું જોવામાં આવે છે કે જે દરદીઓને શીળસ તથા ખરજવું વિગેરે વ્યાધિઓ લાગુ થયા હોય તે પૈકી કોઈ કોઇને શીળસ તથા ખરજવું વીગેરે એકદમ બંધ થઈ જઇ દરદીને એકાએક દમનો હુમલો જણાઇ આવે છે અને એ પ્રમાણે લાંબો વખત દમનો હુમલો જણાયા કરે છે અને અજાયબ રીતે જ્યારે દરદીને શીળસ અગર ખરજવું પાછાં દેખાઇ આવે ત્યારે દમનો રોગ અદ્રશ્ય થઈ જાય છે. આ ઉપરથી એમ જણાય છે કે અશુદ્ધ લોહીને લીધે થતા શીળસ તથા ખરજવાં વીગેરે વ્યાધિઓને દમના રોગ સાથે કાંઇક સંબંધ છે.

મળાવરોધ વિગેરે કારણોથી શરીરનું દુષિત થવું—હમણાં હમણાં કેટલાક વિચારશીલ ડાક્તરો દમને એક જાતનો ટોક્ષીમીયા માને છે અને તેનું કારણ Auto-Intoxication ઑટો-ઇન્ટોક્ષીકેશન હોવાનું માને છે. આ સિદ્ધાંતને ગ્લાસગોનો પ્રસિદ્ધ ડાક્તર James Adam જેઇમ્સ એડમ કે જેણે ઘણા અનુભવના અંતે દમના રોગ વીષે એક ઉત્તમ પુસ્તક લખ્યું છે તે પુરતો ટેકો આપે છે. તેનું કહેવું એ છે કે:-That asthma results from two factors-a toxemia and a lesion in the respiratory tract, oftenest in the nose. દમ થવાના મુખ્ય બે કારણો છે એટલે કે એક મુખ્ય કારણ ટોક્ષીમીયા અને બીજું કારણ શ્વાસનળીકાની અને તેમાં પણ ખાસ કરીને નાકની અંદરની કોઇ પણ જાતની વિકૃતિ એ બે મુખ્ય કારણો છે અને ઉંડો વીચાર કરીને જોતાં તે બન્ને કારણો બરોબર હોય તેમ જણાય છે. ખાનપાનના હીન, મિથ્યા અને અતિયોગના લીધે આંતરડામાં મળનો સંચય થવા પામે છે એટલે કે દરદીને જીર્ણ કબજીયાતનો રોગ લાગુ પડવા પામે છે અને તે પ્રમાણે લાંબો વખત ચાલુ રહેતાં આંતરડામાં ભરાઇ રહેલા મળમાંથી અનેક જાતના ઝેરી રસો પેદા થઇ આવે છે અને તેવા રસોનું લોહીમાં શોષણ થતાં મજ્જાતંતુઓ પણ દુષિત બની જાય છે. તેમજ ફેફસાં તથા શ્વાસનળીકાની મૃદુત્વચા પણ દુષિત થઈ જવા પામે છે અને તેના પરિણામે જરા પણ ઉત્તેજક કારણોનો યોગ થવા પામતાં દમનો હુમલો જણાઇ આવે છે.

Diseases of the nose=નાકના વ્યાધિઓ—નાકના કેટલાક સખત તેમ જ જીર્ણ વ્યાધિઓ એ દમ રોગનું એક મુખ્ય અને મોટામાંમોટું કારણ હોય છે એમ હાલ સર્વમાન્ય રીતે માનવામાં આવે છે. અને દમ રોગની પરિક્ષા કરતી વખતે પ્રથમ નાકની પણ પરીક્ષા કરવામાં આવે છે. જે દરદીઓને વખતોવખત શરદી અને સળેખમ થઇ આવતું હોય તથા જેને પીનસનો રોગ લાગુ થયેલો હોય તેવા દરદીઓને દમનો રોગ લાગુ પડી આવવાની ધાસ્તી રહે છે. તે શીવાય જેના નાકમાં adenoid એડીનોઇડનો

વ્યાધિ થયો હોય અગર તો જેના નાકમાં મસો થયો હોય તેને પણ મોટા ભાગે દમનો રોગ લાગુ પડી આવે છે. તે શીવાય જે દરદીના ગળાનો કાકડો વધી આવ્યો હોય અગર તો કાકડાનો બીજો કાંઈ વ્યાધિ હોય તેને પણ દમ લાગુ પડવાની ધાસ્તિ રહે છે. જે દરદીઓને નાકના બદલે મોઢેથી શ્વાસ લેવાની ટેવ પડી હોય તેને પણ દમનો રોગ લાગુ પડવાની ધાસ્તિ રહે છે.

Aftereffects of several acute and chronic diseases—કેટલાક સખત તેમજ જીર્ણ વ્યાધિઓની જીર્ણ વિકૃતિ–ફેફસાંના કેટલાક વ્યાધિઓની તેમજ શારીરિક બીજા કેટલાક વ્યાધિઓની જીર્ણ અસરથી દમનો રોગ લાગુ પડી આવવા સંભવ છે.

ન્યુમોનીયા તથા ઇન્ફ્લ્યુએન્ઝાની જીર્ણ અસરથી દમનો રોગ ઘણીવાર લાગુ પડી આવવા સંભવ છે અને તે પ્રમાણે ઘણાં દરદીઓને પોતાને દમ લાગુ પડી આવવાનું તેમને ન્યુમોનીયા અગર ઇનફ્લ્યુએન્ઝા લાગુ પડયા પછીનું જણાવતા જોવામાં આવે છે. ન્યુમોનીયા તથા ઇનફ્લ્યુએન્ઝા એ ફેફસાંના મહા ભયંકર વ્યાધિઓ છે અને તેની અસરથી ફેફસાં તથા શ્વાસનળીકામાં કાંઇ પણ વિકૃતિ રહી જવા સંભવ છે અને તેના પરિણામે ઘણાં મનુષ્યોને દમનો રોગ લાગુ પડી આવે છે.

જે મનુષ્યોને વખતોવખત સસણી, શરદી અને સળેખમ થઇ આવતાં હોય તેઓને પણ દમનો રોગ લાગુ પડી આવવા વધારે સંભવ રહે છે.

બાળકોને ઓરી, અછબડા, મોટી ઉધરસ તથા વરાધ વીગેરેની જીર્ણ વિકૃતિથી પણ દમનું મુળ રોપાવા સંભવ છે.

જે દરદીઓને ગાઉટનો વ્યાધિ લાંબો વખત ચાલુ રહેવા પામ્યો હોય તેમજ જેને ઉપદંશનો વ્યાધિ પણ લાંબો વખત ચાલુ રહેવા પામ્યો હોય તેઓને પણ દમ લાગુ પડી આવવાનો ભય રહે છે.

મેલેરીયાની જીર્ણ અસરથી પણ દમનો રોગ લાગુ પડી આવવા સંભવ છે.

Exciting causes of Asthma—દમના ખાસ ઉત્પાદક અથવા નજીકના અને સીધા સન્નિકૃષ્ટ કારણો–આપણે ઉપર દમરોગના કેટલાક વિપ્રકૃષ્ટ એટલે આડકતરા અગર સહાયકારી કારણો વિષે સંક્ષિપ્તમાં કહી ગયા છીએ, તે કારણોથી દરદીને દમીયલ Asthmatic સ્થિતિ પ્રાપ્ત થાય છે અને તેવી સ્થિતિમાં જરાપણ દમના ઉત્પાદક કારણોનો યોગ થવા પામે કે તરતજ દરદીને દમનો હુમલો જણાઈ આવે છે. દમના વિપ્રકૃષ્ટ કારણોથી દરદીનું લોહી દુષિત બની આવે છે તેમજ શરીરના મજ્જાતંતુઓ પણ વિકૃતિ પામી આવી દરદીની વાતજન્ય પ્રકૃતિ Neurotic બની આવે છે. અને તેના પરિણામે દરદીની શ્વાસનળીકાની, ફેફસાંની તેમજ નાકની અંદરની મૃદુત્વચા Mucous Membrane હમેશાં થોડીઘણી ક્ષોભયુક્ત Irritated રહેવા પામે છે અગરતો સેજસાજ કારણથી ક્ષોભયુક્ત બની આવે તેવી સ્થિતિમાં આવી રહે છે અને તેવી સ્થિતિમાં નીચે કહેલા ઉત્પાદક કારણોનો જરાપણ યોગ થવા પામતાં દરદીને દમનો હુમલો જણાઇ આવે છે.

દમના ખાસ ઉત્પાદક કારણોના પણ મુખ્ય બે પ્રકાર છે એટલે એક સીધી Direct અને બીજા પ્રતિક્ષેપિક Reflex એ બે પ્રકારના કારણો પૈકી એકાદ કારણોનો યોગ થવા પામે કે તરતજ દમનો હુમલો જણાઇ આવે છે.

દમના ખાસ ઉત્પાદક કારણો અનેક જાતનાં છે તો પણ તેમાં નીચેનાં મુખ્ય છેઃ-

Particles of dust—ધુળની રજકણો-ધુળના બારીક રજકણો બહુજ નુકશાનકારક છે અને અનેક વ્યાધિઓને ઉત્પન્ન કરનારા છે એવો ખ્યાલ હજુ જનસમાજના મનમાં બરોબર આવેલ નથી તેથી ઘણાં મનુષ્યો તેને માટે બહુજ બેદરકાર રહેતાં જોવામાં આવે છે, પણ શોધખોળના પરિણામે અનુભવમાં આવ્યું છે કે દરેક જાતની ધુળના રજકણો પછી તે ધુળ ઘરની અંદરની હોય, બહાર જાહેર રસ્તા પરની હોય કે પછી કોઇ કોઇ કારખાનાની અંદરની હોય તો પણ તે દરેક જાતની ધુળના રજકણો ઓછા વધતાં પ્રમાણમાં અનેક જાતના વિષમ વ્યાધિઓને ઉત્પન્ન કરનારાં છે. ધુળમાં અનેક જાતના સેન્દ્રિય તેમજ નિરિન્દ્રીય ઝેરી પદાર્થો હોવાનો સંભવ છે તેમજ અનેક જાતના ઝેરી રોગજંતુઓ Bacteria પણ હોવાનો સંભવ છે અને તેવી ધુળના બારીક અને સુક્ષ્મ રજકણો બેદરકારીથી શ્વાસવાટે ફેફસાં અગર નળીકામાં જવા પામે તો દમીયલ સ્થિતિ પ્રાપ્ત થએલા મનુષ્યોને વખતો વખત દમના હુમલાઓ જણાઈ આવવાનું કારણ મળે છે. ધુળના રજકણો ફેફસાં અગર શ્વાસનળીકામાં જઇ ત્યાં આગળની મૃદુત્વચામાં ચોંટી જઇ એવી જાતનો ક્ષોભ Irritation કરે છે કે જેના પરિણામે દમ લાગુ થયેલ દરદીને દમનો હુમલો જણાઇ આવે છે. આ ઉપરથી સમજવાનું કે દમવાળા દરદીઓએ ધુળની પુરતી કાળજી રાખવી. ઘરમાં સાફસુફ થતી વખતે ખ્યાલ રાખવો તથા રસ્તાપર હાલતાં ચાલતાં પણ ધુળના રજકણોથી જેમ બને તેમ બચવા યત્ન રાખવો.

Smoke and Vapours of Various kinds—દરેક જાતના ધુમાડા તથા ઝેરી ગૅસો-ધુળના રજકણોની પેઠે ધુમાડો પણ દમના દરદીને નુકશાનકારક છે અને તેમાં પણ ઍસિડ વીગેરેનો ઉગ્ર ધુમાડો તેમજ મોટા કારખાનાનો ધુમાડો બહુજ ઉપદ્રવકર્તા છે, માટે તેવો ધુમાડો શ્વાસમાં જવા ન પામે તેની દરદીએ પુરતી કાળજી રાખવી, કારણકે ઘણીવાર તેવો ધુમાડો શ્વાસમાં જવાથી દરદીને તરત દમનો હુમલો જણાઈ આવે છે. દમના દરદીને ઉપર પ્રમાણે ઉગ્ર ધુમાડો નુકશાનકારક છે એટલુંજ નહીં પણ ઘરની સાધારણ રસોઇનો ધુમાડો પણ થોડોઘણો નુકશાનકારક છે માટે દરદીએ દરેક જાતના ધુમાડાથી બચવા યત્ન રાખવો.

Strong odours—કેટલાક પ્રકારની ઉગ્ર ગંધો-દમના દરદીઓ પૈકી કોઇ કોઈ દરદીને કેટલાક પ્રકારની ગંધો પણ પ્રતિકુળ હોય છે. એટલે કે કેટલાક ઉગ્ર ગંધવાળા પદાર્થોની ગંધથી પણ દરદીને દમના હુમલાઓ જણાઇ આવે છે અને તે એટલે સુધી કે ગુલાબના ફુલ અગર અત્તર જેવી બહુજ પ્રિય ગંધ પણ કોઇ કોઇ વ્યક્તિને પ્રતિકુળ હોવાના દાખલાઓ નોંધાયા છે. માટે દમના દરદીએ દરેક જાતની ઉગ્ર ગંધનો ખ્યાલ રાખવો અને ખાસ કરીને ઉગ્ર ગંધવાળા પદાર્થોની તેમજ જાનવરોના તબેલા અગર રહેઠાણની તેમજ તેમના મળમુત્ર વિગેરેની ગંધનો ખ્યાલ રાખવો કારણ કે તેવી ઉગ્ર ગંધથી ઘણીવાર દમના દરદીઓને દમના હુમલાઓ જણાઇ આવવા સંભવ છે.

Sensitization to foreign Proteins.—અમુક અમુક જાતના વિજાતીય પદાર્થોના પ્રોટીન તત્વોની અસહિષ્ણુતા અગર પ્રતિકુળતા-દમનો રોગ ઘણોજ વિષમ અને વિચિત્ર છે. કેટલીકવાર તેનું નિદાન કરવામાં તથા તેનું ખાસ કારણ શોધવામાં

ભલભલા વૈદ્ય તથા દાક્તરોની મતિ મુંઝાવી નાંખે છે. ઘણીવાર દમનો દરદી રાત્રીએ સાજો સારો સુતો હોય છે અગર દીવસે પોતાના કામકાજમાં હરતો ફરતો હોય છે તેવામાં તેને એકાએક દમનો હુમલો જણાઇ આવે છે એટલે કે જેમ શીળસના દરદીને એકાએક ઓચીંતુ શીળસ જણાઇ આવે છે તેમજ વાઇ અને હીસ્ટીરીયાના દરદીને વાઈ તથા હીસ્ટીરીયાના હુમલાઓ જણાઇ આવે છે તેવીજ રીતે દમના દરદીને થોડા ઘણા પુર્વ રૂપના ચિન્હો જણાયા બાદ એકદમ દમનો હુમલો જણાઇ આવે છે. આ પ્રમાણે વસ્તુ-સ્થિતિ હોવાથી એટલે કે દમનો હુમલો એકદમ જણાઇ આવતો હોવાથી આ પ્રમાણે બન-વાનું ખાસ કારણ શોધી કાઢવા વિદ્વાનો પોતાથી બનતું કરતા હતા પણ આજદીન સુધી તેઓ એકે નિર્ણય કરી શકતા નહોતા, પણ હમણાં હમણાં વિદ્વાનોની શોધખોળના પરિ-ણામે માલમ પડયું છે કે અમુક અમુક ખાવાપીવામાં આવતી ચીજોના તેમજ ગ્રામ્ય પશુ પક્ષીઓ પૈકી અમુક અમુક પશુપક્ષીઓના પ્રોટીન તત્વો અમુક અમુક મનુષ્યોને પ્રતિકુળ હોય છે એટલે કે અમુક હદ કરતાં વધારે તે તત્વોનો યોગ થવા પામે તો દમીયલ સ્થિતિ પ્રાપ્ત થયેલા દરદીને દમનો હુમલો જણાઈ આવે છે. પ્રોટીન એ એક જાતનું તત્વ છે અને તે દરેક સેન્દ્રિય ચીજોમાં હોવા સંભવ છે. આ વિષય હાલમાં બહુ ચર્ચાય છે અને તેની શોધખોળ પણ ચાલુ છે અને તેમાં તેઓ કેટલેક દરજ્જે ફળીભુત થયા છે એટલે કે અમુક દમના દરદીને કોઇ ચીજ પ્રતિકુળ હોવી જોઇએ તેનો ચામડી વાટે અમુક અમુક જાતના પ્રોટીન તત્વો દાખલ કરી નિર્ણય કરી શકયા છે. ચાંમડી વાટે તે પ્રોટીન તત્વ દાખલ કરવાથી ચામડીપર તેની અસર જણાઈ આવે છે અને તે પરથી તેઓ કહી આપે છે કે દરદીને અમુક જાતનું પ્રોટીન પ્રતિકુળ છે અને દમનો હુમલો થઇ આવવાનું પણ આજ કારણ છે. આ પ્રમાણે અમુક અમુક ચીજ દરદીને પ્રતિકુળ છે એમ કહી શકે છે એટલુંજ નહી પણ ચિકિત્સાની બાબતમાં પણ તે પ્રોટીન તત્વના પરમાણુંઓ સુક્ષ્મ પ્રમાણમાં ચામડીવાટે દાખલ કરી તેની સહિષ્ણુંતા કરી શકે છે અને દમના વ્યાધિમાં ફાયદો કરી શકે છે.

Various sorts of proteins liable to excite Asthmatic Paroxyms.

Animals—જાનવરો–દમના દરદીઓ પૈકી કેટલાક દરદીઓ એવા જોવામાં આવે છે કે તેઓને ગ્રામ્ય પશુપક્ષીઓ જેવા કે ઘોડો, બીલાડી, કુતરો તથા પોપટ વીગેરે જાન-વરોના પ્રોટીન તત્વની અસહિષ્ણુતા હોય છે એટલે કે જો તેઓને ઘોડો, બીલાડી, અગર કુતરો વીગેરે પૈકી જેની અસહિષ્ણુંતા હોય તે પૈકી કોઈની સમીપમાં જવામાં આવે અગરતો તેના શરીરની અગરતો તેના વાળની ગંધ લેવામાં આવે અગરતો તેના મળમુત્રનો સ્પર્શ કરવામાં આવે અગરતો તેની ગંધ લેવામાં આવે તો તેવા મનુષ્યોને દમનો હુમલો જણાઈ આવે છે. આ પ્રમાણે દમનો હુમલો જણાઇ આવવાનું કારણ દરદીના ખ્યાલમાં હોતું નથી તેમજ વૈદ દાકતરોને પણ પુરતી તપાસ કર્યા વીના ખ્યાલ પણ આવતો નથી, પણ બારી-કીથી તપાસ કરતાં માલમ પડે છે કે જયારે જયારે દરદીઓને જે પ્રાણીના પ્રોટીન તત્વની અસહિષ્ણુંતા હોય તે પ્રાણીઓનો સંસર્ગ થવા પામતો હોય છે ત્યારે ત્યારે તેઓને દમનો હુમલો જણાઈ આવતો હોય છે, માટે દમના કારણોની તપાસ કરતાં આ બાબતનો ખ્યાલ રાખવો જોઇએ. આ પ્રમાણે ઘોડો, બીલાડી, તથા કુતરાના સંસર્ગથી દમનો હુમલો થઇ આવવાના ઘણા દાખલાઓ અનુભવસિદ્ધ બતાવી આપ્યા છે. તે શીવાય એવા

પણ દાખલાઓ જોવામાં આવ્યા છે કે કોઇ કોઇ દરદીને મનુષ્યોના વાળની ગંધ લેવામાં આવતાં તેઓને દમનો હુમલો જણાઇ આવે છે, માટે આ વાતનો પણ વીચાર કરી જોવો.

Food=ખોરાક—આપણાં ખોરાકમા આવતી કેટલીક ચીજોના પ્રોટીન તત્વો પણ અમુક અમુક મનુષ્યોને પ્રતિકુળ હોવાનો સંભવ છે એટલુંજ નહી પણ તેવા પદાર્થોનો ખાવા પીવામાં અગર બીજી રીતે ઉપયોગ થવામાં આવવાથી દમનો હુમલો થઇ આવવાના દાખલાઓ પણ વિદ્વાન દાક્તરોએ સાબીત કરી આપ્યા છે. આ પ્રમાણે ખાવા પીવાની ચીજોથી દમ ઉપડી આવવાનું આપણને પ્રથમ દ્રષ્ટીએ અજાયબ જેવું લાગશે પણ ઉંડા ઉતરી વીચાર કરશું તો આપણને તેમાં કાઇ સાર જણાશે. કારણકે આપણે શીળસના Urticaria વ્યાધિથી પીડાતા દરદીના મોઢેથી ઘણીવાર સાંભળીયે છીએ કે જયારે જયારે હું અમુક પદાર્થ વાપરૂં છું ત્યારે ત્યારે મને શીળસ ઉપડી આવે છે. આપણા ખોરાક માંહેની ચીજો જેવી કે ઘઉ, બાજરો, જવ, દુધ, દહીં, છાશ, ઘી, ખાંડ તથા મધ વીગેરે પદાર્થો તેમજ બટાટા, ટમેટા, શકરીયા, તથા ગાજર વીગેરે શાકભાજીઓ તેમજ માંસાહારીઓને ઇંડા, માંછલા તથા ભિન્ન ભિન્ન પ્રકારના માંસો વીગેરે પૈકી અમુક અમુક પદાર્થોની અસહિષ્ણુતા અમુક અમુક મનુષ્યોને હોય છે, એટલે કે જયારે જયારે તેવા પદાર્થો લેવામાં આવે છે ત્યારે તે મનુષ્યોને દમનો હુમલો જણાઇ આવે છે એમ વિદ્વાનોએ સિદ્ધ કરી આપ્યું છે; માટે એકાએક દમનો હુમલો થઈ આવવાના કારણો તપાસતાં દરદીના ખોરાકનો પણ પુરતો ખ્યાલ રાખવો જોઈએ અને કઇ ચીજ પ્રતિકુળ છે અને કઇ વસ્તુ લેવામાં આવતાં તેને દમ ઉપડી આવે છે તે શોધી કાઢવું જોઇએ, કારણકે તે શોધી કાઢવામાં આવે અને તેથી દરદીને દુર રાખવામાં આવે તો તેને દમ ઉપડતો નથી. આપણી ખાવાની ચીજો અનેક છે અને તે માંહેની કેટલીક ચીજો તો આપણે સાધારણ રીતે હમેશાં વાપરતા હોઇએ છીએ તે પરથી એમ નહી માની લેવું કે અમુક અમુક ચીજોથી નુકશાન થાય નહી, કારણકે વિદ્વાનોએ અનુભવપુર્વક સાબીત કર્યું છે કે દુધ, છાશ, દહીં, કઠોળ, અને ઇંડા તથા માછલી જેવી હંમેશ વપરાતી ચીજો પણ અમુક અમુક વ્યક્તિને પ્રતિકુળ હોવા સંભવ છે એટલે કે જયારે જયારે તે વસ્તુઓ લેવામાં આવે છે ત્યારે ત્યારે તેવા દરદીઓને દમનો હુમલો જણાઈ આવે છે. માટે દમ ઉપડે ત્યારે ખાસ નજીકના ઉત્પાદક કારણોનો તપાસ કરતાં ખોરાકનો પણ બારીક તપાસ કરવો.

Dust=ધુળ=અમુક પ્રકારની ધુળના રજકણો પણ અમુક અમુક વ્યકિતને પ્રતિકુળ હોય છે એટવે કે જયારે જયારે તેવા દરદીઓને તેવી ધુળમાં જવાનું થવામાં આવે ત્યારે ત્યારે તેમને દમનો હુમલો જણાઇ આવતો હોય છે. માટે દમ ઉપડવાના કારણો તપાસતાં તેનો પણ ખ્યાલ રાખવો.

Pollen=પુંકેસર=અમુક અમુક જાતના ફળફૂલના પુંકેસરો પણ અમુક અમુક વ્યકિતને પ્રતિકુળ હોય છે એટલે કે જયારે તેવા પુંકેસરનો સ્પર્શ થવામાં આવે તો અગર તેના રજકણો શ્વાસમાં લેવામાં આવે તો તેવા દરદીને દમનો હુમલો જણાઈ આવે છે માટે તેનો પણ ખ્યાલ રાખવો.

Bacteria=રોગજંતુઓ=અમુક અમુક જાતના રોગજંતુઓ પણ અમુક અમુક વ્યકિતઓને દમ ઉપડવાનું કારણરૂપ હોવા સંભવ છે માટે તેનો પણ ખ્યાલ રાખવો.

Sudden change of Climate=રૂતુઓનો એકાએક ફેરફાર—રૂતુઓનો એકાએક ફેરફાર પણ દમ ઉપડવાનું એક નજીકનું કારણ કોઇ કોઇ કેસમાં હોવાનો

સંભવ છે. જેઓને ઉપર કહેલા વિપ્રકૃષ્ટ કારણોથી દમીયલ સ્થિતિ પ્રાપ્ત થવા પામી હોય તેવા દરદીઓને રૂતુઓના એકાએક ફેરફારથી દમનો હુમલો જણાઈ આવવા સંભવ છે. એકદમ ગરમી પડતી હોય તેવામાં એકદમ શરદી અગર ચોમાસા જેવું અગર માવઠાં જેવું થઈ આવે તો તેવા દરદીની તબીયતમાં એકાએક ફેરફાર થઇ આવી તેવા દરદીઓને દમનો રોગ જણાઇ આવવા સંભવ છે. માટે દમનું કારણ તપાસતાં આ બાબતનો પણ ખ્યાલ રાખવો.

Mental Emotion=માનસિક વિચારો—એકાએક ક્રોધ થઇ આવવો, તથા એકાએક કોઇ પણ જાતની નાઉમેદી, નિરાશા, બ્હીક તથા ગભરામણ વીગેરે કારણોથી પણ કોઇ કોઇ દમીયલ પ્રકૃતિવાળા મનુષ્યોને દમનો હુમલો જણાઇ આવે છે. કોઇ કોઇ દરદીને બહુ હર્ષ થવાથી તેમજ એકદમ બહુજ હસવાથી પણ દમનો હુમલો ચડી આવવાના પણ દાખલાઓ નોંધાયા છે. ઉપરના માનસિક વિકારોથી મજ્જાતંતુઓ ઉશ્કેરાઇ જઇ કોઇ કોઇ દરદીઓને દમ ઉપડવાનું કારણ થઈ પડવા સંભવ છે. માટે દમનું કારણ તપાસતાં આ બાબતનો પણ ખ્યાલ રાખવો.

Reflex Exciting causes of Asthma—દમના પ્રતિક્ષેપિક નજીકના ઉત્પાદક કારણો—દમના પ્રતિક્ષેપિક કારણો જોકે અનેક છે તો પણ તે પૈકી નીચેના કારણો મુખ્ય છે. કેટલાક દરદીને સખત અજીર્ણ એકદમ ઉપડી આવવાનું કારણ હોય છે એટલે સખત અજીર્ણના લીધે દરદીના પેટમાં વાયુનું જોર થઇ આવ્યું હોય, પેટમાં આફરો જણાતો હોય તેમજ પેટમાં ચુંક અગર વાઢ જેવું જણાતું હોય ત્યારે તેની અસરથી દમનો હુમલો જણાઇ આવે છે.

બીજું કેટલીકવાર દરદી રાત્રીએ પેટ ઠાંસીને જમીને સુતો હોય તેવા દરદીઓને પણ કોઈ કોઇ વાર દમનો હુમલો જણાઇ આવે છે. માટે દમના દરદીએ બનતાં સુધી રાત્રીએ ભારે ખોરાક લેવો નહી તેમજ ખાઇને તરત સુઇ જવું નહી પણ સુતા પહેલાં બે ત્રણ કલાક અગાઉ જમી લેવું જોઇએ. કેટલીકવાર પેટમાં કૃમીનું જોર થવાથી પણ દમનો હુમલો જણાઈ આવે છે માટે તે બાબતનો પણ ખ્યાલ રાખવો.

બીજું સ્ત્રીઓને ગર્ભાશયની તેમજ આર્તવની વિકૃતિ સાથે પણ દમના વ્યાધિને કાંઇક સંબંધ હોય તેમ જણાય છે. સ્ત્રીને ગર્ભાશયની કાંઇ પણ વિકૃતિ જણાતી હોય તેની અસરથી ઘણીવાર સ્ત્રીઓને દમ જેવું જણાઇ આવે છે. તે શીવાય સ્ત્રીઓને રૂતુ બંધ થવાના સમયે Menopause પણ કેટલીકવાર દમનો હુમલો જણાઇ આવતો જોવામાં આવે છે. તે શીવાય કોઈ કોઇ જુવાન કન્યાઓને રૂતુ આવવાના બે ત્રણ દીવસ અગાઉ દમ જેવું જણાઇ આવે છે અને રૂતુ દેખાયા પછી બંધ થઇ આવે છે. સગર્ભાવસ્થામાં પણ ઘણીવાર કોઈ કોઇ સ્ત્રીને દમના હુમલાઓ વખતોવખત જણાઈ આવે છે.

શીળસ અને ખરજવાં જેવા ચામડીના વ્યાધિઓ અને દમને કાંઇક સંબંધ હોય તેવું

જણાય છે એટલે લાંબા વખતના અને હઠીલા શીળસ તથા ખરજવાં વાળા દરદીને, ઘણી વખત દમ જેવું જણાઇ આવે છે. કોઇ કોઈ દરદીને શીળસ અને ખરજવું એકદમ દેખાઈ જઇ દરદીને દમ જણાઇ આવે છે અને પાછળથી જ્યારે ફરીથી શીળસ અગર ખરજવું દેખાઇ આવે ત્યારે પાછો દમ શાંત પડી જાય છે.

Varieties or Types of Asthma–દમ અગર શ્વાસરોગના પ્રકારો– અંગ્રેજી વૈદક શાસ્ત્રમાં આજદીન સુધી દમ અગર શ્વાસરોગના મુખ્ય બેજ પ્રકારો માનવામાં આવતા હતા એટલે કે ૧. Spasmodic Asthma સ્પેસમોડીક ઍસ્થમા, અને ૨. બીજો Bronchial Asthma બ્રોન્કાઇયલ ઍસ્થમા, પણ હાલમાં દમ થવાના ખાસ ઉત્પાદક તેમજ સહાયકારી કારણો પરત્વે વિદ્વાનોએ દમના બીજા કેટલાક પ્રકારો પાડેલા છે. જોકે ઉપર કહ્યા પ્રમાણે વિદ્વાનોએ દમના બીજા કેટલાક પ્રકારો કહેલા છે તો પણ તે સર્વે પ્રકારો ઉપરના મુખ્ય બે પ્રકારો પૈકી એક પ્રકારમાં સમાવેશ થઈ જાય છે એટલે કે તે બે પ્રકારોજ મુખ્ય છે.

Spasmodic Asthma–સ્પેસમૉડીક એટલે આંકડી યુકત ખરો દમ અગર શ્વાસરોગ—દમ અગર શ્વાસરોગનો આ એક મુખ્ય પ્રકાર છે અને આવી જાતનો દમ અગર શ્વાસ રોગ એ ખરેખરો દમનો વ્યાધિ ગણાય છે. આ પ્રકારના દમમાં દરદી થોડા વખતપર સાજો સારો સુતો અને હરતો ફરતો હોય છે તેમજ તેનાં ફેફસાં અગર શ્વાસનળીકામાં કોઇ જાતની તાત્કાલિક અડચણ હોતી નથી તેમજ રાત્રીએ દરદી સાજો સારો સુતો હોય છે તેવામાં એકાએક દીવસ અગર તો મોટા ભાગે રાત્રીના પાછલા ભાગમાં દરદીને દમનો હુમલો જણાઇ આવે છે. આવા પ્રકારના દમમાં દરદીના ફેફસાં અગર શ્વાસ નળીકાની મૃદુત્વચા એવા વિચિત્ર પ્રકારની થઇ ગયેલી હોય છે કે તેમાં અગાઉ કહેલા ઉત્તેજક કારણો પૈકી એકાદ કારણનો યોગ થવા પામે અગર કોઇ પણ જાતની માનસિક વિકૃતિ એટલે કોઇ પણ જાતની ઉગ્ર ચિન્તા, ભય, ત્રાસ, અગર ગ્લાની થઇ આવે અગર કોઇ પણ કારણથી ક્રોધ ચડી આવે તો તેની અસરથી દમનો હુમલો જણાઇ આવે છે. કોઇ કોઇ વાર સાધારણ અગર નજીવા કારણો જેવાં કે સખ્ત પ્રકારનો પ્રકાશ જોવામાં આવે અગર તો વીજળીનો ચમકારો જોવામાં આવે અગર કોઇ જાતની ઉગ્ર ગંધ લેવામાં આવે અગર તો બહુ ઠંડા પાણીનો સ્પર્શ થવા પામે તો તેટલા કારણથી પણ કોઇ કોઇને દમનો હુમલો જણાઇ આવે છે એટલે કે વાત પ્રકૃતિનો મનુષ્ય હોય અને જેને અગાઉ કહેલા કારણોથી દમનો રોગ લાગુ થયેલ હોય તો પછી તેને જરા પણ ઉત્તેજક કારણ મળતાં દમનો હુમલો જણાઈ આવે છે. આ પ્રકારનો દમ, આધાશીશી, ન્યુરેલજીયા, હીસ્ટીરીયા તથા વાઇની પેઠે એકાએક જણાઈ આવે છે એટલે કે પુર્વરૂપના વધારે ચિન્હો જણાયા સીવાય મોટા ભાગે દરદીને જણાઇ આવતો જોવામાં આવે છે.

આ પ્રકારનો દમનો હુમલો અમુક વખત એટલે ચારથી આઠ અગર બાર કલાક અગર તેથી ઓછો વધતો વખત રહી એકાએક અગર આસ્તે આસ્તે શાંત પડે છે અને

ત્યારબાદ તેની વધારે અસર શરીરમાં રહેતી નથી પણ માત્ર થોડો વખત નબળાઈ જણાય છે, પણ થોડા વખત બાદ દરદી પોતાના નિયમિત કામકાજે વળગી જાય છે.

Catarrhal or Bronchial Asthma—કેટેરલ અગર બ્રોન્કાઇયલ-એસ્થમા—આ પ્રકારનો દમનો રોગ પણ એક સાધારણ અને મુખ્ય છે. આ પ્રકારમાં દરદીને આગળ પાછળ થોડી ઘણી શરદી, સસણી અગર ખાંસી જેવું જણાતું હોય છે અગર તો પુર્વરૂપ તરીકે થોડું ઘણું જણાઈ આવે છે. તેમજ આવા દરદીની શ્વાસનળીકાની મૃદુત્વચા અગર શ્લેષ્માવરણ પણ થોડું ઘણું હમેશાં ક્ષોભ Irritated તથા સોજા યુક્ત રહેલું હોય છે અને તે પ્રમાણેની સ્થિતિમાં જરા પણ ઉત્તેજક કારણ મળતાં દમનો હુમલો જણાઇ આવે છે. આવા દરદીનો દેખાવજ દમીયલ જેવો હોય છે. આ પ્રકારના દમનો હુમલો એકાએક કમી નહીં પડતાં આસ્તે આસ્તે કમી પડે છે એટલે કે જેમ જેમ કફ છુટતો જાય તેમ તેમ શાંત પડતો આવે છે. આ પ્રકારનો હુમલો શાંત પડયા પછી પણ એકાદ દીવસ તેની થોડી ઘણી અસર જણાય છે. આ પ્રકારનો દમ ઘણું કરીને રાત્રીના પાછલા ભાગમાંજ ઉપડી આવે છે એટલે કે ઉંઘમાં ફેફસાં અને શ્વાસનળીકામાં કફનો ભરાવો થઈ આવી દમના હુમલા જેવું જણાઇ આવે છે.

ઉપર કહ્યા પ્રમાણે શ્વાસરોગના જો કે બે મુખ્ય પ્રકારો છે તો પણ પરિણામે તે બન્ને એકજ સ્વરૂપ ધારણ કરે છે. અને તફાવત માત્ર એટલો જ છે કે Bronchial Asthma is named from its seat, while spasmodic Asthma is named from its nature. એટલે કે બ્રોન્કાઈલ એસ્થમા એ નામ વ્યાધિના ખાસ સ્થળ પરત્વે પડયું છે. જ્યારે સ્પેસમૅાડીક એસ્થમા એ વ્યાધિના સ્વરૂપ પ્રમાણે પડયું છે.

બીજા કેટલાક પરચુરણ પ્રકારો—ઉપરના બે મુખ્ય પ્રકારો સીવાય વિદ્વાનોએ કારણ તેમજ સ્થાન પરત્વે દમના બીજા કેટલાક નીચે પ્રમાણે પ્રકારો કહેલા છે:—

Nasal Asthma =નેઝલ એસ્થમા—આ પ્રકારના દમમાં ખાસ કરીને નાકની કાંઇક વિકૃતિ હોય છે. મોટા ભાગે નાકમાં એડાનોઇડસ. Adenoids નો વ્યાધિ અગર તો નાકમાં મસાનો વ્યાધિ હોય છે. તે શીવાય જે દરદીઓને વખતોવખત શરદી અગર સળેખમ થઇ આવતું હોય અને તેના લીધે નાકની અંદરની મૃદુત્વચા હમેશાં ક્ષોભ યુક્ત રહેવા પામતી હોય તેમને પણ આ પ્રકારનો દમનો રોગ થઇ આવવા સંભવ છે.

Peptic Asthma=પેપ્ટીક એસ્થમા—આ પ્રકારના દમનું મુળ કારણ હોજરી અગર આંતરડામાં હોય છે એટલે કે દરદીને અજીર્ણ, અગ્નિમાંદ્યતા, તથા મળાવરોધ વીગેરે થોડા ઘણા પ્રમાણમાં હમેશાં જણાતાં હોય છે અને તેમાં જ્યારે કોઈ પણ કારણથી વિશેષતા થવા પામે એટલે અજીર્ણ થઇ આવે અગર સખ્ત મળાવરોધ થઇ આવે ત્યારે બીજા ઉત્પાદક કારણોનો યોગ થતાં એકાએક દમનો હુમલો થઇ આવે છે. જે દરદીઓ અકરાંતીયા થઈને રાત્રીએ વધારે પ્રમાણમાં પેટ ઠાંસીને જમતા હોય તો તેઓને જે દીવસે તે પ્રમાણે જમાણું હોય અગર દીવસે ભારે, દુર્જર અને વધારે ગળપણયુક્ત ખોરાક લેવાણો

હોય તે દીવસે ઘણું કરીને દમનો હુમલો જણાઇ આવે છે. આવા દરદીને જ્યારે જ્યારે પેટનો દુઃખાવો, આફરો, ચુંક કે વાઢ જેવું જણાઈ આવે તે દીવસે ઘણું કરીને દમનો હુમલો જણાઈ આવે છે. તેવીજ રીતે જે દીવસે મળાવરોધના લીધે આંતરડાં ભરેલાં હોય તે દીવસે પણ દમનો હુમલો જણાઈ આવવાની ધાસ્તિ રહે છે.

Cardiac Asthma=કાર્ડીયાક એસ્થમા—આ પ્રકારમાં દરદીને હૃદયની કાંઈ પણ વિકૃતિ હોય છે અને તેના લીધે સેજસાજ મહેનત કરતાં દરદીને છાતીનો ધપકારો ઉપડી આવે છે. આવા દરદીઓને સેજસાજ વધારે પ્રમાણમાં શારીરિક પરિશ્રમ પડી આવે અને તેમાં બીજાં કારણોનો જરા પણ યોગ થવા પામે કે તરતજ દમનો હુમલો જણાઇ આવે છે. આવા દરદીઓને છાતીનો ધપકારો અવારનવાર વધી આવતો હોય છે તેમજ છાતીના ભાગમાં સેજસાજ દુઃખાવો પણ અવારનવાર જણાઈ આવતો હોય છે.

The Menstrual Asthma—ધી મૅનસ્ટ્રુઅલ એસ્થમા—આ પ્રકારનો દમ ઘણું કરીને સ્ત્રીઓનેજ જણાય છે. આવા કારણથી લાગુ થયેલ દમવાળી સ્ત્રીઓને રૂતુ દેખાણા અગાઉ ચાર પાંચ દીવસે અગર રૂતુ દેખાયા બાદ તે દરમ્યાન કોઇ કોઇ સ્ત્રીઓને નિયમિત દમનો હુમલો જણાંઈ આવે છે. કેટલીક આધેડ ઉમરની સ્ત્રીઓને ઋતુ બંધ થવાના Menopause વખતે દમનો રોગ શરૂ થઇ આવતો પણ જોવામાં આવે છે. એટલે કહેવાની મતલબ એટલી જ કે ઋતુધર્મને પણ આ વ્યાધિને કાંઇક સંબંધ હોય તેમ માનવાનું કારણ મળે છે.

The pregnancy Asthma=સગર્ભાવસ્થાનો દમ—કેટલીક સ્ત્રીઓને સગર્ભાવસ્થામાં દમની બીમારી જણાઈ આવે છે અને ગર્ભાવસ્થા પુરી થયેથી સુવાવડ આવી ગયા બાદ કુદરતી રીતે દમ શાંત પડી જાય છે. સામાન્ય રીતે સગર્ભાવસ્થામાં દમનો રોગ લાગુ થવાનો સંભવ વધારે છે તોપણ કોઇ કોઇ વાર એવું પણ જોવામાં આવે છે કે જે સ્ત્રીને દમનો રોગ હોય તે સ્ત્રીને ગર્ભાવસ્થા પ્રાપ્ત થતાં તેટલો વખત દમનો રોગ તદ્દન દબાઇ જતો જોવામાં આવે છે.

The Locality type Asthma=ધી લૉકેલીટી ટાઇપ એસ્થમા–દમનો વ્યાધિ એવો તો અજાયબ છે કે તેનું પુરૂં કારણ શોધતાં ઘણીજ મુશ્કેલી પડે છે. સામાન્ય રીતે સારી સ્વચ્છ અને ખુલ્લી હવા અને સ્થળ એ દરેક જાતના રોગીને અનુકૂળ હોવા સંભવ છે પણ દમના વ્યાધિ માટે તેવો નિયમ નથી એટલે કોઇ કોઈ દરદીને સારી અને સ્વચ્છ હવાવાળા પ્રદેશમાં જતાં ઉલટો દમનો રોગ વધારે જણાય છે; જ્યારે તેથી ઉલટું બહુ ગીચ વસતિવાળા અને ચારે તરફથી ધુળ અને ધુમાડા યુકત મોટાં શહેરોમાં રહેવાથી તેમને ઠીક પડે છે. આ પ્રમાણે કોઈ કોઇ દરદીને અમુક અમુક સ્થળોજ માફક હોય છે અને તે સીવાયનાં બીજાં ગમે તેવાં ઉત્તમ સ્થળો માફક આવતાં નથી; એટલુંજ નહીં પણ એકજ ગામમાં અમુક ઠેકાણે ઠીક જણાય છે અને તે શીવાય બીજા ઠેકાણે જતાં તબીયત બગડી આવે છે. કોઇ કોઈ વાર તો એક ઓરડામાંથી બીજા ઓરડામાં રહેવાનું રાખતાં પણ દરદીની તબીયતમાં ફેર પડી આવે છે.

દમ અગર શ્વાસરોગના બીજા કેટલાક પ્રકારો—ઉપર ગણાવેલા દમ અગર શ્વાસરોગના મુખ્ય અને મોટા પ્રકારો છે તેમ છતાં વિદ્વાનોએ દમ રોગની કેટલીક સ્થાનિક વિકૃતિને લીધે તેમજ બીજાં કેટલાંક કારણોને લીધે બીજા કેટલાક પરચુરણ પ્રકારો પણ પાડેલા છેઃ-જેવા કે-The occupational asthma-એટલે કે ખાસ ધંધાને લીધે થઇ આવતો દમનો રોગ, The periodic asthma એટલે કે અમુક ચોક્કસ વખતે ઉપડી આવતો દમનો રોગ, Renal or Uraimic asthma પીસાબ તથા મૂત્રપીંડની કોઇ પણ વિકૃતિને લીધે જણાઇ આવતો દમનો રોગ, The Hay asthma, ધી હે એસ્થમા વિગેરે.

Symptoms of Asthma દમ અગર શ્વાસરોગનાં લક્ષણો—પૂર્વરૂપ. મોટા ભાગે જોકે દમનો હુમલો ઘણાં મનુષ્યોને એકાએક અને ઓચિંતો જણાઈ આવે છે તોપણ કોઇ કોઇ દરદીને તેના પૂર્વરૂપ તરીકે થોડા ઘણા લક્ષણો જણાય છે અને તેટલા પરથી દરદી સમજી શકે છે કે આજરોજ તેને દમ ચડી આવશે.

પૂર્વરૂપમાં કોઇ કોઇ દરદીને પેટમાં પવનયુક્ત સેજસાજ અજીર્ણ જેવું જણાય છે. કોઇ કોઇને સુસ્તી, બેચેની, માથાનો દુખાવો તથા સેજસાજ ઘેનજેવું જણાય છે એટલે કે વધારે ઉંઘ આવતી હોય તેમ તેમ જણાય છે. કેટલાકને પુષ્કળ પીશાબ થઇ આવે છે. કેટલાકને શરદી અને સળેખમ જેવું થઈ આવે છે, કેટલાકને સાધારણ ખાંસી જેવું જણાય છે, કેટલાકને ગળાંના કાકડામાં જરા બેચેની તથા સોજા જેવું જણાય છે. કેટલાકના સ્વભાવમાં જરા ફેર પડી આવે છે, કેટલાકના હોઠ જરા સુજી આવે છે અને કેટલાકને થોડીઘણી છાતીની ભીંસ જવું જણાય છે.

ઉપરનાં લક્ષણો પૈકી એકાદ લક્ષણ દરદીને જે દીવસે દમ ઉપડવાનો હોય તે દીવસે જણાય છે અને તેથી દરદી જાણી શકે છે કે આજ તેને દમ ચડશે. તે સીવાય જે દીવસે દરદીએ વધારે પ્રમાણમાં અને ભારે ખોરાક લીધો હોય તેમજ જે દીવસે દસ્તની કબજીયત હોઇ આંતરડુ મળથી ભરેલું હોય તે દીવસે પણ દમ ચડી આવવાની ધાસ્તિ રહે છે.

Symptoms—લક્ષણો—દરદી રાત્રીએ સાજો સારો સુતેલો હોય છે તેવામાં મોટાભાગે પાછલી રાત્રીએ એટલે કે રાત્રીના આશરે બેથી ચાર વાગ્યાની અંદર દરદી એકદમ શ્વાસની મુંઝવણ થવાને લીધે જાગી ઉઠે છે. શરૂઆતમાં દરદીને છાતીનો ભીંસાવો અગર મુંઝવણ જેવું જણાય છે અને શ્વાસ લેવામાં અડચણ પડે છે અને તેથી દરદી બેબાકળો જેવો એકદમ જાગી ઉઠે છે. દરદી જાગી ઉઠયા બાદ જેમ જેમ વખત જાય છે તેમ તેમ દમનું જોર વધતું જાય છે. આ વખતે જાણે દરદીની છાતી જકડી લીધી હોય અગર બાંધી લીધી હોય તેમ જણાય છે અને તેના લીધે ફેફસાંમાં જેટલી હવા જોઇએ તેટલી જઈ શકતી નથી; તેમજ જે હવા બહાર નીકળી જવી જોઇએ તે બહાર પણ નીકળી શકતી નથી એટલે કે શ્વાસનળીકાના સ્નાયુઓનો સંકોચ થવાને લીધે હવાની આવજા થઇ શકતી નથી. ફેફસામાં જેટલી હવા જવી જોઇએ તેટલી હવા જઈ નહીં શકવાથી દરદીને મોટા જોરથી વારંવાર શ્વાસ મુશ્કેલીથી લેવો પડે છે અને તેથી જાણે ધમણ ચાલતી હોય તેમ દરદીની છાતીનો દેખાવ થઈ જાય છે.

ઉપરા ઉપરી અને મુશ્કેલીથી દમ ચાલતો હોવાથી દરદી હરીફરી કે બોલીચાલી

શકતો નથી. તેમ કોઇ કાંઇ પુછે તો તેનો જવાબ પણ આપી શકતો નથી પણ આંખોના ડોળા ફેરવતો દયામણી સ્થિતિમાં પાસે ઉભેલા મનુષ્યોને કાંઇપણ નિશાની અગર ચેષ્ટાથી સમજાવે છે. આ વખતે દરદીનું ખાસ ધ્યાન તેને કયે રસ્તે અને કઇ સ્થિતિમાં બરોબર શ્વાસ લઇ શકાશે તેમાંજ રોકાયેલું હોય છે, અને તેને માટે આડાઅવળા પ્રયાસ કરે છે. કોઇ કોઈ દરદી ઉભો થઇ જાય છે અને કોઇ વસ્તુને અઢેલીને ઉભો રહે છે, કોઈ કોઇ દરદી બારી આગળ વધારે પવન મળવાની આશામાં બારીને અગર બીજી વસ્તુને અઢેલીને ઉભો રહે છે, કેટલાક દરદી પથારીમાં તકીયાને અઢેલીને પડી રહે છે, કેટલાક દરદી હાથ અગર કોણીના ટેકાથી પથારીમાં વાંકા વળીને બેસી રહે છે. ટુંકાંમાં જે સ્થિતિમાં તેને દમ લેવાનું ઠીક પડે તે સ્થિતિમાં જ્યાં સુધી દમનું જોર ચાલુ રહે ત્યાં સુધી કાઢે છે.

દમ ચડેલો હોય ત્યારે દરદીનો દેખાવ ઘણોજ ભયાનક અને ત્રાસદાયક જણાય છે. અને પાસે ઉભેલાને એવી ધાસ્તી લાગે છે કે હમણાં દરદીનો પ્રાણ નીકળી જશે. આ વખતે દરદીનો ચહેરો ઘણોજ ચિન્તાતુર, અને દયાજનક હોય છે. દમના પરિશ્રમને લીધે દરદીને પસીનાના ઝેબ વળી આવે છે અને તેનું શરીર ઠંડુ પડી જાય છે. આ વખતે દરદીની નાડી સહેજજલદ ચાલે છે, દરદીનું મોઢું ઉઘાડું રહેવા પામે છે અને દરદીના નસકોરાં ફુલેલાં હોય છે. દરદીની ડોક ઉંચી રહે છે, અને દરદીને કોઇ પણ રીતે શાંતિ મળતી નથી. સુવા બેસવાથી પણ આરામ મળતો નથી અને જરા પણ ઉંઘ આવતી નથી. દમ દરમ્યાન કોઈ કોઇ દરદીને વખતો વખત ખાંસી આવે છે. અને તેથી પીડામાં વધારો થાય છે.

ઉપર પ્રમાણે ચારથી આઠ કલાક રહ્યા બાદ જ્યારે દમ નરમ પડવાનો હોય ત્યારે ખાંસી આવવી શરૂ થાય છે અને પ્રથમ થોડો થોડો ફીણ જેવો કફ નીકળવા માંડે છે અને પાછળથી ઝીણી ઝીણી કણીયોયુક્ત ચીકણો કફ નીકળવા માંડે છે અને જેમ જેમ ખાંસી આવી કફનો નીકાલ થતો જાય છે તેમ તેમ દમનું જોર નરમ પડતું જાય છે; કેટલાક દરદીને એકદમ પણ દમનું જોર નરમ પડી જાય છે અને દરદી એકદમ ઉંઘમાં પડી જાય છે અને કેટલોક વખત શાંતિથી ઉંઘી જાય છે.

જે દરદીને દીવસે દમ ઉપડી આવ્યો હોય તેને પણ ઉપર પ્રમાણે લક્ષણો જણાઈ આવી ઉપર કહ્યા પ્રમાણેની સ્થિતિમાં દમના હુમલાનો વખત દુઃખદાયક રીતે પસાર થાય છે.

દમનો હુમલો શાંત પડયા પછી કોઇ કોઇ દરદીને થોડા દીવસ પાછળથી સહેજસાજ અશક્તી જેવું જણાય છે પણ ઘણું કરીને એક બે દીવસ બાદ દરદી પાછો હતો તેવો થઇ જાય છે અને પોતાને નિયમિત કામે વળગી જાય છે.

Diagnosis-રોગવિનિશ્ચય—સામાન્યરીતે શુદ્ધ દમના વ્યાધિનો નિર્ણય કરવો બહુ મુશ્કેલ નથી, કારણ કે મોટા ભાગે મનુષ્યોને જે દમનો વ્યાધિ જણાય છે તે સ્પેસમૉડીક અગર બ્રોંકાઇલ એસ્થમા હોય છે અને તેમાં દમ એકાએક ઉપડતો હોવાથી અને એકાએક શાંત પડી જતો હોવાથી સ્હેલથી ઓળખી શકાય છે. ઉપર કહ્યા પ્રમાણે દમનો વ્યાધી જો કે સહેલથી ઓળખી શકાય છે તો પણ દમના જે મુખ્ય પેટા પ્રકારો છે તે પૈકી કયા પ્રકારનો દમ છે એટલે કે તે કાર્ડીયાક, ' યુરેમીક, પેપ્ટીક અગર હે એસ્થમા

વીગેરે પકીનો કયા પ્રકારનો છે તે જાણવું કેટલીકવાર મુશ્કેલ થઇ પડે છે. તો પણ તેના આગળ પાછળના સંજોગો, કારણો તથા લક્ષણો બરોબર તપાસવાથી તેનો પણ નિર્ણય થઈ શકે છે. બીજું કેટલીકવાર મનુષ્યોને જીર્ણ સસણી Chronic Bronchitis જેવું જણાતું હોય છે અને તેણે કેટલીકવાર દમનું સ્વરૂપ ધારણ કરેલું હોય છે તે વખતે તેનો નિર્ણય કરવો જરા મુશ્કેલ થઇ પડે છે. તે શીવાય મનુષ્યોને કેટલીકવાર એમ્ફીઝીમાનો વ્યાધિ લાગુ પડી ગયેલો હોય છે તે વખતે પણ નિર્ણય કરવો જરા મુશ્કેલ થઇ પડે છે. એકંદરે બારીક અવલોકન કરવાથી તેમજ તેના કારણો, લક્ષણો તથા આસપાસના સંજોગો તપાસવાથી દમના વ્યાધિનો નિર્ણય સાધારણ રીતે સ્હેલથી થઈ શકે છે.

Prognosis–વ્યાધિ પરિણામ વિચાર—દમનો વ્યાંધિ જ્યારે દમનો હુમલો ચડેલો હોય છે ત્યારે જો કે ઘણો ભયંકર લાગે છે અને પાસે ઉભેલા મનુષ્યોને તો એમજ લાગે છે કે દરદી હમણાં ગુજરી જશે, પણ સામાન્ય રીતે દમ ગમે તેવો સખ્ત હોય તોપણ તે વ્યાધિથી દરદીના શરીરને કોઇ જાતની હાની થતી નથી. એટલે કે દમની સીધી અગર આડકતરી અસરથી દરદીનું મૃત્યું થતું નથી, પણ ઉલટું દમવાળા દરદીઓ પૈકી કેટલાક તો ઘણું લાંબુ આયુષ્ય ભોગવતા જોવામાં આવે છે, પણ જ્યારે દમના વ્યાધિમાં બીજા ઉપદ્રવો જેવા કે જીર્ણ એમ્ફીઝીમા–Emphysema–તથા હૃદયનું વિસ્તૃતપણું dilation of heart તેમજ તેવા બીજા ઉપદ્રવોનો યોગ થવા પામે તો કેટલીકવાર તેના લીધે નુકશાન થઈ આવે છે, બાકી શુદ્ધ દમના વ્યાધિથી શરીરને નુકશાન થવા સંભવ નથી, એટલુંજ નહીં પણ કેટલાક વિદ્વાનોના મત પ્રમાણે તો દમના દરદીને કેનસર તથા બ્રાઇટ્સ ડીઝીઝ વીગેરે વ્યાધિઓ પણ સહેલથી લાગુ થઇ શકતા નથી.

સામાન્ય રીતે યોગ્ય કાળજી રાખવામાં આવે તો જુવાન મનુષ્યોને લાગુ થયેલો દમ મટી જવા સંભવ છે, પણ પુખ્ત ઉમરના મનુષ્યોને એટલે કે ચાલીસ વર્ષની ઉમર પછી લાગુ થયેલો દમ તદ્દન મટવો જરા મુશ્કેલી ભરેલો છે. સામાન્ય રીતે દમનો વ્યાધિ કષ્ટસાધ્ય ગણાય છે.

Complication and Sequels–દમના પરિણામરૂપ થઇ આવતા બીજા વ્યાધિઓ—જોકે દમનો વ્યાધિ પોતેજ એવો ત્રાસદાયક છે કે તેમાં દરદીને અનેક જાતના ઉપદ્રવોનો અનુભવ થઇ જાય છે અને તેથી તેને બીજા વધારે ઉપદ્રવો જણાતા નથી તો પણ કેટલીકવાર જીર્ણ દમના દરદીને એટલે દમનો વ્યાધિ બહુ લાંબા વખતથી હોય તો તેને એંફીઝીમાં તેમજ જીર્ણ હડીલી સસણીનો વ્યાધિ લાગુ પડી આવે છે કે જેના પરિણામે દરદીને હમેશાં દમની થોડી ઘણી ફરીયાદ ચાલુ હોય છે. તે શીવાય કેટલીકવાર જીર્ણ દમના દરદીને હૃદયનો પણ કાંઇક વ્યાધિ લાગુ પડી આવવા સંભવ છે.

General appearance of an Asthmatic patient–દમીયલ મનુષ્યનો સામાન્ય દેખાવ—જોકે દમના વ્યાધિથી દરદીના ફેફસાંની અંદર કોઇ જાતની સ્થાનિક ગંભીર પ્રકારની વિકૃતિ થઈ આવતી નથી પણ એકંદરે લાંબે વખતે દમના દરદીનો દેખાવ એવો થઇ જવા પામે છે કે અનુભવી મનુષ્ય દમીયલ મનુષ્યને જલદી જાણી શકે છે–એટલે કે તેના દેખાવ ઉપરથી જાણી શકે છે કે દરદીને દમનો વ્યાધિ લાગુ

પડી આવ્યો છે. સામાન્ય રીતે દમનો દરદી લાંબે વખતે દુબળો પડીજવા પામે છે તેમજ તે સહેજ વાંકો વળી ગયા જેવો દેખાય છે એટલે કે જ્યારે બેઠો હોય છે અગર ચાલતો હોય છે ત્યારે પણ એકદમ સીધો નહીં રહી શકતાં સ્હેજ વાંકો રહી શકે છે. તે સીવાય સેજસાજ મહેનતનું કામ કરતાં તેને થોડો ઘણો શ્વાસ ચડી આવે છે તેમજ થોડી ઘણી ઉધરસ જણાય છે. તે સીવાય તેનો ચહેરો જરા ફેરફરેલ જેવો જણાય છે તેમજ તેનો અવાજમાં જરા ફેર પડી જાય છે. એકંદરે બારીકીથી જોતાં તે દરદી જલદી ઓળખી શકાય છે.

આયુર્વેદ એટલે દેશી વૈદકમાં કહેલા શ્વાસરોગના કારણો તથા પ્રકારો.

અંગ્રેજ વિદ્વાનોની પેઠે પ્રાચિન રૂષીમુનીઓએ પણ શ્વાસરોગના કારણો વિષે પુરતો વિચાર કર્યો છે અને હાલ જે જે કારણો અંગ્રેજ વિદ્વાન વૈદ્યો જણાવે છે તે પૈકી ઘણાં ખરાં કારણો પ્રાચિન વૈદ્યોએ બતાવેલાં છે. ચરકમુની શ્વાસરોગના મુખ્ય કારણો નીચે પ્રમાણે જણાવે છેઃ—

रजसो धूमवाताभ्यां शीतस्थानांबु सेवनात्
व्यायामात् ग्राम्य धर्माध्व रूक्षान्न विषमाशनात्
आम प्रदोषादानाहा द्रौक्ष्या दत्य पतर्पणात्
दौर्बल्यान्मर्मणां घातात् बंधात् शुध्येति यागतः
अतिसार ज्वरच्छर्दि प्रतिशाय क्षय क्षतात्
रक्तपित्ता दुदावर्ता द्विषूच्य लसकादपि
पांडुरोगा द्विषाच्चैव प्रवर्तंते गदा विमौ
निष्पाव माष पिण्याक तिल तैल निषेवणात्
पिष्ट शालूक विष्टंभी विदाहि गुरू भोजनात्
जल जानूप पिशित दध्यामक्षीर सेवनात्
अभिष्यं-धुपचाराच्च श्लेष्मलानां च सेवनात्
कंठोरसः प्रतिघाता द्विविधैश्च पृथक् विधैः
मारुतः प्राणवाहानि स्रोतांस्याविश्य कुप्यति
उरःस्थ कफमुद्धूय दिक्का श्वासान्करोतिसः ॥

चरकसंहिता.

ભાવાર્થ—નાના પ્રકારની ધુળના રજકણોથી, દરેક જાતના ધુમાડાથી, ઝેરી પવનથી થંડા સ્થળથી, થંડા પાણીના સેવનથી, વધારે પ્રમાણમાં કસરત કરવાથી, વધારે પ્રમાણમાં સ્રીસેવન કરવાથી, વધારે પંથ કરવાથી, રૂક્ષ અન્નના સેવનથી, વિરૂદ્ધ ભોજનથી, આમ-

શ્વાસરોગના પ્રકારો—દમ અગર શ્વાસરોગના કારણો, સ્વરૂપ તથા સખતાઇ પ્રમાણે પ્રાચીન વૈદ્યોએ શ્વાસરોગના મુખ્ય પાંચ પ્રકારો કહેલા છે. એટલે કે ૧. મહાશ્વાસ, ૨. ઉર્ધ્વશ્વાસ, ૩. છિન્નશ્વાસ ૪. તમકશ્વાસ અને ૫. પાંચમો ક્ષુદ્રશ્વાસ.

ક્ષુદ્રશ્વાસ એ વાયુના અધિકપણાથી થાય છે, તમકશ્વાસ એ કફની અધિકતાથી થાય છે. છિન્નશ્વાસ એ કફ તથા વાયુની અધિકતાથી જણાય છે, અને મહાશ્વાસ તથા ઉર્ધ્વશ્વાસ એ ખાસ કરીને વાયુના પ્રકોપથી થઇ આવે છે.

પ્રાચિન વૈદ્યોએ જે ઉપર પ્રમાણે શ્વાસરોગના પાંચ પ્રકારો કહેલા છે તે પૈકી તમક-શ્વાસ એ એક ખરેખરો શ્વાસરોગ છે કે જે મનુષ્યોને ખાસ વ્યાધિ તરીકે જણાય છે. અને જેને અંગ્રેજી વિદ્વાનોએ Spasmodic or Bronchial Asthama નામ આપ્યું છે તે હોય તેમ જણાય છે.ક્ષુદ્રશ્વાસ એ મનુષ્યોને નબળાઇને લીધે, અવસ્થાને લીધે તથા વધારે પરિશ્રમથી જે શ્વાસની ગતિ વધે છે તેને કહેતા હોય તેમ જણાય છે અને મહાશ્વાસ, ઉર્ધ્વશ્વાસ એ ત્રણે પ્રકારના શ્વાસો મનુષ્યોને આખરની અવસ્થામાં જણાતો શ્વાસ હોય તેમ જણાય છે.

શ્વાસરોગનું પૂર્વરૂપ—શ્વાસ થવાનો હોય ત્યારે હૃદયમાં થોડી ઘણી પીડા અગર બેચેની જણાય છે, શુળો અગર ચસકા જેવું જણાય છે, પેટ ચઢી આવે છે, તે સાથે કબજીયાત પણ જણાય છે. મોઢું ફિકકુ તથા બેસ્વાદ થઇ જાય છે, અને લમણાંમાં સૂળો ઘોચ્યા જેવી વેદના જણાય છે. ખરૂ જોતાં ખરેખરો શ્વાસરોગ જેને લાગુ થયો હોય તેને દમનો હુમલો થવા અગાઉ ઉપર કહેલા પૈકી લક્ષણોમાંનાં થોડાં ઘણાં જણાય છે.

મહાશ્વાસનાં લક્ષણો—જે મનુષ્યને મહા શ્વાસ થઈ આવ્યો હોય તે મનુષ્યનો શ્વાસ કષ્ટપૂર્વક બાંધેલા મસ્તસાંઢના અવાજની માફકના અવાજ સાથે અહરનીશ ચાલતો જોવામાં આવે છે. આ પ્રકારના શ્વાસથી પીડીત મનુષ્ય સંજ્ઞા વગરનો થઈ જાય છે, તેની આંખો ચારે તરફ ચકળવકળ સ્થિતિમાં ફરતી જણાય છે. શ્વાસ લેતાં તેની આંખો તથા મોઢું પહોળા થઇ જાય છે, તેનો ઝાડો તથા પીશાબ ઘણું કરીને બંધ હોય છે, આવા દરદીથી બરોબર બોલી શકાતું નથી અને કદાચ ભાગ્યું તુટયું જે બોલે છે તે બરોબર સાંભળી અગર સમજી શકાતું નથી. આ વખતે દરદી બહુજ દયામણી સ્થિતિમાં હોય છે. આવા દરદીનો શ્વાસ દુરથી પણ જોરથી ચાલતો હોય એમ સંભળાય છે. આવા મહાશ્વાસવાળો દરદી ભાગ્યેજ બચે છે.

ઉર્ધ્વશ્વાસનાં લક્ષણો—ઉર્ધ્વશ્વાસવાળો મનુષ્ય ઉંડો શ્વાસ Inspiration લઇ શકે છે પણ ઉંડો શ્વાસ Expiration મુકી શકતો નથી. એટલે કે શ્વાસોશ્વાસની ક્રિયા નિય-મિત થઇ શકતી નથી. આવા દરદીનું મુખ તથા શ્વાસોશ્વાસ લેવાના બીજા માર્ગો other respiratiory organs કફથી લેપાઇ ગયેલા હોય છે. તે સાથે વાયુનો પ્રકોપ પણ ઘણો

હોય છે. આવો દરદી આંખો ઉંચી ચડાવીને ચંચળ દૃષ્ટિથી ચારે તરફ અને અહીં તહીં નજર ફેરવતો જોવામાં આવે છે. મૂર્છા તથા વેદનાથી તે ગભરાયલો જોવામાં આવે છે. તેના મોઢામાં અમી કમી થઇ જાય છે અને તે બહુજ બેચેન જણાય છે.

છિન્ન શ્વાસ—છિન્નશ્વાસયુક્ત દરદી તેનામાં જેટલી શક્તિ બાકી રહી હોય તે પ્રમાણમાં થાકલા ખાઇ ખાઇને એટલે રહી રહીને શ્વાસોશ્વાસ લે છે, અગર તો બરાબર શ્વાસોચ્છવાસ લઇ શકતો નથી. આવા દરદીનું હૃદય જાણે અંદરથી ચીરાતું હોય તેમ જણાય છે, દરદીનું પેટ ચઢી આવી આફરા જેવું જણાય છે. પસીનો બહુ વળતો જોવામાં આવે છે તથા મૂર્ચ્છા જેવું જણાય છે. તે સિવાય દરદીને બસ્તિ માર્ગમાં દાહ જેવું જણાય છે, દરદીની આંખોમાં આંસુ ભરાઇ આવે છે, તે શીવાય આવા દરદીની શ્વાસોશ્વાસ લેતાં એક આંખ લાલ થઇ જાય છે, તેના ચિત્તમાં ગભરાટ બહુજ હોય છે, તેના મોઢામાં અમી કમી થઇ જાય છે, તેના શરીરનો રંગ વિલક્ષણ થઈ જાય છે, આ વખતે દરદી આડો અવળો લવારો કરતો હોય છે અને તેના શરીરના સઘળાં ગાત્રો શિથિલ થઈ ગયેલાં હોય છે, એકંદરે આ પ્રકારનો શ્વાસ રોગી અસાધ્ય સ્થિતિમાં આવી ગયેલો હોય છે.

તમક શ્વાસ True Spasmodic Asthma—અંગ્રેજી વૈદકમાં જેને સ્પેસમોડીક એસ્થમા એટલે કે ખરેખરા દમના વ્યાધિ તરીકે જણાવેલ છે તે આપણાં આયુર્વેદ માંહેનો તમક શ્વાસ હોય તેમ જણાય છે. અને આ શ્વાસના બધાં લક્ષણો ઉપર કહેલા સ્પેસમોડીક એસ્થમા જેવાં કહેલાં છે. આ શ્વાસનો જ્યારે હુમલો થઇ આવે છે ત્યારે દરદી એકદમ જોરથી શ્વાસોશ્વાસ લેવા માંડે છે એટલે કે શ્વાસ નળીનો વાયુના લીધે સંકોચ થતાં શ્વાસની ગતી વધે છે. આ વખતે શ્વાસ માર્ગનો સંકોચ થતાં દરદીનો શ્વાસ ચાલતાં ગળામાં ગરેડીના જેવો ઘુરઘુર અગર તો સીસોટીના જેવો અવાજ નીકળે છે. આ પ્રકારનો હુમલો શરૂ થતાં શ્વાસના વેગથી દરદી બહુજ હેરાન હોય છે. આ વખતે દરદીને તૃષા બહુ લાગે છે, તેમજ સળેખમ જેવું થઈ આવી દરદીના નસકોરા જરા બંધ જેવાં જણાય છે. ઉપર પ્રમાણે શ્વાસના લીધે દરદી હેરાન હોય છે. તે ઉપરાંત આ વખતે દરદીને વારંવાર અને ઉપરા ઉપરી ખાંસી બહુ આવે છે અને ખાંસીના લીધે દરદી મૂર્છીત જેવો થઇ જાય છે. ઉપર પ્રમાણે ખાંસી આવે છે એટલુંજ નહીં પણ ખાંસીની સાથે જોઇએ તેટલો કફ નીકળતો નથી અને તેથી જ્યાં સુધી કફનો નીકાલ થતો નથી ત્યાં સુધી દરદીને જરા પણ ચેન પડતું નથી, પણ જ્યારે થોડો ઘણો કફ પડે છે ત્યારેજ દરદીને જરા આરામ જેવું જણાય છે. આ વખતે દરદીને ગળામાં સાધારણ ખંજવાળ અથવા વલુર જેવું જણાય છે અને તેથી પણ બેચેન હોય છે. બીજું આ વખતે શ્વાસના લીધે દરદી પુરેપુરૂં બોલી શકતો નથી તેમજ બરોબર સુઈ શકતો નથી. તેમજ બરોબર બેસી પણ શકતો નથી. તેમ છતાં જો જરા સુવે તો તેનો બરડો તથા પાંસળા જકડાઇ જાય છે. અને તેથી તે સુઇ શકતો નથી પણ જરા અઢેલીને બેસતાં સુખરૂપ લાગે છે. આ વખતે દરદીની આંખો સુજી આવે છે, તેના કપાળ પર પસીનાના ટેઓ વળી આવે છે. તેનું મોઢું સુકકું પડી જાય છે. શ્વાસના લીધે તેનું આખું શરીર ધ્રુજતું હોય તેમ જણાય છે. આ પ્રકારનો શ્વાસ ઠંડીથી, પવનથી તથા વરસાદ વગેરેથી વધી આવે છે. આ પ્રકારના શ્વાસનું વીગતવાર વર્ણન આગળ ઉપર આપ્યુ છે તે બરોબર વાચી જોવું.

પ્રતમકશ્વાસ—ઉપર કહેલ તમક શ્વાસમાં જ્યારે પિતનો થોડો ઘણો યોગ થવા પામે છે ત્યારે ઉપર કહેલા તમકશ્વાસના લક્ષણોમાં પણ જ્વર તથા મૂર્ચ્છા વીગેરે લક્ષણોનો વધારો થાય છે એટલે કે ઉપર કહેલા લક્ષણો ઉપરાંત દરદીને સાધારણ તાવ તથા મૂર્ચ્છા જેવું જણાય છે અને તેવા પ્રકારના શ્વાસરોગને વિદ્વાનોએ પ્રતમકશ્વાસ એ નામ આપ્યું છે. આ જાતનો શ્વાસસ રોગ પણ ઘણો વિષમ છે અને અંગ્રેજી વૈદકમાં કહેલ Bronchial Asthama બ્રોન્કાઇલ એસ્થમા હોય છે તેમ જણાય છે. કારણકે આ પ્રકારના શ્વાસ-રોગમાં શ્વાસનળીકાનો ઓછો વધતો ક્ષોભ અગર વરમ હોવા સંભવ છે કારણકે તે શીવાય તાવ હોવા સંભવ નથી.

પ્રતમક શ્વાસરોગના કારણો—જોકે શ્વાસરોગનાં જે સામાન્ય કારણો કહેલાં છે તેજ પ્રતમકશ્વાસના પણ કારણો છે. તો પણ આ પ્રકારના કેટલાંક ખાસ કારણો વિદ્વાનોએ નીચે પ્રમાણે જણાવ્યાં છે:-જેમકે ઉદાવર્ત રોગ, ધુળ વીગેરેના રજકણો, વૃદ્ધાવસ્થા, મળ-મુત્રાદિકનો અવરોધ, તેમજ ક્રોધ તથા અંધારા વીગેરેથી આ પ્રકારનો શ્વાસરોગ ખાસ કરીને જણાઇ આવે છે. આ પ્રકારનો વ્યાધિ શીતોપચારથી જરા શાંત પડે છે.

ક્ષુદ્રશ્વાસ—Ordinary Dyspnoea—આ જાતના શ્વાસનાં લક્ષણો જોતાં સામાન્ય નબળાઇને લીધે, અવસ્થાને લીધે તેમજ શક્તિ ઉપરાંત અગર વધારે પ્રમાણમાં મહેનત કરવાથી મનુષ્યોને જે શ્વાસની ગતી વધતી જોવામાં આવે છે તે હોય તેમ માન-વામાં આવે છે. આ પ્રકારના શ્વાસમાં દરદીને કોઇપણ જાતની વધારે પીડા થતી નથી, તેમજ ખાનપાન વીગેરેની કોઇપણ જાતની અડચણ આવતી નથી.

સાધ્યાસાધ્ય વિચાર—Curability of Asthma—સામાન્ય રીતે મહાશ્વાસ, ઉર્ધ્વશ્વાસ અને છિન્નશ્વાસ એ અસાધ્ય ગણાય છે. અને તેમાં પણ જો દરદીને બહુજ નબળાઇ જણાતી હોય અગરતો કોઇ મહાવ્યાધિના અંતે આવા શ્વાસો જણાતા હોય તો તે અસાધ્ય હોય છે એટલુંજ નહીં પણ તે આખરની અવસ્થાના સુચક લક્ષણો હોય છે.
ખરેખરો જે શ્વાસરોગ ગણાય છે તે ખાસ કરીને તમક અગર પ્રતમક શ્વાસ છે અને તે વ્યાધિઓ સાધારણ રીતે કષ્ટસાધ્ય ગણાય છે.

Treatment of Asthama—દમ અગર શ્વાસરોગની ચિકિત્સા—દમ અગર શ્વાસરોગની ચિકિત્સાના મુખ્ય બે પ્રકારો છે એટલે એકદમ ચડયો હોય ત્યારે તેને શાંત પાડવાનો અને બીજો ચડેલો દમ શાંત થયા પછી ફરીથી દમ ઉપડે નહીં તેમજ તે વ્યાધિ નિર્મુળ કરવાનો એમ બે પ્રકારો છે અને તે બન્ને પ્રકારોમાં પુરતી કાળજી રાખવાની જરૂર છે.

Treatment during the Paroxysm of Asthma—દમનો હુમલો ચડી આવ્યો હોય ત્યારે લેવાના ઉપાયો—દમરોગની ચિકિત્સા કરવામાં બહુજ વિચાર કરવાનો છે અને તેને માટે અનેક જાતના ઉપાયો યોજવા પડે છે પણ દમના હુમલાનો વખત દરદીને બહુજ ત્રાસદાયક હોવાથી તે વખતે બીજો આડોઅવળો વિચાર નહીં કરતાં દરદીને ગમે તે ઉપાયથી શાંતી આપવાની જરૂર રહે છે. દમના હુમલાની વખતે દરદીનો દેખાવ ઘણોજ ભયંકર જણાય છે અને દરદીની સ્થિતિ ઘણીજ દયાજનક હોય છે. આ

વખતે દરદીને ગમે તે ભોગે અને ગમે તે ખર્ચે શાંતિ મેળવવાની ઉગ્ર ઇચ્છા હોય છે અને તેને માટે તે પણ ઘણાં વળખાં મારતો હોય છે. દમના હુમલાના વખતનો સામાન્ય ચિકિત્સાક્રમ નીચે પ્રમાણે છેઃ—

Necessicity of a mild purgative in the beginnig—શરૂઆતમાં એક સાધારણ મળશોધનની જરૂરીયાત—દમના દરદીને દમ ચડયા અગાઉ જો કાંઇ પુર્વરૂપ તરીકે કાંઈ પણ ચિન્હો જણાતાં હોય તો એટલે કે આઠ દસ કલાક પહેલાં દમના પુર્વરૂપ તરીકે કાંઈ પણ ચિન્હો જણાઇ આવી દરદીને દમ ચડશે એવો કાંઇ ભાસ થતો હોય તો શરૂઆતમાં એકાદ હલકો જુલાબ આપી દેવો તે વધારે સલામતી ભરેલું છે. સાધારણ જુલાબ લેવાથી શરીર હલકું થઇ આવી દમનો હુમલો કેટલીક વાર અટકી જાય છે અને ચડે છે તો પણ બહુ ઉગ્રરૂપ ધારણ કરતો નથી, માટે જો વખત મળે તો શરૂઆતમાં એકાદ હલકો જુલાબ આપી દેવો.

નીચેના મિક્ષ્ચરો પૈકી એકાદ મિક્ષ્ચર દમ ચડવાના પુર્વરૂપમાં આપવાથી કેટલીક વાર દમ ચડતો અટકી જાય છે તેમજ ચડવા માંડેલો દમ શાન્ત પડી જાય છે.

૧. સોડાસલફ્સ ૪ થી ૬ ડ્રામ, ટીંકચરજીન્જર ૧૦ ટીપાં, સ્પીરીટ એમોનીયા એરોમેટીક ૧૦ ટીપાં. સ્પીરીટ ક્લોરોફોર્મ ૫ ટીપાં, એકવામેન્થા ૧ ઔંસ.

૨. સોડાસલફ્સ ૨ થી ૩ ડ્રામ. મૅગ્નસ સલફ્સ ૨ થી ૩ ડ્રામ, ટીંકચર જીનજર ૧૦ ટીપાં. સ્પીરીટ એમોનીયા એરોમેટીક ૧૦ ટીપાં. સ્પીરીટ ક્લોરોફોર્મ ૫ ટીપાં. એકવામેન્થા ૧ ઔંસ.

૩. મેગનસ સલફ્સ ૪ થી ૬ ડ્રામ, ટીંકચર જીનજર ૧૦ ટીપાં. સ્પીરીટ એમોનીયા એરોમેટીક ૧૦ ટીપાં, સ્પીરીટ ક્લોરોફોર્મ ૫ ટીપાં, એકવામેન્થા ૧ ઔંસ.

ઉપરના મિક્ષ્ચરો પૈકી એકાદ મિક્ષ્ચર આપવાથી દમમાં સારો ફાયદો થાય છે. ઉપરના મિક્ષ્ચરોથી ફાયદો થાય છે તે તેના એકલા મળશોધન ગુણથીજ થાય છે એમ નથી પણ અનુભવીઓનું માનવું એ છે કે આ દવા લીધાથી દરેક દરદીને પ્રથમ ઓછા-વધતા પ્રમાણમાં મોળ અગર સેજસાજ વમન જેવી અસર થાય છે અને તે અસરના લીધે શ્વાસનળીકાની અંદરના સ્નાયુઓમાં એવી કાંઇક અસર થવા પામે છે કે જેના પરિણામે દમમાં ફાયદો જણાય છે.

આ શીવાય અશ્વચોળી, નારાચરસ તથા નારાચચુર્ણ વીગેરે દેશી બનાવટો પૈકી એકાદ બનાવટ આપવાથી પણ પેટનો ખુલાસો થઇ આવી દમ ચડતો અટકી જાય છે.

Necessicity of an emetic in the beginning—શરૂઆતમાં એકાદ વમનની દવા આપવાની જરૂરીઆત—ઉપર કહ્યા પ્રમાણે દમનો હુમલો ચડયા અગાઉ વિરેચન દવા આપવાનો વખત ન મળે તો એટલે કે એકાએક ઓચીંતો દમ ચડી આવતો હોય ત્યારે બીજે નંબરે ઔષધોપચારમાં દરદીને સાધારણ વમન કરાવવું તે ઉત્તમ છે. શરૂઆતમાં વમન થવાથી ઘણીવાર દમનો હુમલો અટકી જાય છે અને કેટલીકવાર ચડેલો દમ અગર ચડવા માંડેલો દમ શાંત પડી જાય છે. અને આ પ્રમાણે

વમન કરીને ઘણાં દરદીઓ દાક્તર આવ્યા પહેલાં પોતાની મેળે થોડીઘણી શાંતી મેળવે છે. દમના હુમલાની શરૂઆતમાંજ વમન કરાવવાથી ફાયદો થાય છે એટલુંજ નહીં પણ હુમલાની અંતે આગરનો હુમલો થોડો ઘણો નરમ થયા બાદ પણ વમન કરાવવાથી સારો ફાયદો થાય છે એટલે કે તે વખતે કફ વીગેરે છુટા પડી આવી તેનો જલદી નીકાલ થાય છે. બીજું આ વ્યાધિમાં વમનની દવા આપવાથી કદાચ બરોબર વમન ન થાય તો પણ સાધારણ મોળ ચડયા જેવું અગર હુબકો આવ્યા જેવું જણાય તો તેથી પણ દમનો હુમલો કેટલીકવાર અટકી જાય છે તેમજ ચડેલો દમ થોડો ઘણો શાંત પડે છે અગર જો દમ ચડે છે તો પણ ઘણો થોડો ચડે છે. વમનની દવાથી શ્વાસનળીકાની અંદરના સ્નાયુઓ તથા તંતુઓ પર શિથિલતા આવે તેવી અસર થાય છે અને તે અસરના લીધે તંગ થયેલા સ્નાયુઓ ઢીલા પડીઆવી દમમાં ફાયદો થાય છે. ટુંકામાં કહેવાનું જે દમના હુમલા વખતે સાધારણ વમનની દવાથી એકંદરે થોડોઘણો ફાયદો થવા સંભવ છે. પણ વમનની દવાઓ દરદીની શક્તિનો ખ્યાલ રાખીને આપવી જોઇએ. નીચેની દવાઓ દમના વ્યાધિમાં વમનને માટે ખાસ છે:—

વમનને માટે દેશી દવાઓમાં બીજી વધારે દવાઓ નથી પણ માત્ર મીંઢોળનો ઉપયોગ ઠીક છે. પણ તેની અસર ચોકસ નથી એટલે કોઇને થોડા પ્રમાણમાં પણ અસર કરે છે જયારે કોઇને વધારે પ્રમાણમાં આપવાથી પણ જોઇએ તેવી અસર થતી નથી. વમનને માટે મીંઢોળનો ગર્ભ વપરાય છે અને તેની સાધારણ માત્રા બે થી ચાર વાલ છે એટલે તેટલા ગર્ભનો ભુકો ઉના પાણી સાથે આપવાથી સાધારણ ઉલટી થવા સંભવ છે. માટે જરૂર પડે તેનો ઉપયોગ કરી જોવો.

અંગ્રેજી દવામાં વમનને માટે કેટલીક ઉત્તમ અને અનુભવસિદ્ધ દવાઓ છે અને તેમાં આઇપીકેકયુઆના એ મુખ્ય છે એટલે કે તેનું ચુર્ણ ૨૦ ગ્રેનની માત્રામાં આપવાથી સારી ઉલટી થઇ આવી દરદીને રાહાત મળે છે.

આઇપીકેક સિવાય કેટલાક દાક્તરો ટારટરેટ ઓફ એન્ટીમની ૧/૨૫ ગ્રેનની માત્રામાં આપવાની ભલામણ કરે છે અને એક વખત આપવાથી કાંઇ અસર ન થાય તો તેટલી માત્રામાં એક બે વધારે વખત આપવાની પણ ભલામણ કરે છે. તેનાથી પણ સાધારણ ઉલટી જેવું થઇ આવી ઠીક અસર થાય છે.

આ શીવાય એપોમોરફીયા હાઇડ્રોકલોરસ Apomorphine Hydrochloride નામની દવા પણ આ વ્યાધિમાં વમનને માટે ઉપયોગી છે. તે જો કે પેટમાં પાવા માટે તેમજ હાઇપોડરમીક ઇનજેકશન એમ બન્ને રૂપમાં વપરાય છે અને ઠીક અસર કરે છે. તો પણ વમન કરાવવા માટે હાઇપોડરમીક ઇનજેકશનના રૂપમાં તે વધારે અસર કરે છે અને તેથી દાક્તર લોકોની તેની ૧/૧૦ ગ્રેનની હાઇપોડરમીક ઇનજેકશન આપવાથી કેટલીક વાર બહુ સારી અસર થાય છે એટલે કે સારી રીતે ઉલટી થઇ આવી દમના હુમલામાં ફાયદો કરે છે.

ઉપર પ્રમાણે દવાઓ દમના વ્યાધિમાં વમન કરાવવા માટે વપરાય છે માટે તેમાંથી યોગ્ય લાગે તે દરદીની શારીરિક સ્થિતિનો ખ્યાલ રાખીને વાપરવી કારણ કે એપોમોરફીયા વીગેરે દવાઓ બહુ વીચારીને વાપરવા જેવી છે.

ઉપરની દવાઓ શીવાય સાધારણ ગરમ પાણીમાં થોડો સોડા અગર તો સાધારણ ખાવાનું મીઠું નાંખીને તે પીવાથી પણ કેટલીક વાર ઉલટી જેવું થઇ આવે છે અને દમના હુમલામાં ફાયદો કરે છે.

આ શીવાય દેશી દવામાં વજનો ઉકાળો અગર તેનું મિશ્ર ચુર્ણ આપવાથી કેટલીકવાર થોડી ઘણી ઉલટી આવ્યા જેવું થઈ આવી દમમાં ફાયદો થાય છે.

ઉપર કહેલા મળશોધન તેમજ વમનકારક ઔષધો માત્ર દમની શરૂઆતમાંજ ઉપયોગી છે. દમ ચડી ગયા પછી કામના નથી, તે ખ્યાલ રાખવો.

વજ તથા સીંધવનું ચુર્ણ બેઆની ભારતી માત્રામાં ઉનાપાણી સાથે લેવાથી પણ ઉલટી જેવું થઇ આવી કેટલીકવાર ફાયદો થાય છે.

Proper treatment during the actual attack of Asthma—
દમના હુમલા વખતે લેવાના ખરેખરા ઉપાયો.

Allopathic drugs and their uses in Asthma—દમના વ્યાધિમાં અંગ્રેજી ઔષધોનો ઉપયોગ.

દમના વ્યાધિમાં આપણે અત્રે પ્રથમ અંગ્રેજી ઓષધોનું વર્ણન આપ્યું છે અને તેનું કારણ એટલુંજ કે અંગ્રેજી વૈદકમાં દમના માટે અનેક જાતના ઔષધો વપરાય છે અને હાલનો જનસમાજ મોટા ભાગે તે ઔષધને ટેવાઇ ગયેલો જોવામાં આવે છે. વળી દમના સખત હુલમા વખતે તાત્કાલિક અસર કરે તેવા કેટલાક ઔષધો અંગ્રેજી ઔષધોમાં મળી આવે છે જો કે તે ઔષધો બધાં સખત ઝેરી અને પ્રાણઘાતક છે પણ તેનો પ્રચાર બહુ છે તેથી પ્રથમ તેનુ વર્ણન આપવામાં આવ્યું છે અને તેની પાછળ દેશી ઔષધોનું વીગતવાર વર્ણન આપવામાં આવ્યું છે.

ઉપર આપણે દમની શરૂઆતમાં સાધારણ મળશોધન તેમજ એકાદ સાધારણ વમનની દવા આપવાનું લખી ગયા છીએ પણ તે બંન્ને પ્રયોગો માત્ર દમ ચડ્યો ન હોય પણ ચડવાની તૈયારીમાં હોય ત્યારે વાપરવા જેવા છે અને દમ ચડી ગયા પછી તેની તેટલી અસર નથી. તેથી દમ ચડયા બાદ બીજા કેટલાક સખત ઉપાયો યોજવાની જરૂર પડે છે અને તે નીચે પ્રમાણે છે:—

વમન અને વિરેચન આપ્યા છતાં અગરતો તે આપવાનો વખત નહીં મળતાં એકાએક દમનો હુમલો ચડી આવે તે વખતા યોગ્ય ઔષધોપચારો.

દમનો હુમલો ચડતો અટકાવવા માટે આપણે ઉપર વમન તથા વિરેચનનો પ્રયોગ યથાવિધિ કહી ગયા છીએ અને તે પ્રમાણે કર્યા છતાં પણ દમ ચડી આવે અગર તો તે પ્રયોગો અજમાવવાનો વખત નહીં મળતાં એકાએક દમ ચડી આવે તો પછી ચડેલો દમ શાંત પાડવા અંગ્રેજી ડાક્તરો નીચે પ્રમાણેના ત્રણ ચાર જાતના ઔષધીય પ્રયોગોનો ઉપયોગ કરે છે:—

1. Hypodermic injection of some potent drugs.
   કેટલીક ઝેરી અને સખત દવાઓનો હાઇપોડરમીક ઇનજેકશન તરીકેનો ઉપયોગ.
2. Inhalation and fumigation of powders and medicated cigarettes.
   ઔષધીય ચૂર્ણો તથા બીડીયોનું ધુમ્રપાન.

3. Inhalation of potent drugs.
કેટલીક ઝેરી અને સખત દવાઓનું શ્વાસમાં લેવું.
4. Internal use of various anti—Asthmatic mixtures.
દમની ખાસ દવાઓના મિક્ષ્ચરોનો ઉપયોગ.

ઉપરના પ્રયોગો શીવાય પણ બીજી કેટલીક જાતના પ્રયોગો દમની શાંતિ માટે વપરાય છે અને તે દરેક પ્રયોગોથી ચડેલો દમ વહેલા મહોડો શાંત પડી જાય છે, પણ ખરૂં જોતાં તે સર્વે પ્રયોગો શ્વાસરોગ નિર્મુળ કરવાના ખરા ઉપાયો Radical cures નથી પણ માત્ર ચડેલો દમ શાંત પાડવા પુરતાજ છે. એટલુંજ નહીં પણ તે પૈકી ઘણાખરા પ્રયોગો બહુજ ઝેરી અને વીચારીને વાપરવા જેવા છે. જોકે ઉપરના પ્રયોગો બહુજ ઝેરી અને વીચારીને વાપરવા જેવા છે પણ દમના દરદીની અસહ્ય પીડા જોતાં દરદીને રાહત આપવા માટે તે લાચારીથી વાપવા પડે છે કારણ કે તે પ્રયોગો ચમત્કારીકરીતે ચડેલો દમ શાંત પાડે છે. ઉપરના પ્રયોગોની સાધારણ સમજની વીગત નીચે પ્રમાણે છેઃ—

Hypodermic injection of some potent drugs.—કેટલીક સખત અને ઝેરી દવાઓનો હાઇપોડરમીક ઇનજેકશન તરીકે ઉપયોગ.

ઉપર કહ્યા પ્રમાણે વમન તથા વિરેચનનો ઉપયોગ કર્યા છતાં અગર તો તે પ્રયોગો અજમાવવાનો વખત નહીં મળતાં એકાએક દમ ચઢી આવે તો પછી દાકતરો બેચાર જાતના જે ઔષધીય પ્રયોગોનો ઉપયોગ કરે છે તેમાં કેટલીક ઝેરી અને સખત દવાઓનો હાઇપોડરમીક ઇનજેકશન વડેનો ઉપયોગ એ એક મુખ્ય પ્રયોગ છે. આ પ્રયોગથી દમના હુમલામાં જાદુઇ અસર થાય છે અને તરતજ દમનો હુમલો શાંત પડી જાય છે તેમજ ચડવા માંડેલો દમ અટકી જાય છે. આવી રીતે દવાના ઉપયોગથી જો કે તુરત ફાયદો થાય છે પણ તેનો મુખ્ય અવગુણ એ છે કે તે પૈકી કેટલીક દવાઓની આદત પડી જાય છે અને તેનું વખતો વખત પ્રમાણ વધારવું પડે છે. તેમજ કેટલાક દરદીઓ પોતાની મેળે વાપરતા થઈ જવાથી કેટલીકવાર વીપરીત પરિણામ આવે છે, માટે દાકતરોએ બનતાં સુધી આવા પ્રયોગો બહુ વીચારીને પોતાને હાથે અને દેખરેખ નીચેજ કરવા જોઇએ. આવી રીતે જે દવાઓ મુખ્યત્વે કરીને વપરાય છે તે નીચે પ્રમાણે છેઃ—

Morphia—મોર્ફીયા–દમના માટે હાઇપોડરમીક ઇનજેકશન તરીકે વાપરાતી દવાઓમાં માર્ફીઆ એ એક સર્વોત્તમ અને અકસીર દવા છે. એટલે કે મોરફીયાની $\frac{1}{8}$ થી $\frac{1}{4}$ ગ્રેનની માત્રામાં ત્વચામાં ઇનજેકશન મારવામાં આવે તો તેનાથી દમના હુમલામાં જાદુઈ અસર થાય છે.

જો કે એકલા મોર્ફીયાની ઇનજેકશનથી ઉપર પ્રમાણે ફાયદો થાય છે તો પણ કેટલાક દાકતરો તેની સાથે સુક્ષ્મ પ્રમાણમાં Atropin એટ્રોપીન ઉમેરવાની ભલામણ કરે છે એટલે કે $\frac{1}{8}$ થી $\frac{1}{4}$ ગ્રેન મોરફીયાની સાથે $\frac{1}{200}$ થી $\frac{1}{100}$ ગ્રેન એટ્રોપીન મેળવીને ઇનજેકશન મારવાથી બહુ સારો ફાયદો થાય એમ કેટલાક દાકતરોનું માનવું છે.

ખાસ સુચના—જો કે માર્ફીયા એ દમના માટે ઉત્તમ દવા છે તોપણ એ વાપરતાં કેટલોક વીચાર કરવાનો છે એટલે કે જે દરદીને બ્રોકાંઇટીઝ એટલે સસણીનો જીર્ણ વ્યાધિ હોય અગર તો જેને મુત્રપીંડનો કાંઇ પણ વ્યાધિ હોય તેણે બીલકુલ વાપરવી નહીં. બીજું

આ દવાનો બીજો ગુણ એ છે કે તેની આદત પડી જાય છે તેમજ તેનું વખતો વખત પ્રમાણ વધારવું પડે છે, વળી આ દવાની ચમત્કારીક અસરના લીધે દરદી પોતેજ આ દવા વાપરવાની ભલામણ કરે છે એટલુંજ નહીં પણ પોતાના હાથે ઇનજેકશન મારવાનું શીખી લે છે અગર તો દાકતરને શીખાડવાનો આગ્રહ કરે છે માટે તે પ્રમાણે તેનો દુરૂપયોગ થવા ન પામે તેનો ખ્યાલ રાખવો.

Adrenalinum—એડ્રીનેલીનય-મોરફીયાની પેઠે આ દવાનો પણ દમના વ્યાધિમાં હાઇપોડરમીક ઇનજેકશનવડે ઉપયોગ થાય છે અને તેની બહુ સારી અસર થાય છે. સામાન્ય રીતે આ દવાના $\frac{1}{1000}$ ગ્રેનના પ્રમાણના પ્રવાહિના પાંચ ટીપાની પીચકારી મારવામાં આવે છે અને તેની સારી અસર થાય છે.

મોરફીયા એટ્રોપીયા તથા એડ્રીનેલીનમ શીવાય Heroin હીરોઇન Pituitrin–પીચ્યુઇટ્રીન, Pitranalin પીટ્રેનેલીન તથા Evatmine ઇવેટમાઇન વીગેરે દવાઓનો પણ યોગ્ય પ્રમાણમાં હાઇપોડરમીક ઇનજેકશન વડે ઉપયોગ થાય છે.

ઉપરની સર્વે દવાઓનો ફાયદો છે તો પણ તે બહુજ ઝેરી છે અને વગર વીચાર્યે વાપરવાથી કેટલીકવાર નુકશાન થવા સંભવ છે માટે દરદીની તેમજ દરદની સ્થિતિનો ખ્યાલ રાખીને વાપરવી.

The inhalation of fumigation of powders and cigarettes. ઔષધીય ચુર્ણો તથા બીડીયો વીગેરેનું ધુમ્રપાન—દમના હુમલા વખતે તે શાંત પાડવા માટે ખાવાના, ધુમ્રપાનના, તેમજ ઇનજેકશન વીગેરે અનેક પ્રયોગો હાલમાં વપરાય છે. પણ તે સર્વે પૈકી ધુમ્રપાનના પ્રયોગો હાલમાં વધારે પ્રમાણમાં વપરાય છે. ધુમ્રપાનથી વધારે અડચણ થયા શીવાય દરદીને થોડા વખતમાં શાંતિ મળે છે અને દમનો હુમલો આસ્તે આસ્તે શાંત પડતો આવે છે. ધુમ્રપાનમાં આવતા સઘળા પદાર્થો જોકે મોટા ભાગે ઝેરી હોય છે તેમજ તેના ઉપયોગથી જોકે કાંઇ સંગીન ફાયદો નથી થતો અને તેથી આવા ધુમ્રપાનો વીરૂદ્ધ ઘણા વિદ્વાનો જોવામાં આવે છે તો પણ દમનો હુમલો એવો તો દુઃખદાયક છે કે દરદીને તેવે વખતે ગમે તે ભોગે શાંતિ મળવાની જરૂર રહે છે અને તેવી શાંતિ ધુમ્રપાનના પ્રયોગથી સહેલાઇથી મળતી હોવાથી દાક્તરો તેવા પ્રયોગો વાપરવાની ભલામણ કરે છે એટલુંજ નહીં પણ વિરૂદ્ધ વીચારવાળા દાક્તરોને પણ અણછુટકે તેવા પ્રયોગોની સહાયતા લેવી પડે છે. આવા ધુમ્રપાનોથી તાત્કાલીક શાંતિ મળતી હોવાથી દરદીઓ પણ તેવા પ્રયોગોને ટેવાઇ જાય છે અને જરા પણ ચિન્હ જણાય કે તરતજ તેવા પ્રયોગનો ઉપયોગ કરી લે છે અને કેટલેક અંશે શાંતિ મેળવી શકે છે.

List of drugs generally used in Asthma as fumigation in the form of paper, powders and Cigarettes—

દમના માટે ધુમ્રપાન તરીકે ચુર્ણ અગર બીડી વીગેરેના રૂપમાં વપરાતાં ઔષધોની યાદિ.

દમના વ્યાધિ માટે ધુમ્રપાન તરીકે અનેક ઔષધો, ચુર્ણ તથા બીડીના રૂપમાં વપરાય છે પણ તે સર્વેમાં નીચે લખ્યા પૈકી બે ચાર અગર વધારે ઔષધોમાંનો યોગ થયેલો હોય છે કારણકે તે સર્વે ઔષધો દમનો હુમલો શાંત પાડવા માટે વૈદ્ય તથા દાકતરોના અનુભવમાં અકસીર માલમ પડયાં છે. (અપૂર્ણ.)

Potash nitras, પોટેશનાઇટ્રસ અથવા સુરેખાર, Datura tatula and datura Stramonium=ડેટુરા ટેટયુલા એટલે ધંતુરો તથા ડેટુરા સ્ટ્રેમોનીયમ, Lobelia Inflata લોબેલીયાઈનફ્લેટા, Cannabis Indica=કેનેબીસ ઇન્ડીકા=લીલાગરભાંગ, Belladona=બેલેડોના, Coffee and Caffeien કોફી અને કેફીન, Arsenic= આર્સેનીક-સોમલ, તથા Potash Iodide=પોટેશ આયોડાઇડ.

ઉપર ગણાવ્યા શીવાય નીચેનાં ઔષધો પણ વપરાય છે.

Adhatoda Vasika=અરડુશી, Camphor=કપુર, Cresoline=ક્રીસોલાઇન, Eucalyptus leaves and oil, યુકાલીપટસના પાંદડા તથા તેલ, Cubeb=ચણકબાબ, Black tea=ચા. anisi and fennal seeds=એનીસી તથા ફેનલનાબીયાંઓ, Digitalis=ડીજીટેલીસ, green tea=ગ્રીન ટી Sage=સેઇજ, Tobacco=તંમાકુ તથા Opium=અફીણ વીગેરે.

ઉપર કહેલાં સર્વે ઔષધો ઓછા વધતા પ્રમાણમાં દમનો હુમલો શાંત પાડવા માટે ઉપયોગી છે અને હાલમાં જે અનેક જાતની પેટન્ટ દવાઓ ધુમ્રપાન માટે વપરાય છે તે પૈકી સર્વેમાં ઉપરના ઔષધો પૈકી અમુક અમુક હોય છે.

ધુમ્રપાનના પ્રકારો અને વાપરવાની રીત.

ધુમ્રપાન માટે ઔષધો બે પ્રકારે વપરાય છે એટલે કે એક બીડીના રૂપમાં અને બીજાં છુટાં ચૂર્ણના રૂપમાં. બીડી માટે અમુક અમુક પદાર્થો મેળવીને તેની બ્લોટીંગપેપર અગર સુરેખાર વીગેરે બીજી દવા યુક્ત કાગળોમાં બીડી વાળીને તે વપરાય છે એટલે કે જેમ સાધારણ તમાકુની બીડી લોકો પીએ છે તેવી રીતે તે બીડીઓ પણ પીવાય છે પણ ફેરમાત્ર એટલોજ કે સાધારણ તમાકુની બીડીઓ મનુષ્યો ગમે ત્યારે અને ગમે તેટલી પી શકે છે જ્યારે આ બીડીઓ માત્ર દમ ચડ્યો હોય ત્યારે તેમજ દમ ચડવાની તૈયારી હોય ત્યારેજ પીવાય છે તેમજ તેની એકી સાથે બેચાર ઘુંટ અગર ફુંકો. Smokes લેવાય છે. પણ જેમ અસાધારણ તમાકુની બીડી આખી ને આખી ખલાસ થતાં સુધી પી શકાય છે તેવી રીતે પીવાતી નથી. પણ માત્ર એકી સાથે ત્રણ ચાર ઘુંટો લીધા બાદ તેની અસર જોવાય છે. કાંઇ અસર અગર ફાયદો ન જણાય તો પછી પાછી થોડા વખત બાદ ફરીથી તેજ પ્રમાણે બે ત્રણ ઘુંટો લેવાય છે અને એ પ્રમાણે વધારેમાં વધારે બે ત્રણ વખત સુધીજ થોડા થોડા અંતરે થઇ શકે છે પણ તેનો વધારે ઉપયોગ થઇ શકતો નથી. એ ખ્યાલમાં રાખવું.

બીજું ધુમ્રપાન માટે જે ચુર્ણો વપરાય છે તે ચુર્ણોમાંથી આશરે એકથી બેઆનીભાર જેટલી અગર તેની સુચના પ્રમાણે ભુકી લઇ એક રકાબીમાં નાંખીને તેને સળગાવીને તેનો ધુમાડો શ્વાસમાં જવા દેવામાં આવે છે અગર તો દરદીના ઓરડામાં દરદી નજીક તે રકાબીને મુકીને તેમજ દવા સળગાવીને તેનો ધુમાડો આખા ઓરડામાં પ્રસરવા દેવામાં આવે છે કે જેની અસર દરદીના શ્વાસમાં તે ધુમાડો જવાથી તરત થાય છે.

List of patent medicines generally used as fumigation in the form of powder and Cigarettes.

Abyssianion Powder. (Containing a quantity of stramonium) (French).	એબીસીનીયન પાઉડર કે જેની અંદર થોડો ભાગ સ્ટ્રામોનીયમનો આવે છે.
Andru's Asthma Paper.	એન્ડ્રુસ એસ્થમાપેપર. (ફ્રેન્ચ)
Arsenicall's Cigarettes (Trousseau's).	આર્સેનીકલ સીગારેટસ્.
Barral's Paper and Cigarettes (French).	બેરેલસ્ પેપર અને સીગારેટસ્.
Cigarettes of Boudin and Dioscrides. (Arsenic). (French).	બાઉડીન અને ડાયોસ્ક્રાઇડની સીગારેટ—કે જેની અંદર સુક્ષ્મ પ્રમાણમાં આર્સેનીક આવે છે. (ફ્રેન્ચ)
Chester's Cure.	ચેસ્ટર્સ કયોર.
Compound lobelia powder. (Lobelia, Stramonium, Tea and Nitre). analogus to Himrod's and green mountain cure.	કમ્પાઉન્ડ લોબેલીયા પાઉડર કે જેના અંદર લોબેલીયા, સ્ટ્રેમોનીયમ, ટી, અને સુરોખાર આવે છે અને લગભગ હીમરોડ તથા ગ્રીન માઉંટન કયોરને મળતું છે.
Davie's Asthama paper.	ડેવીઝ એસ્થમા પેપર.
Dr. Palmer's Paper.	ડૉ. પામર્સ પેપર. (ડબ્લીન)
Datura Tatula cigarettes and for the pipe.	ડેટુરા ટેટયુલા સીગારેટ અને ચુર્ણ.
(savory and Moore).	(સેવરી તથા મુરનું).
Dowling's Medicated paper.	ડાઉલીંગ્સ મેડીકેટેડ પેપર.
Ellis' Asthma cure.	એલીઝ એસ્થમા કયોર.
Espick's Cigarettes.	ઍસ્પીક્સ્ સીગારેટસ્
Girdwood's Cure.	ગર્ડવુડસ્ કયોર.
Green mountain cure. (Bliss) Lobelia, Stramomium Tea and nitre).	ગ્રીન માઉંટન કયોર. (બ્લીસનું). જેની અંદર લોબેલીયા, સ્ટ્રેમોનીયમ, ટી તથા સુરોખાર આવે છે.
Grimault's cannabis indica cigarettes. (French).	ગ્રીમોલ્ટની ભાંગની સીગારેટસ્ (ફ્રેન્ચ)
Himrod's Cure. (Lobelia, stramonium, Tea and nitre).	હીમરોડસકયોર. જેની અંદર પણ લોબેલીયા સ્ટ્રેમોનીયમ, ચા તથા સુરોખાર આવે છે.
Hockene's Remedy. (Stramonium and Nitre).	હોકેનીસ રેમીડી. જેની અંદર સ્ટ્રેમોનીયમ, તથા સુરોખાર આવે છે.

Huggin's ozone papers and cigarettes.	હયુજીનસ્ પેપર અને સીગારેટ.
Joy's Cigarettes.	જૉયની સીગારેટ.
Kidder's Pastilles (American).	કીડર્સ પેસ્ટીલ: (અમેરીકન)
Le. Vasseuor's Assenic cigarattes. (French).	લી. વાસુઅર્સ આર્સેનીક સીગારેટ. (ફ્રેન્ચ)
Marshall's Cubeb cigarettes. (American).	માર્શેલની ચણુકબાબની સીગારેટ. (અમેરીકન)
Martindale's Asthmatic Pastilles. (Nitrate and chlorate of potash).	માર્ટીનડેલ્સ એસ્થમેટીક પેસ્ટીલ કે જેની અંદર સુરોખાર તથા ક્લોરેટ ઓફ પોટેસ આવે છે.
Pariss's Cigarettes pulmoniques.	પેરીસીસ સીગારેટ પલમોનીકસ.
Potter's cure.	પૉટર્સ કયોર.
Powder for fuming. (Mr. Beverley) (Datura tatula, Stramonium, Cannabis indica. Lobelia inflata, of each 6 drs, Potash nitras. 1 oz. oil Ecalyptus ½ ds.	પાઉડર ફૅાર ફયુમીંગ (મી. બીવરલીનું). આની અંદર ધંતુરો, સ્ટ્રેમોનીયમ, ભાંગ, તથા લોબેલીયા એક્ષરેક્ટના ૬ ૬ ડ્રામ, સુરોખાર ૧ ઔંસ. તથા યુકાલીપટસ તેલ ½ ડ્રામ આવે છે.
Savar's Cigarettes. (Cannabis indica, Stramonium and cubeb).	સૅવર્સ સીગારેટ કે જેની અંદર ભાંગ સ્ટ્રેમોનીયમ તથા ચણુકબાબ આવે છે.
Sawyer's cure.	સૅવર્સ કયોર.
Senior's Asthma remedy (American)	સીનીઑર્સ એસ્થમા રેમીડી. (અમેરીકન)
Shiffman's cure.	શીફમેન્સ કયોર.
Slade's Cigarettes.	સ્લેડની સીગારેટ,
Sticland's Compound opium Cigarettes.	સ્ટીકલેન્ડ કમ્પાઉન્ડ ઓપીયમ સીગારેટ.
Whitcomb's Asthma remedy.	વીટકૉમ્બસ્ એસ્થમા રેમીડી.

કેટલાક જાણવાજોગ ધુમ્રપાનના પ્રયોગો.

Various kinds of Nitre paper.

સુરોખાર યુક્ત જુદી જુદી જાતના ધુમ્રપાનના કાગળો.

સુરોખાર એ દમના માટે વપરાતી ધુમ્રપાનની સર્વે દવાઓનો રાજા છે એટલે કે ધુમ્રપાનની ઘણીખરી દવાઓમાં તે મુખ્યત્વે કરીને ઓછા વધતા પ્રમાણમાં આવતો હોય છે. એટલુંજ નહીં પણ તે એકલો પોતે પણ દમનો હુમલો શાંત પાડવા સમર્થ છે. એટલે કે જો યુક્તિપુર્વક, યોગ્ય રીતે અને યોગ્ય પ્રમાણમાં વાપરવામાં આવે તો અવશ્યે કરીને

તે એકલાથી પણ દમનો હુમલો શાંત પડે છે. સુરોખાર વાપરવાના મુખ્ય પ્રકારો નીચે પ્રમાણે છે. એટલે કે એકતો તેના ઘટ પ્રવાહીમાં બોળેલા બ્લોટીંગ પેપરના સુકાવેલા કટકાની બીડી કરીને પીવાય છે અને બીજો કે તે બીજી દવાઓની સાથે મેળવીને ચુર્ણના રૂપમાં અગર તો બીડીના રૂપમાં ધુમ્રપાન તરીકે વપરાય છે. સુરોખારના દમ મારીના કાગળોની સાધારણ રીત નીચે મુજબ છે.

Charta Nitrata–ચાર્ટા નાઇટ્રેટા–નાઇટ્રેટ પેપર. Take four ounces of potassium nitrate dissolved in half a pint of boiling water, pour out into a plate, immese in the solution thick white blotting paper, dry and cut in squares of four inches.

Make a solution of potasosium nitrate 3o. grs. to 1 dr. to each ounce of water, and through the solution contained in a flat plate, draw pieces of white blotting paper, which dry.

ચાર ઔંસ સુરોખાર લઈને તેને અર્ધો પાઇન્ટ એટલે લગભગ દસ ઔંસ ઉકળતા પાણીમાં પીગળાવવો, અને બાર બાદ તે પ્રવાહીને એક પહોળા મોઢાની છીછરી રકાબીમાં નાંખીને તેમાં ઉંચાં પ્રકારનો જાડો સફેદ બ્લોટીંગ પેપર થોડો વખત બોળી રાખવો અને બાર બાદ તે બ્લોટીંગ પેપરને બહાર કાઢી સુકાવવો અને સુકાયા બાદ જો તેના અગાઉ એકસરખા કટકા કર્યા ન હોય તો સમચોરસ ચાર ચાર ઇંચના કટકા કરી નાંખી યોગ્ય ઠેકાણે રાખવા અને જરૂર લાગે ત્યારે તેમાંથી એક કટકાની ગોળ બીડી વાળી સાધારણ બીડીની પેઠે પીવી.

બીજો પ્રકાર=દર ઔંસ પાણીમાં ૩૦ ગ્રેનથી ૧ ડ્રામ સુરોખાર મેળવીને તેના ઉપર કહ્યા પ્રમાણે બ્લોટીંગ પેપરના કટકા બનાવીને સુકવી રાખવા અને જરૂર પડે વાપરવા.

Charta Nitrate et Chlorata.

Potash nitrate 4 oz, Potash chloras 5 drs.

Boiling Water 10 oz. Prepare blotting paper as above.

ચાર્ટાનાઇટ્રેટ એટ કલોરેટ=સુરોખાર તથા પોટેશ કલોરસ યુક્ત કાગળો. સુરોખાર ૪ ઔંસ, પોટેશકલોરસ. ૫ ડ્રામ. ઉકળતું પાણી. ૧૦ ઔંસ. ઉપર પ્રમાણે મેળવીને ઉપર કહ્યા પ્રમાણે બ્લોટીંગ પેપર બનાવવા.

German Anti-Asthamatic Paper.

Potassium nitrate 2 oz. Ext. Stramonium 10 drs. Sacch Alb $2\frac{1}{2}$ oz. Boiling water $10\frac{1}{2}$ oz.

Dissolve solids into the water, strain the solution and saturate white blotting paper with it, dry the paper and cutup into suitable pieces.

જર્મન ઍન્ટી અસ્થમેટીક પેપર.

પોટેશીયમ નાઇટ્રેટ–૨ ઔંસ, અકસ્ટ્રેક્ટ સ્ટ્રેમોનીયમ ૧૦ ડ્રામ. સેકરમ આલબમ. ૨$\frac{1}{2}$ ઔંસ, ઉકળતું પાણી ૧૦$\frac{1}{2}$ ઔંસ. ઉપર કહેલી દવાઓ પૈકી કઠણ દવાઓ પાણીમાં

પીગળાવીને ગળી લેવી અને ત્યાર બાદ તેમાં બ્લોટીંગ પેપરના કટકાઓ બોળીને સુકવી નાંખવા અને જરૂર પડે વાપરવા.

French Anti-Asthamatic Paper.

Potassium nitrate 6 oz. Pul Belladona folia ½ oz, Pul. Digitalis folia ½ oz. Pul. Lobelia folia ½ oz. Pul-Phelland. ½ oz. Pul. Myrrh ½ oz. Pul. Olibani 1 oz.

Mix these powders and incorporate with 12 oz. of unsized blotting paper soaked in water. When thoroughly pulped, spread out in thin layers, calender and dry.

ફ્રેન્ચ ઍન્ટી એસ્થેમેટીક પેપર.

પૅાટેશનાઈટ્રસ, ૬ ઔંસ. બેલાડોના, ડીજીટેલીસ, સ્ટ્રેમોનીયમ તથા લોબેલીયા એ દરેકના પાંદડાંના ભુકો અર્ધો અર્ધો ઔંસ, ફેલેન્ડનો ભુકો. ૦॥ ઔંસ, મર્દ અથવા હીરાબોળનો ભુકો ૦॥ ઔંસ. અને ઓલીબાનીનો ભુકો. ૧ ઔંસ. ઉપરની સર્વે દવાઓને એકસરખી મેળવવી અને ત્યાર બાદ બાર ઔંસ પાણીમાં સારી પેઠે પલાળેલ બ્લોટીંગ પેપર સાથે એ સર્વે દવાઓ મેળવીને તેને કુટીને તેનો માવો કરવો. અને ત્યાર બાદ તે માવાના લોંદાને એક સપાટ ચીજ પર પાતળું પાતળું પાથરીને સુકવવું અને થોડીવાર બાદ તેની ગોળ બીડીયો વાળી સુકવવી અને જરૂર પડે એકાદ બીડી વાપરવી.

Charta Anti-Asthamatica.

Belladona, Digitalis, Sage, aud Stramonium leaves of each ½ oz. Boiling water 20 oz. Infuse for an hour, strain, and in the infusion dissolve Potassium nitrate 3½ oz. Saturate the blotting paper in the liquor, dry and saturate in a mixture of tin Benzoin 2 dr, Alcohol. 1 oz. dry and cut in pieces of 4 inch by 6 inches.

ચાર્ટા એન્ટી એસ્થેમેટીકા.

બેલાડોના, ડીજીટેલીસ, સેજ અને સ્ટ્રેમોનીયમ એ દરેકનાં પાંદડાં અર્ધો અર્ધો ઔંસ લઈને તેને ૨૦ ઔંસ ઉકળતા પાણીમાં એક કલાક સુધી ભીંજવી રાખવા અને ત્યાર બાદ તેને ગાળીને તેમાં ૩½ ઔંસ સુરોખાર પીગાળવો. અને ત્યાર બાદ તેમાં બ્લોટીંગ પેપર ભીંજવવો. અને થોડા વખત તેને સુકવ્યા બાદ તેને બે ડ્રામ ટીંકચર બેનઝોઇન તથા એક ઔંસ આલકૅાહૅાલના મીક્ષચરમાં તે મેળવીને સુકવવું અને ત્યાર બાદ તેના ચાર અને ૭ ઇંચ લાંબા પહોળા કટકા કરવા અને જરૂર પડે વાપરવા.

Pulvis Stramonii Compositus.
પલ્વીસ સ્ટ્રેમોનાઇ કમ્પોઝીટસ

Stramonium leaves, Datura leaves, Cannabis indica leaves and lobelia leaves all in powder of each 6 drs. Nitre in powder 1 oz. eucalyptus oil 30 ms. Mix thoroughly.

સ્ટ્રેમોનીયમ, ધંતુરો, ભાંગ તથા લોબેલીયા, એ સર્વેના પાંદડાંનું જાડું ચુર્ણ ૭ ૭ દ્રામ, સુરોખાર ૧ આંસ. યુકાલીપટસ ઓઇલ. ૩૦ ટીપાં એ સર્વેને મેળવીને એક બાટલીમાં ભરી રાખવું અને જરૂર પડે તેમાંથી વાપરવું.

Coarsely powdered Stramonium leaves 2, Potassium nitrate 1. Water 3. Soak and after 12 hours dry.

સ્ટ્રેમોનીયમના પાંદડાનો સેજસાજ જાડો ભુકો ૨ ભાગ, સુરોખાર ૧ ભાગ. ત્રણ ભાગ પાણીમાં ગાળીને ઉપરના પાંદડાનો ભુકો તેમાં ભીંજાવવો. અને બાર કલાક અંદર રહેવા દઈ બહાર કાઢી સુકવી નાંખવો અને એક બાટલીમાં રાખી જરૂર પડે વાપરવો.

Pulvis Anti-Asthamaticus=પલ્વીસ એન્ટી એસ્થેમેટીકસ.

Opium. 2. Lobelia, 100, Belladona, 150, Stramonium 550, Potassium Nitrate 170, Camphor 25 parts. Distilled water Q. S.

અફીણ ૨ ભાગ, બેલાડોનાના પાંદડા ૧૫૦ ભાગ, સ્ટ્રેમોનીયમના પાંદડા ૫૫૦ ભાગ સુરોખાર ૧૭૦ ભાગ. કપુર ૨૫ ભાગ. પાણી જરૂર જેટલું. ઉપરની સર્વે દવાઓનું અગાઉ કહ્યા પ્રમાણે ચુર્ણ બનાવી રાખવું અને જરૂર પડે વાપરવું.

Lobelia 6 part, Stramonium 25, Sugar 32, Potassium nitrate 37.

લોબેલીયા ૬ ભાગ, સ્ટ્રેમોનીયમ, ૨૫ ભાગ. સાકર ૩૨ ભાગ. સુરોખાર ૩૭ ભાગ. સર્વે દવાઓનું ઉપર પ્રમાણે સુરોખાર પાઇને ચુર્ણ બનાવી રાખવું.

Asthama powder=એસ્થમા પાઉડર.

Stramonium, Lobellia, Potassium nitrate, Belladona leave and tea dust equal parts.

સ્ટ્રેમોનીયમ, લોબેલીયા, સુરોખાર, બેલોડોના અને ચાની ભુકી સમભાગે મેળવી ચુર્ણ બનાવી રાખવું.

Pulvis Belladona leaves, Pulvis Hyoscyamus leaves, Pulvies Stramonium leaves, and potash nitras equal parts. half a tea spoonful to be burnt for each fumigation.

બેલોડોનાના પાંદડા, હાયોસાઇમસના પાંદડા, સ્ટ્રેમોનીયમના પાંદડા; અને સુરોખાર સમભાગે લઇ ચુર્ણ કરી રાખવું; અને દર વખત અર્ધી ચમચી જેટલું ધુમ્રપાન માટે વાપરવું.

Sawyer's Asthama Powder–સૉયરનું એસ્થમા પાઉડર.

Stramonium 50 parts, Lobalia 6 parts, Anisi 12 parts. Tea 6 parts, oil Eucalyptus 1 part Potassium nitrate 25.

સ્ટ્રેમોનીયમ ૫૦ ભાગ, લોબેલીયા ૬ ભાગ, એનીસી ૧૨ ભાગ, ચા ૬ ભાગ ઓઇલ યુકાલીપટસ ૧ ભાગ, સુરોખાર ૨૫ ભાગ, મેળવી ચુર્ણ કરવું.

Crevoisieur's Asthama Powder.

ક્રેવોઇસીઅર્સ એસ્થમા પાઉડર.

Powdered belladona leave. Powdered foxglove, powdered stramonium, Powdered sage, Powdered potassium nitrate of each **epual parts.**

બેલોડોનાના પાનનો, ફાક્ષગ્લોવનો, સ્ટ્રેમોનીયમના પાનનો, સેઈજનો તથા સુરોખારનો ભુકો સરખે ભાગે લઇ તેનું ચુર્ણું બનાવવું અગર એક એક ડ્રામની ટીકડીયો બનાવી રાખવી.

Pulvis Lobelia Compositus–પલ્વીસ લોબેલીયા કમ્પોઝીટસ.

Potosium nitrate 240, Lobalia in powder 240, Stramonium leaves 240. Bleack tea in powder 240, oil anisi 1.

પોટેશીયમ નાઇટ્રેટ ૨૪૦, લોબેલીયાનું ચુર્ણું ૨૪૦, સ્ટ્રેમોનીયમના પાંદડાનું ચુર્ણું ૨૪૦, બ્લેકટી ૨૪૦. ઓઇલ એનીસી ૧ ભાગ. સર્વે દવાઓનું ઉપરની રીત પ્રમાણે ચુર્ણું બનાવવું અને જરૂર પડે વાપરવું.

Fumigation Nitrosa Composita.

Powdered belladona leaves powdered, Hyosyamus leaves, Powdered stramonium leaves, Powdered tobacco leaves, potassium nitrate of each equal parts. half a tea spoonful for each fumigation.

બેલોડોના, હાયોસાઇમસ, સ્ટ્રેમોનીયમ, તંબાકુ, વીગેરે સમભાગ દવાઓનાં પાંદડાંનો જાડો ભુકો તથા તે દરેક વજન જેટલો સુરોખાર લઇ ચુર્ણું બનાવવું અને જરૂર પડે તેમાંથી અર્ધી ચમચી જેટલું વાપરવું.

Stramonium leaves, 4 drs. Anisifruit 2 drs. Potassium nitrate 2 drs. make powder.

સ્ટ્રેમોનીયમના પાંદડાનો ભુકો. ૪ ડ્રામ, એનીસીનો ભુકો. ૨-ડ્રામ. સુરોખાર ૨ ડ્રામ મેળવી ચુર્ણું બનાવવું.

Stramonium leaves, 4 drs. green tea 4 drs. Lobelia 1½ ds.

Mix and pour on the mixture enough saturated solution of nitre to wet it, dry it and preserve in a closely stoppered bottle.

સ્ટ્રેમોનીયમના પાંદડાના ભુકો. ૪ ડ્રામ. લીલી ચાનો ભુકો. ૪ ડ્રામ. લોબેલીયાના પાનનો ભુકો. ૧।। ડ્રામ, એ ત્રણે દવાઓનું ચુર્ણું કરવું. અને તેની ઉપર સુરાખારનું ઘટ પ્રવાહી બનાવીને રેડવું અને તેને એકમેક કરીને સુકવવું. અને સુકાયા બાદ એક બાટલીમાં રાખી મુકી જરૂર પડે વાપરવું.

Stramonium leaves 1 oz. Lobelia ½ oz. Bellodona. ½ oz. Grind thoroughly in a mill.

Take powdered potash nitras ½ oz. and Laudanum ½ oz. Dissolve the nitre in the smallest quantity of water and add the laudanum, with this thoroughly saturate mix the minced and ground leaves and dry at a grentle heat. When dry mix well with a little powdered camphor and keep in a stoppered bottle.

સ્ટ્રેમોનીયમના પાન ૧ ઔંસ, લોબેલીયા ૦।। ઔંસ, બેલોડોના ૦।। ઔંસ, સુરોખાર. ૦।। ઔંસ. લાડેનમ ૦।। ઔંસ.

પ્રથમ સ્ટ્રેમોનીયમ, લોબેલીયા તથા બેલાડોનાના પાનનો ભુકો કરવો. અને તેને અલગ રાખવો. ત્યાર બાદ સુરોખારને બહુજ થોડા પાણીમાં પલાળીને તેનું પાણી કરવું અને તેમાં લાડેનમ મેળવવું. અને ત્યાર બાદ તેમાં ઉપર કહેલા ચુર્ણનો ભુકો મેળાવવો અને પછી તે સર્વેને સાધારણ ગરમીથી સુકાવવું. અને બરોબર સુકાઈ જાય ત્યારે તેમાં થોડું કપુર ભેળવીને એક કાચની શીશીમાં ભરી રાખવું. અને જરૂર પડે તેમાંથી અર્ધો ડ્રામ જેટલું ધુમ્રપાન માટે વાપરવું.

Pulvis stramonium leaves, 1 oz. Pulvis Cascarilla corten 2 drs. Potash nitras ½ oz. Pul-Ipecae ½ oz. Mix and dry thoroughly. Small portion to be burned and the smoke inhaled during the attack.

સ્ટ્રમોનીયમના પાનનો ભુકો. ૧ ઔંસ, કેસકેરીલાની છાલનો ભુકો. ૨ ડ્રામ, સુરોખાર. ૦॥ ઔંસ, આઇપીકેકનું ચુર્ણ. ૦॥ ઔંસ. સર્વે દવાઓનું રીત પ્રમાણે ચુર્ણ મેળવીને સુકાવવું. અને જરૂર પડે તેમાંથી થોડું ધુમ્રપાન માટે વાપરવું.

Datura tatula 2 drs. Stransmonium leaves, 2 drs. Cannabis Indica, 2 drs. Powdered nitri. 2 oz. oil eucalyptus ½ drs.

Mix thoroughly. Put a tea spoonful on white paper in a saucer and burn in bed room.

ધંતુરાના પાન. ૨ ડ્રામ, સ્ટ્રેમોનીયમના પાન. ૨ ડ્રામ, ભાંગના પાંન ૨ ડ્રામ. સુરોખાર ૨ ઔંસ. ઓઇલ યુકાલીપટસ. ૦॥ ડ્રામ.

ઉપરની સર્વે દવાઓને મેળવીને ચુર્ણ કરવું. અને જરૂર પડે તેમાંથી અર્ધી ચમચી જેટલું એક રકાબીમાં રાખી દરદીના ઓરડામાં દરદી નજીક સળગાવવું.

Potassium nitrate ½ oz. Sulphur Sublima tum ½ dr. Pul. Anisi, 3½ drs. Pul Stramonium 1 oz. make powder.

સુરોખાર ૦॥ ઔંસ. ગંધક ૦॥ ડ્રામ, એનીસીનો ભુકો, ૩॥ ડ્રામ, સ્ટ્રેમોનીયમનો ભુકો, ૧ ઔંસ. સર્વેને મેળવી ચુર્ણ બનાવી રાખવું.

Belladona leaves, 4 drs. Stramonium ieaves, 4 drs. Potassiam nitras, 1½ drs. make powder.

બેલાડોનાના પાન. ૪ ડ્રામ, સ્ટ્રેમોનીયમના પાનનો ભુકો. ૪ ડ્રામ, સુરોખાર ૧॥ ડ્રામ મેળવી ચુર્ણ બનાવવું.

Lobelia, Stramonium leaves, Black tea, Potassium of each equal parts make powder.

લોબેલીયા, સ્ટ્રેમોનીયમ, બ્લેકટી, તથા સુરોખાર સરખે ભાગે મેળવી ચુર્ણ કરવું.

Household Asthama powder.

Potash nitras, 1 part, Black tea dust, 2 parts, make powder.

સુરોખાર ૧ ભાગ, બ્લેકટી, ૨ ભાગ મેળવી ચુર્ણ કરી રાખવું. અને જરૂર પડે થોડું વાપરવું.

Inhalation of some potent drugs. **કેટલીક ઝેરી અને સખત દવાઓનું વરાળરૂપે શ્વાસમાં લેવું:**—ઉપર કહ્યા પ્રમાણે જેમ કેટલીક દવાઓનો ધુમાડો દમની શાંતિ માટે લેવાય છે તેવીજ રીતે કેટલીક દવાઓ સુક્ષ્મ પ્રમાણમાં વરાળરૂપે શ્વાસમાં લેવાય છે, એટલે કે તે દવાઓનાં થોડાંક ટીપાં રૂમાલપર છાંટીને અગર તો તેની તૈયાર કેપસ્યુલો આવે છે તેમાંથી દવા કાઢીને રૂમાલપર તેનાં થોડાં ટીપાં છાંટીને અગર તો એમને એમ સુંઘીને અગર તો તેના માટે ખાસ યંત્રો આવે છે તે યંત્રમાં તે દવા નાંખીને તેનો શ્વાસ લેવાય છે અને તે પ્રમાણે શ્વાસ વાટે દવા ફેફસાંમાં જવાથી દમનો હુમલો શાંત પડે છે. સાધારણ નીચે લખેલી દવાઓ આ રીતે વપરાય છે:—

Chloroform—ક્લોરોફોર્મ—આ દવા બહુ ઝેરી અને પ્રાણઘાતક છે અને ખાસ જરૂરીયાત શીવાય વાપરવા જેવી નથી, તેમજ દરદીને પોતાને હાથે ઉપયોગ કરવા દેવા જેવી નથી, માટે ખાસ કહેવાનું જે ડાક્તરની સલાહ અગર દેખરેખ શીવાય તે કદી વાપરવી નહીં.

ક્લોરોફોર્મ જો કે બહુ ઝેરી છે તોપણ જો તેનો યોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવે તો દમના રોગમાં ઘણો સારો અને તાત્કાલીક ફાયદો થાય છે. કેટલાક ડાક્તરો ક્લોરોફોર્મના પાંચથી દસ ટીપાં રૂમાલપર છાંટીને શ્વાસ વાટે તેની ગંધ લેવરાવે છે અને અસર થતાં સુધી થોડા થોડા અંતરે એ પ્રમાણે બે ત્રણ વખત કરાવે છે અને એ પ્રમાણે બે ત્રણ વખત કરવાથી દમના હુમલામાં સારો ફાયદો થાય છે. કેટલાક ડાક્તરો ઉપર પ્રમાણે પાંચથી દસ ટીપાં થોડા થોડા અંતરે આપવાને બદલે એકજ વખત દરદીના શરીરનો ખ્યાલ રાખીને વધારે નહીં પણ માત્ર સાધારણ નીસો અગર ઘેન જણાય એટલા પ્રમાણમાં એકજ વખત આપવાની ભલામણ કરે છે અને એ પ્રમાણે એક વખત આપવાથી સાધારણ નીશા જેવું જણાઇ આવી દમનો હુમલો તદ્દન શાંત પડે છે. આ પ્રમાણે એકજ વખતમાં સેજસાજ વધારે પ્રમાણમાં આપવાનો હેતુ એ છે કે થોડા થોડા પ્રમાણમાં આપવાથી બરોબર અસર થતી નથી અને તેથી થોડી થોડી વારે તે પ્રમાણે આપવાની જરૂર પડે છે અને પરિણામે એકંદર વધારે પ્રમાણમાં લેવું પડે છે એટલે કે એક વખત લેવું પડે તે કરતાં પણ તેનું પ્રમાણ વધી પડે છે અને તેમ છતાં પણ તેની જોઇએ તેવી અસર થતી નથી. જ્યારે જરા વધારે પ્રમાણમાં એકજ વખત આપવાથી બહુ સારો અને તાત્કાલીક ફાયદો થાય છે અને તેથી કેટલાક ડાક્તરો તે રીત પસંદ કરે છે. જો કે ઉપર પ્રમાણે ક્લોરોફોર્મ વાપરવાથી ફાયદો થાય છે ખરો, પણ તે પ્રમાણે વાપરવું જોખમકારક છે, માટે ખાસ જરૂરીયાત શીવાય તે પ્રમાણે વાપરવો નહીં તેમજ દરદીને પોતાને હાથે વાપરવાની રજા આપવી નહીં. આ દવાની જાદુઇ અસર થતી હોવાથી ઘણા દરદીઓ આ પ્રમાણે તેનો ઉપયોગ કરવા લલચાય છે પણ દર્દીઓએ આ દવાનો પોતાને હાથે ઉપયોગ કરી લેવા લલચાવું નહીં, કારણકે તેથી ઘણીવાર વીપરીત પરિણામ આવે છે.

Amyl Nitrite—એમીલ નાઇટ્રાઇટ—આ દવા પણ આ વ્યાધિના હુમલા વખતે ક્લોરોફોર્મની પેઠે વપરાય છે અને તેનો જો કે થોડો વખત ટકે તેટલોજ તોપણ સારો ફાયદો જણાય છે. આ દવાના પાંચ પાંચ ટીપાંની કેપસ્યુલો તૈયાર આવે છે. તેમાંથી બે

ત્રણ ટીપાં રૂમાલ પર છાંટીને સુંઘવાથી દમનો હુમલો શાંત પડે છે. આ દવા પણ બહુજ ઝેરી છે માટે ડાક્તરની દેખરેખ શીવાય વાપરવું નહીં.

Ethyl Iodide—ઇથીલ આયોડાઇડ=આ દવા પણ ઉપરની દવાની પેઠે દમના હુમલા વખતે વપરાય છે, એટલે કે આ દવાનાં પાંચ પાંચ ટીપાં એક રૂમાલ પર છાંટીને સુંઘવાથી દમનો હુમલો શાંત પડે છે. આ દવાની પણ પાંચ પાંચ ટીપાંની કેપસ્યુલો તૈયાર આવે છે અને વાપરવી સહેલી થઇ પડે છે. બીજું આ દવા એકલી વાપરવાથી જો કે ફાયદો થાય છે તો પણ ક્લોરોફોર્મની સાથે વાપરવાથી બહુ સારો ફાયદો થાય છે એમ કેટલાક ડાક્તરોનું માનવું છે અને તેઓ પાંચ ટીપાં આ દવાનાં અને દસ ટીપાં ક્લોરોફોર્મનાં મેળવીને વાપરે છે. આ બન્ને દવાની માર્ટીન ડેલની Martin dale's તૈયાર કેપસ્યુલો આવે છે તે વાપરવાથી ઠીક ફાયદો થાય છે.

Nitro-glycerine—નાઇટ્રોગ્લીસરીન=આ દવા પણ દમના હુમલા વખતે વપરાય છે અને તેનાથી પણ ઠીક ફાયદો થાય છે. આ દવા પણ ઝેરી છે અને ડાક્તરની સલાહ શીવાય વાપરવા જેવી નથી.

Pyridine—પાઇરીડીન-આ દવાની વરાળ પણ દમના હુમલા વખતે બહુ ઉપયોગી છે. આ દવા ઉપર કહેલી બીજી સુંઘવાની તેમજ ઇનજેકશનની દવાઓ કરતાં પ્રમાણમાં ઓછી નુકશાનકારક છે. આ દવાની એકાદ નાની ચમચી ભરીને એક નાની રકાબીમાં નાંખીને દીવસમાં બે ત્રણ વખત તેની વરાળ લેવાથી દમના હુમલામાં સારો ફાયદો થાય છે. અગર તો આ દવા ઉપર પ્રમાણે રકાબીમાં નાંખીને દરદીના ઓરડામાં દરદીની પથારી આગળ મુકવાથી પણ તેની હવા પ્રસરીને દવાની વરાળ શ્વાસ વાટે ફેફસાંમાં જવાથી ફાયદો થાય છે. નાનાં બચ્ચાંઓને પાંચ પાંચ ટીપાં જેટલી દવા એક રૂમાલ પર છાંટીને રૂમાલ બચ્ચાંને ગળે બાંધવાથી પણ બચ્ચાંને દમમાં ફાયદો થાય છે. આ દવાથી બચ્ચાંને ફાયદો થાય છે અને દરદીને ઉંઘ આવી જાય છે.

Cocaine—કોકેઇન-જો કે કોકોનાં પાંદડાં ધુમ્રપાનના કેટલાક પ્રયોગોમાં આવે છે અને તેની ઠીક અસર થાય છે, તો પણ તેમાંથી નીકળતું સત્વ કોકેઇન એ દમનો હુમલો શાંત પાડવા માટે અકસીર છે અને તેથી તે કેટલીક પેટન્ટ દવામાં આવે છે. જેમાંનો Dr. Tucker's Asthama specific ડૉ. ટકર્સ એસ્થમા સ્પેસીફીક એ મુખ્ય છે. આ દવાની જાદુઇ અસર થાય છે અને તેથી ઇગ્લાંડ, તથા અમેરીકા વીગેરે દેશોમાં બહુજ વપરાય છે. આ દવાની બનાવટ વીગેરેની સમજ નીચે પ્રમાણે છે.

આ દવા પ્રવાહી રૂપમાં આવે છે અને તે વેપોરાઇઝર અગર એટોમાઇઝર વીગેરે વરાળરૂપે દવા શ્વાસમાં લેવાના ખાસ યંત્રો આવે છે તે મારફતે વપરાય છે. અને તે યંત્ર પણ આ દવાની સાથે આવે છે. આ દવામાં મુખ્યત્વે કરીને કોકેઇન, એટ્રોપીન, સોડીયમ નાઇટ્રાઇટ, તથા લોબાનના ફુલ વીગેરે દવાઓ મુખ્યત્વે કરીને આવે છે અને તે ઉપરાંત ગ્લીસરીન તથા બીજી એક બે દવાઓ આવે છે. આ દવા દમના હુમલા વખતે બહુ ઉપયોગી છે, તેનાથી દમનો હુમલો શાંત પડે છે, એટલુંજ નહીં પણ દમ ચડશે એવું લાગવાથી તરત તેનો ઉપયોગ કરવાથી દમ ચડતો અટકી જાય છે.

ડૉ. વીલકોક્ષે આ દવાનું પ્રથક્કરણ કરી તેમાં નીચે પ્રમાણે દવાઓ હોવાનું જણાવ્યું છે:— દર ઔંસ દવામાં નીચે પ્રમાણે દવાનું હોવા તે જણાવે છેઃ—

કોકેઇન ૨-૨૮ ગ્રેન, એટ્રોપીન ૭-૮૭ ગ્રેન, સોડીયમ નાઇટ્રાઇટ ૧૫.૨૫ ગ્રેન, તે શીવાય સોબાનનો ભાગ તથા બીજી એક બે દવા ઉપરાંત ૨૦ થી ૩૦ ટકા જેટલું ગ્લીસેરીન તેની અંદર આવે છે. આ દવાની વાપરવાની રીત વીગતવાર બાટલી સાથે આપવામાં આવી હોય છે.

ડૉ. જેઇમ્સ એડેમ્સ એસ્થમા સ્પેસીફીક—ઉપરની દવા સીવાય ગ્લાસગોના પ્રસિદ્ધ અને વિદ્વાન ડાક્તર જેમ્સ ઍડેમ્સે પણ ઉપરની દવા જેવું એક ઔષધ દમના હુમલા વખતે વાપરવા ભલામણ કરી છે, તે દવા ડૉ. ટકર્સની દવા પેઠેજ વપરાય છે અને તેની મેળવણી નીચે પ્રમાણે છેઃ

કોકેઇન હાઇડ્રોક્લોર. ૧ ટકો, સોડીયમ નાઇટ્રાઇટ ૭½ ટકા, હાયોસ્યામીન સલ્ફ ૦.૨ ટકા, એટ્રોપીનસલ્ફ ૦.૫ ટકા, ગ્લીસરીન ૧૫ ટકા, સાકર જરૂરજોગી, ઓઇલગોલથેરીયા સુક્ષ્મપ્રમાણમાં અને પાણી ૧ ઔંસ.

Cocine Hydrochlor 1 p. c., Sodium Nitrite 7½ p. c., Hyoscyamin Sulp. o. 2 p. c. Atropin sulf o 5 p. c., Glycerine 15 p. c., Sacch Q. S. oil gaultheria a little trace, aqua 1 oz.

ઉપરની મેળવણી ડૉ. ટકર્સની દવાની પેઠે એટોમાઇઝરમાં વપરાય છે અને તેની જાદુઇ અસર થાય છે. એટલે ચડેલો દમ શાંત પડી જાય છે અને ચડવા માંડેલો દમ અટકી જાય છે.

સૂચના—ઉપર કહેલી કોકેનવાળી દવાથી જો કે તાત્કાલીક ફાયદો થાય છે પણ તેની સાથે તેનો મોટો દુર્ગુણ એ છે કે તેની ટેવ પડી જાય છે, તેમજ તેનો અતીયોગ થતાં વીપરીત પરિણામ આવે છે માટે વાપરતાં બહુજ ખ્યાલ રાખવો. આ દવાની સાથે તેનું યંત્ર પણ આવે છે તેમજ તે વાપરવાની વીગતવાર સુચનાઓ પણ સાથે આવે છે.

List of Allopathic drugs generally used in Asthama in various forms. દમના વ્યાધિમાં જુદી જુદી રીતે વપરાતા અંગ્રેજી ઔષધોની સામાન્ય યાદિ.

Acid Arsenic.—એસીડ આર્સેનીક. (સોમલ)
Acid Hydroscyanic dilute—એસીડ હાઇડ્રોસ્યાનીક ડાઇલ્યુટ.
Aconite—એકોનાઇટ=(વછનાગ)
Adrenalin—એડ્રેનેલીન.
Aethre—ઇથર.
Ammonia and its salts—એમોનીયા અને તેના ક્ષારો.
Alum—એલમ-(ફટકડી.)
Ammoniacum—એમોનીયેકમ
Amyl Nitras—એમીલ નાઇટ્રસ
Antimony—એન્ટીમની
Analgen—એનેલજેન.
Antifebrin—એન્ટીફેબ્રીન.
Antipyrine—એન્ટીપાઇરીન
Anisi—એનીસી.
Apomorphia—એપોમોરફીયા.
Aspirin—એસ્પીરીન.
Atropin—એટ્રોપીન.

Aspidospermine—એસ્પીડોસ્પરમાઇન.
Assafoetida—એસેફેટીડા=હીંગ.
Benzyl Benzoate—બેનઝીલ બેનઝોએટ.
Balsalm Peru—બાલસામપેરૂ
Balsalm Tolu—બાલસામટોલું.
Belladona—બેલાડોના
Bromides of potassium, Sodium and ammonium—પોટાશીયમ, બ્રોમાઇડ, સોડીયમ બ્રોમાઇડ તથા એમોનીયમ બ્રોમાઇડ વીગેરે બ્રોમાઇડો.
Chloroform—ક્લોરોફોર્મ.
Cocaine—કોકેઇન.
Coca—કોકા.
Caffeine citras.—કેફીન સાઇટ્રસ.
Coffee—કોફી.
Camphor—કેમ્ફર=(કપુર)
Colchicum—કોલ્ચીકમ.
Conium—કોનીયમ.
Creosote—ક્રીયોસોટ.
Cannbis Idica—કેનેબીસ ઇન્ડીકા (લીલાગર ભાંગ.)
Chloral Hydras—ક્લોરલ હાઇડ્રસ.
Caffeine tri-Iodide—કેફીન ટ્રાઇ આયોડાઇડ
Datura Tatula—ડેટુરા ટેટયુલા=(ધંતુરો)
Digitalis—ડીજીટેલીસ.
Dionine (Merck's)—ડાયોનીન (મર્કનું)
Eucalyptus—યુકાલીપટસ.
Euphorbia Pilulifera—યુફોર્બીયા પીલ્યુલીફેરા
Ethyl Nitras—ઇથીલ નાઇટ્રસ.
Ethyl Iodide—ઇથીલ આયોડાઇડ.
Fennel Seeds—ફેનલ સીડસ.
Gelsium—જેલસીયમ
Grindelia Robusta—ગ્રીનડેલીયા રોબસ્ટા.
Hyocymus—હાયોસાઇમસ.
Hyoscine—હાયોસાઇન.
Hyoscyamine—હાયોસાઇમીન.
Iodopin—આયોડોપીન
Iodides of potassium, Sodinm and ammonium—પોટેશીયમ, સોડીયમ તથા એમોનીયાના આયોડાઇડો.
Ipecac—આઇપીકેક.
Iodiglidin—આયાડોગ્લીડીન.
Jaborandi—જાબોરેન્ડી.
Lobelia inflata—લોબેલીઆ ઇનફ્લેટા.
Morphia—મોર્ફીયા.
Myrrh—મર્હ.
Menthol—મેન્થોલ.
Musk—મસ્ક, (કસ્તુરી.)
Nitroglycerine—નાઇટ્રોગ્લીસરીન.
Opium—ઓપીયમ.
Oxgen Vapour—ઓક્સીજન વેપર.
Potash Iodide—પોટાસ આયોડાઇડ.
Potash Naitras—પોટાસનાઇટ્રસ.
Potas Chloras—પોટાસ ક્લોરસ.
Potash bromide—પોટાસ બ્રોમાઇડ.
Paraldyhide—પેરેલડીહાઇડ.
Pilocarpine—પીલોકારપાઇન.
Piscida—પીસીડા
Pulsatilla—પલ્સેટીલા.
Pyridine—પાઇરીડાઇન.
Quebracho—ક્યુબ્રેકો.
Quinine—ક્વીનાઇન.
Sage—સેઇજ.
Sodi Nitrite—સોડી નાઇટ્રાઇટ.
Spt. Aether nitrosi—સ્પીરીટ ઇથર નાઇટ્રોસી.
Stramonium—સ્ટ્રેમોનીયમ.
Strychnia—સ્ટ્રીકનીયા.
Sumbul—સંબુલ.
Tobacco—ટોબેકો. (તમાકુ)
Tea Black and green—લીલી તથા કાળી ચા.

ઉપરના લીસ્ટમાં આપેલાં ઔષધો પૈકી ઘણાખરાં ઔષધો દમના વ્યાધિમાં એક નહીં તો બીજી રીતે વપરાય છે. એટલે કે તે પૈકી કેટલાંક ઔષધો ખાવા માટે વપરાય છે, કેટલાંક ધુમ્રપાન તરીકે વપરાય છે અને કેટલાંક ઇનજેકશન તથા બીજી રીતે વપરાય છે કે જેની સામાન્ય વીગત આ લેખમાં ઘટતે સ્થળે આપવામાં આવેલ છે.

અંગ્રેજી વૈદકમાં જો કે દમ રોગના માટે સંખ્યાબંધ ઔષધો વપરાય છે તોપણ તે પૈકી નીચેનાં ઔષધો બહુજ અસરકારક હોઇ વધારે પ્રમાણમાં વપરાય છેઃ—

તિક્ષ્ણ તેમજ જીર્ણ દમ અગર શ્વાસરોગમાં ખાવા માટે વપરાતા મુખ્ય અંગ્રેજી ઔષધો.

Potash Iodide—પોટાશ આયોડાઇડ-દમના માટે વપરાતી અંગ્રેજી દવાઓમાં પોટાશ આયોડાઇડ એ એક સૌથી મુખ્ય અને અગત્યની દવા છે, એટલે કે અંગ્રેજી દવા વાપરનારા દાક્તરનું દમના માટે એવું કોઇપણ પ્રીસક્રીપશન નહીં હોય, કે જેમાં પોટાશ આયોડાઇડ ઓછા વધતા પ્રમાણમાં આવતો નહીં હોય. પોટાશ આયોડાઇડ દમ ચડયો હોય ત્યારે એટલે કે દમના હુમલા વખતે તેમજ દમ શાંત પડયા પછી તે ફરીથી ચડતો અટકાવવા માટેના પ્રયોગોમાં એમ બને રીતે વપરાય છે અને અમુક વખતે તેનાથી ઘણો સારો ફાયદો થાય છે. દમના વ્યાધિમાં પોટાશ આયોડાઇડ એ એક અનુભવસિદ્ધ દવા છે અને તેની સામાન્ય માત્રા ૫ થી ૧૦ ગ્રેન, સુધીની છે.

પોટેસીયમ આયોડાઇડ જોકે ઉપર કહ્યા પ્રમાણે દમના માટે એક સર્વોત્તમ દવા છે તો પણ તે એકલી વાપરવાથી જોઇએ તેવો ફાયદો થતો નથી પણ જો તેની સાથે સ્ટ્રેમોનીયમ, બેલેડોના, લોબેલીયા અગર ગ્રીનડેલીયા વીગેરે દવાઓનો યોગ્ય પ્રમાણમાં યોગ કરવામાં આવે તો તેની અસર બહુજ સારી અને જલદી થાય છે. સામાન્ય રીતે દાક્તરો પોટાશીયમ આયોડાઇડની સાથે ઉપરની દવાઓ પૈકી સ્ટ્રેમોનીયમ મેળવવાની વધારે ભલામણ કરે છે. જોકે સ્ટ્રેમોનીયમ મેળવવાથી શરૂઆતમાં દરદીને સ્હેજસાજ બેચેની જેવું જણાય છે તેમજ કેટલાકનું ગળું તથા મોઢું શુષ્ક થઇ જાય છે તેમજ આંખની દ્રષ્ટીમાં થોડોઘણો ફેરફાર થઇ આવે છે તેમજ કોઇ કોઇને સ્હેજસાજ માથાંનો દુઃખાવો તથા અગ્નિમાંદ્યતા જેવું જણાય છે અને તેથી કેટલાક દરદીને શરૂઆતમાં સ્ટ્રેમોનીયમ વાળી મેળવણી માફક આવતી નથી તો પણ યોગ્ય પ્રમાણમાં વધારે નહીં તો રાત્રે સુતી વખતે એકાદ ડોઝમાં તેની મેળવણી કરી આપવાથી સારો ફાયદો જણાય છે. જો ઉપર કહ્યા પ્રમાણે સ્ટ્રેમોનીયમ માફક આવતું ન હોય તો પછી બેલાડોના લોબેલીયા તથા ગ્રીનડેલીયા વીગેરે દવાઓ મેળવવાથી પણ તેવોજ ફાયદો થાય છે.

Stramonium—સ્ટ્રેમોનીયમ=સ્ટ્રેમોનીયમ એ ધંતુરાને મળતી એક દવા છે અને તે દમના વ્યાધિમાં દરેક રીતે એટલે કે ધુમ્રપાન તરીકે તેમજ પેટમાં ખાવાની દવા તરીકે બહુ વપરાય છે. ગમે તે રીતે બીજી યોગ્ય દવાની સાથે વાપરવાથી દમના વ્યાધિમાં એકંદરે બહુ સારો ફાયદો કરે છે. સાધારણ રીતે ટીંકચરના રૂપમાં વપરાય છે અને તેની સામાન્ય માત્રા ૫ થી ૧૫ ટીપાં છે.

Belladona—બેલાડોના=બેલેડોના પણ દમના વ્યાધિમાં બહુ ઉપયોગી છે, જોકે તેની અસર સ્ટ્રેમોનીયમ કરતાં સ્હેજસાજ કમતી જણાય છે તો પણ કેટલાક દાક્તરો આ દવા દમના રોગમાં છુટથી વાપરે છે. તેનાથી દમના વ્યાધિમાં સારો ફાયદો થાય છે એટલે

કે પોટાસ આયોડાઇડ વીગેરે દવાના યોગમાં તે આપવાથી ચડેલો દમ થોડા વખતમાં શાંત પડે છે. બેલાડોનાથી પણ સેજસાજ બેચેની તથા ગળાં વીગેરેની સુક્કતા જણાય છે તેમજ દ્રષ્ટીમાં પણ ફેર પડી જાય છે, માટે તેનો અતિયોગ થવા ન પામે તેનો ખ્યાલ રાખવો. બેલાડોના પણ સામાન્ય રીતે ટીંકચરના રૂપમાં વધારે વપરાય છે અને તેની સાધારણ માત્રા ૫ થી ૧૫ ટીપાંની છે.

Lobelia inflata—લોબેલીયા ઇનફ્લેટા-આ દવા દમના રોગમાં અકસીર ગણાય છે અને ઘણાં લાંબા કાળથી વપરાય છે. આ દવાના ગુણ લગભગ તમાકુ તથા સ્ટ્રેમોનીયમના જેવાજ છે અને મોટા ભાગે સ્ટ્રેમોનીયમ તથા પોટાસ આયોડાઇડની સાથેજ વપરાય છે. સામાન્ય રીતે દમના હુમલા વખતે તે વધારે વપરાય છે, તેનાથી સામાન્ય મોળ ચડવા જેવી અસર થાય છે અને તેના લીધે શ્વાસ નળીકાની અંદરના સ્નાયુઓમાં અસર થઇ આવી દમનો હુમલો શાંત પડવા માંડે છે. આજદીન સુધી અમેરીકન-દાક્તરો આ દવાનો બહુ છુટથી ઉપયોગ કરતા હતા અને દમના રોગનો ખાસ અનુભવી દાક્તર Hyde Slater કે જે થોડાં વર્ષોપર થઇ ગયા છે તે તો લોબેલીયાને મોટા પ્રમાણમાં વાપરવાની ભલામણ કરતો હતો. આ દવા બહુ ઉગ્ર અને ઝેરી હોવાથી હાલમાં દાક્તરો તેનો ઉપયોગ બહુ સાવચેતીથી કરે છે અને સામાન્ય દમના હુમલાની શરૂઆતમાં દસ દસ ટીપાંની માત્રામાં દર અર્ધી અર્ધી કલાકે જ્યાં સુધી દમના હુમલામાં ફાયદો જણાય ત્યાં સુધી બે ચાર વખત વાપરે છે અને થોડોઘણો ફાયદો જણાય કે તરતજ તે આપવાનો વખત લંબાવે છે, એટલે કે દર ત્રણ ત્રણ અગર ચાર ચાર કલાકે આપવાનું રાખે છે. સામાન્ય રીતે આ દવા બ્રોમાઇડ, આયોડાઇડ તથા મોરફીયા જેવી દવાની સાથે વપરાય છે અને તેથી તેની અસર સારી થાય છે.

આ દવા જોકે બહુ ફાયદાકારક છે તો પણ બહુ ઝેરી હોવાથી બહુ સાવચેતીથી વાપરવા જેવી છે. સાધારણ રીતે દમ ચડયો હોય ત્યારે આ દવા સાધારણ પ્રમાણમાં બે ચાર ડોઝ સુધી દર અર્ધી અર્ધી અગર એક એક કલાકે અપાય છે પણ બે કરતાં વધારે વખત અને વધારે પ્રમાણમાં આપી શકાતી નથી, એટલે કે બે ચાર વખત આપ્યાથી થોડો ઘણો ફાયદો જણાય તો તે આપવાના પ્રમાણ તથા સમયમાં ફેરફાર કરવો પડે છે અને સુક્ષ્મ પ્રમાણમાં લાંબે લાંબે અંતરે અપાય છે. એટલે કે દર ચાર ચાર અગર છ છ કલાકે આપવાનું રાખવામાં આવે છે. આ દવા દમ ચડયો હોય ત્યારે તેમજ દમના અટકાવ માટે પણ બીજી દવાના યોગમાં યોગ્ય પ્રમાણમાં આપી શકાય છે.

હાલમાં આ દવાનું એક સત્વ Lobeline લોબેલાઇન નામનું બહાર પડયું છે અને તે પણ કેટલાક દાક્તરો ૧ થી ૨ ગ્રેનની માત્રામાં વાપરવાની ભલામણ કરે છે.

Grindelia Robusta—ગ્રીનડેલીયા રોબસ્ટા-આ દવા દમના માટે હાલમાં બહુ વખણાય છે અને ધુમ્રપાન તરીકે તેમજ પેટમાં પાવા માટે પણ વપરાય છે. સામાન્ય રીતે ખાવા માટે તેના પ્રવાહી સત્વના રૂપમાં અગરતો ટીંકચરના રૂપમાં વપરાય છે. દમ ચડયો હોય ત્યારે સાધારણ રીતે તેના પ્રવાહી સત્વના ૧૦ થી ૨૦ ટીપાં દર અર્ધી અગર એક એક કલાકે બે ત્રણ વખત આપવાથી દમનો હુમલો શાંત પડી જાય છે અને દરદીને રાહત મળે છે. આ દવા પણ પોટેશીયમ આયોડાઇડ, લોબેલીયા તથા સ્ટ્રેમોનીયમ વીગેરેના યોગમાં વપરાય છે અને તેનાથી ઘણો સારો ફાયદો થાય છે.

આ શીવાય Spt. grindelia Co. સ્પીરીટ ગ્રીનડેલીયા કમ્પાઉન્ડ નામની દવા આવે છે કે જેની અંદર ગ્રીનડેલીયા, સોડીયમ, આયોડાઇડ, નાઇટ્રોગ્લીસરીન, ટાંકચર યુફોરબ્રીયા તથા કલોરોફોર્મ વીગેરે દવાઓ આવે છે તે દવા પણ વાપરવાની કેટલાક ડાક્તરો ભલામણ કરે છે.

Euphorbia Pilulifera—યુફોર્બીયા પીલ્યુલીફેરા—આ દવા અમેરીકન તથા ઓસ્ટ્રેલીયન ડાક્તરો દમના રોગમાં બહુ વાપરે છે અને તે સામાન્ય રીતે ટીંકચર અગર પ્રવાહિ સત્વના રૂપમાં વપરાય છે. તેના ટીંકચરની માત્રા ૧૦ થી ૨૦ ટીપાંની છે અને તે પાણીમાં મેળવીને વપરાય છે. આ શીવાય આ દવાનો કવાથ કરીને પણ આપવાથી ફાયદો થાય છે.

Cannabis Indica—કેનાબીસ ઇન્ડીકા—લીલાગરભાંગ—આ દવા પણ દમના રોગમાં ધુમ્રપાન તરીકે તેમજ ખાવા માટે વપરાય છે અને તેનાથી પણ સારી અસર થાય છે. સામાન્ય રીતે તે ટીંકચરના રૂપમાં વપરાય છે અને તેની માત્રા ૫ થી ૧૦ ટીપાંની છે.

Conium—કોનીયમ—આ દવા પણ બીજી દવાના યોગમાં આ વ્યાધિમાં સારી અસર કરે છે.

Hyoscyamus—હાયોસ્યામસ—આ દવા બીજી યોગ્ય દવાની સાથે દમના રોગમાં સારી અસર કરે છે. આ શીવાય આ દવામાંથી નીકળતાં Hyoscine હાયોસીન તથા Hyoscyamin—હાયોસ્યામીન નામનાં સત્વો સુક્ષ્મ પ્રમાણમાં પાવા માટે તેમજ હાઇપોડરમીક ઇન્જેકશન વડે પણ કેટલીકવાર આ વ્યાધિમાં વપરાય છે.

Bromides of Potassium, Sodium and Ammonium—પોટેશીયમ, સોડીયમ અને એમોનીયાના બ્રોમાઇડ ક્ષારો—આ ત્રણે દવાઓ યોગ્ય પ્રમાણમાં દમના રોગમાં બહુ ઉપયોગી છે, જોકે ઉપર કહેલી ત્રણે દવાઓની અસર બહુ ધીમી થતી હોવાને લીધે તે દમ ચડયો હોય ત્યારે બહુ ઉપયોગી જણાતી નથી તો પણ દમ શાંત પડયા પછી વચગાળાના વખતમાં તે બહુ ઉપયોગી છે. તે થોડો વખત બીજી દવાઓની સાથે ચાલુ રાખવાથી દમના હુમલાઓ ઘણાં ઓછા ચડી આવવા સંભવ છે.

Arsenic—સોમલ—દેશી વૈદકની પેઠે અંગ્રેજી વૈદકમાં પણ સોમલ એ દમના માટે અકસીર ગણાય છે અને કેટલાક સાહસીક વૈદ્યો તથા હકીમો સોમલના ફુલ વગેરે સેજસાજ મોટી માત્રામાં આપીને દમના વ્યાધિમાં કેટલીકવાર ચમત્કારીક ફાયદો બતાવે છે, પણ તે પ્રમાણે મોટી માત્રામાં સોમલ વાપરવો એ ઘણુંજ જોખમકારક છે, માટે તે પ્રમાણે મોટી માત્રામાં નહીં વાપરતાં સુક્ષ્મ પ્રમાણમાં સોમલ લાંબો વખત આપવાથી દમના રોગમાં ઘણો સારો ફાયદો થાય છે અને દમ ચડતો અટકી જાય છે અગર તો ચડવાનો અંતર અગર મુદત લંબાય છે. સામાન્ય રીતે દમના હુમલા કરતાં વચગાળાના વખતમાં સોમલ વાપરવો ઠીક છે. સોમલ કેટલીકવાર ધુમ્રપાનની કેટલીક બનાવટોમાં પણ આવે છે. સોમલ બહુ ઝેરી છે તેથી બહુ વિચારી—વાપરવા જેવો છે તેમજ એકી સાથે લાંબો વખત વાપરી શકાતો નથી પણ અમુક વખત આપ્યા બાદ તે થોડો વખત બંધ કરી દેવો જોઇએ અને ત્યાર બાદ જરૂર લાગે તો ફરીથી શરૂ કરવો જોઇએ.

Strychnia—સ્ટ્રીકનીયા—આ દવા જોકે બહુજ ઝેરી છે તો પણ યોગ્ય પ્રમાણમાં એકલી અગર એટ્રોપીનની સાથે હાઇપોડરમીક ઇનજેકશન વડે તેમજ યોગ્ય રૂપમાં

પેટમાં ખાવા માટે આપવાથી પણ દમના વ્યાધિમાં સારો ફાયદો થાય છે. તેની સામાન્ય માત્રા $\frac{1}{60}$ ગ્રેનની છે. આ શીવાય Arsenate of strychnia આર્સીનેટ ઓફ સ્ટ્રીકનીયા પણ આ વ્યાધિમાં વાપરવાથી પણ સારો ફાયદો થાય છે.

Coffee and Caffeine—કૉફી અને કેફીન-દમના હુમલા વખતે સ્ટ્રૉંગ કૉફી કરીને એક બે વખત આપવાથી સારો ફાયદો થાય છે. આ શીવાય તેનું સત્વ કેફીનની બનાવટ નામે Caffeine-tri-Iodide કેફીન ટ્રાઇ આયોડાઇડ પણ વ્યાધિમાં વખાણાય છે. Eupnine યુપનાઇન નામની ફ્રેન્ચ પેટન્ટ દવા કે જે દમના માટે વખાણાય છે તેમાં પણ મોટા ભાગે કેફીન ટ્રાઇ આયોડાઇડ આવે છે. આ શીવાય માર્ટીનડેલની Pill caffeine-tri Iodide Com. કે જે તૈયાર આવે છે તે આપવાથી પણ આ વ્યાધિમાં સારી અસર કરે છે.

Quebracho—કવેબ્રેકો-આ દવાની છાલનો અર્ક તથા સત્વ એ દમના વ્યાધિમાં વખણાય છે અને થોડા વખત અગાઉ તે વધારે પ્રમાણમાં વપરાતું હતું પણ હાલમાં તેનો વધારે ઉપયોગ થતો નથી. આ દવાનું ટીંકચર તથા એકસટ્રેકટ વપરાય છે. અને તેનું પ્રમાણ એટલે કે તેના ટીંકચરની માત્રા ૧૫ થી ૬૦ ટીપાં છે અને તેનો પ્રવાહી આપવા માત્રા ૫ થી ૧૦ ટીપાં છે. આ દવાનુ ખાસ સત્વ Aspidospermine પણ આ વ્યાધિમાં કેટલાક દાકતરો વાપરવા ભલામણ કરે છે.

Chloral Hydras—કલોરલ હાઇડ્રાસ-આ દવા પણ આ વ્યાધિમાં વખણાય છે અને કેટલાક દાકતરો તેની સંપુર્ણ માત્રા વ્યાધિની શરૂઆતમાં આપવાની ભલામણ કરે છે, તો પણ સામાન્ય રીતે બીજી યોગ્ય દવાઓની સાથે હુમલાની શરૂઆતમાં આપવાથી ફાયદો થાય છે. તેની સામાન્ય માત્રા ૫ થી ૧૦ ગ્રેનની છે.

Alum—એલમ-ફટકડી કેટલાક દાકતરો હુમલાની વખતે ૧૦ થી ૧૫ ગ્રેન ફટકડી આપવાની ભલામણ કરે છે અને તેનાથી કેટલીકવાર સારો ફાયદો જણાય છે.

Benzyl Benzoate—બેનઝીલ બેનઝોયેટ-આ દવાની પણ આ વ્યાધિમાં સારી અસર થતી હોવાથી કેટલાક દાકતરો આની ભલામણ કરે છે.

આ શીવાય એન્ટીપાઇરીન, એન્ટીફેબ્રીન તથા એન્ટીપાઇરીન વીગેરે દવાઓ પણ કોઈ કોઇવાર આ વ્યાધિમાં ચમત્કારી અસર કરે છે.

ઉપર કહેલાં ઔષધો વાપરવામાં રાખવી જોઇતી કાળજી—ઉપર ગણાવેલાં ઔષધો મુખ્યત્વે કરીને દમના રોગમાં ખાસ કરીને વપરાય છે અને વીચારપુર્વક વાપરવામાં આવે તો ફાયદો પણ સારો કરે છે, પણ તે સાથે તે ઔષધો પૈકી ઘણાખરાં ઔષધો ઝેરી હોવાથી તે વાપરતાં વ્યાધિનો તેમજ દરદીની શારીરિક સ્થિતિનો ખ્યાલ રાખવો જોઇએ, કારણકે આંખો મીચીને દવા આપવાથી કેટલીકવાર ફાયદાને બદલે નુકશાન થાય છે. દાખલા તરીકે લોબેલીયા જોકે આ વ્યાધિમાં બહુ ઉપયોગી છે અને મુખ્યત્વે કરીને વપરાય છે પણ તે વાપરતાં તેના સામાન્ય પ્રમાણ કરતાં સ્હેજ વધારે પ્રમાણમાં આપવામાં આવે તો તેનાથી બેચેની અગર મોળ ચડયા જેવું જણાય છે માટે તેવું થતું જોવામાં આવે કે તરતજ બંધ કરી દેવી જોઇએ; અગર તો તે આપવાનો વખત લંબાવવો જોઇએ. તેવીજ રીતે સોમલ પણ આ વ્યાધિની એક અકસીર દવા છે, તો પણ

તે લાંબો વખત વાપરતાં વચ્ચે વચ્ચે થોડો વખત બંધ કરતાં રહેવું. તેમજ પોટાશ આયોડાઇડ કોઇ કોઇ દરદીને માફક આવતું નથી તો તે વખતે તેના પ્રમાણમાં થોડો ઘણો ફેરફાર કરવો જોઇએ અગર તો તેને બદલે બીજી યોગ્ય દવાનો ઉપયોગ કરવો જોઇએ.

દમનો હુમલો શાંત પડ્યા પછી હુમલાની ગેરહાજરીમાં એટલેકે ફરીથી દમ ચડી આવે તે પહેલાંના વચગાળાના વખતમાં વ્યાધિ નિર્મુળ થવા માટેનો યોગ્ય ચિકિત્સાક્રમ- ઉપર આપણે દમની ચિકિત્સાના મુખ્ય બે પ્રકારો કહી ગયા છીએ એટલે કે એક દમ ચડયો હોય ત્યારે લેવાના ઉપાયો અને બીજો દમનો હુમલો શાંત પડયા પછી ફરીથી દમ ચડે નહીં તેમજ દમનો વ્યાધિ નિર્મુળ થવાના ઉપાયો. ઉપરના બે પ્રકારો પૈકી પહેલા પ્રકારનું આપણે વીગતવાર વર્ણન આપી ગયા છીએ કે જે પ્રમાણે વિચાર કરીને ઔષધોપચાર કરવામાં આવે તો દમનો હુમલો દરદીને વધારે ત્રાસ આપ્યા શીવાય શાંત પડી જાય છે. હવે અત્રે આપણે દમની ચિકિત્સાના બીજા પ્રકારનો વિચાર કરવાનો છે તેમાં ચિકિત્સકે બહુજ વીચાર કરવાનો છે, કારણ કે દમનો રોગ એવો તો વિચિત્ર છે અને તેના એટલા બધાં ભિન્ન ભિન્ન કારણો છે કે વગર વિચાર્યે ઉતાવળથી ઔષધો પચાર કરવાથી ચિકિત્સકને યશ મળતો નથી જોકે દમનો હુમલો ચડેલો હોય તો તેને શાંત પાડવાને તાત્કાલીક ઉપાયો યોજવાની જરૂર પડે છે પણ દમ શાંત હોય તે વખતે તેને અટકાવવાની ચિકિત્સા કરવામાં પ્રથમ દરદીની પુરેપુરી તપાસ કરીને તેમજ તેનું યોગ્ય કારણ શોધી કાઢીને ઔષધોપચાર શરૂ થાય તોજ હિતાવહ છે. દમના દરદીની તપાસમાં નીચેની બાબતો ખ્યાલમાં રાખવાની છે અને તેનો સામાન્ય ક્રમ નીચે પ્રમાણે છે.

દમ અગર શ્વાસ રોગથી પીડાતા દરદીની તપાસ—દમનો દરદી આવે ત્યારે તેને શાંતિથી બેસારી એક પછી એક હકીકતો પુછી લેવી. પ્રથમ તેના માબાપ અગર ભાઇભાંડરૂ પૈકી કોઇને દમ અગર લેવો કોઇ કેફસાંનો જીર્ણ વ્યાધિ થયો હતો કે કેમ તે પુછી જોવું. તે પુછવાથી દમનો રોગ કાંઇ પણ વારસાની અસરથી થવા પામ્યો હશે તો જણાઇ આવશે.

ત્યારબાદ દરદીને વાઇ, હીસ્ટીરીયા, ન્યુરેસ્થેનીયા, દંતશુળ, આધાશીશી તથા ન્યુરે- લજીયા એટલે શુળ રોગ વીગેરે કોઇ પણ જાતનો વ્યાધિ થયો હતો અગર તો હાલમાં જણાય છે કે કેમ તે પુછી જોવું. તેમજ તેના માબાપ પૈકી કોઇને તે વ્યાધિઓ પૈકી કોઇ પણ વ્યાધિ થયો હતો કે કેમ તે પુછી જોવું. ઉપલી હકીકત જણાવાથી દરદીની વાતજન્ય પ્રકૃતિ વીષે થોડી ઘણી માહીતી મળશે.

ત્યારબાદ દરદીને ખરજવું, શીળસ, તૃષા, ગાઉટ વગેરે વ્યાધિઓ થયા હતા અગર હાલમાં તેની કાંઇ પણ અસર જણાય છે કે કેમ તે પુછી જોવું. આ હકીકત જાણવાથી દરદીના લોહીની સ્થિતિનો ખ્યાલ આવશે.

બીજું દરદીના પેસાબની પણ તપાસ કરવાની જરૂર છે કારણ કે તેથી પેસાબમાં યુરીક એસીડ, આલબ્યુમીન, યુરેટસ તથા ઓક્ઝેલેટ વિગેરે ક્ષારો જાય છે કે કેમ તેની માહીતી મળી આવે છે.

બીજું દરદીને જીર્ણજ્વર જેવું જણાય છે કે કેમ તે જોઇ લેવું તથા કફની સાથે કોઇ કોઇ વાર લોહી પડે છે કેમ તે પુછી જોવું. તે જાણવાથી દરદીને ક્ષયરોગની કાંઇ પણ છુપી અસર હશે તો ખ્યાલમાં આવશે.

બીજું દરદીને આગળ પાછળ લાંબો વખત મલેરીઆ લાગુ હતો કે કેમ તે પણ જાણી લેવું કારણ કે તેથી પણ કેટલીક વાર દમનું મુળ રોપાયેલું હોય છે.

ત્યારબાદ દરદીને હુમલો કેટલા કેટલા દીવસે, તેમજ દીવસ અગર રાત્રીએ તેમજ દમ ચડયા પછી તેની અસર કયાં સુધી આવે છે તે પુછી જોવું,

બીજું દરદીનો હમેશાંનો ખોરાક શું છે, કેટલી વખત અને કયારે કયારે ખાય છે, અને ખાસ કરીને રાત્રીએ કયારે ખાય છે તે પણ જાણી લેવું. તે શીવાય દરદીને ચા, કૉફી, તથા કોકો વીગેરેનું બંધારણ છે કે કેમ તે પુછી જોવું; તેમજ તેને ભાંગ, ગાંજો. તથા અફીણ વીગેરેની આદત છે કે કેમ તે પુછી જોવું; કારણ કે ઘણાં દમ વાળાને અફીણનું બંધારણ લાગેલું હોય છે. ત્યારબાદ દરદીને ખોરાકની કઈ કઈ વસ્તુઓ પ્રતિકુળ છે એટલે કઈ કઇ વસ્તુઓ ખાવાથી તેને દમ જેવુ જણાય છે તે પુછી જોવું.

ઉપરની હકીકતોનું સાધારણ જ્ઞાન મેળવ્યા બાદ શરીરના મુખ્ય મુખ્ય અવયવો જેવા કે પચનેન્દ્રિ, શ્વાસેન્દ્રિ, રૂધિરાભિસરણની ઇન્દ્રિ તથા Urinary system મુત્રેન્દ્રિ વિગેરે ઇન્દ્રિયો કે જેઓને દમના વ્યાધિ સાથે નિકટનો સંબંધ છે તેની પૂર્ણ તપાસ કરી તેમાં જે વિકૃતિ માલમ પડે તે પ્રથમ દૂર કરવી.

પચનેન્દ્રિની તપાસમાં પ્રથમ દરદીની જીભ તથા દાંત તપાસવા. દાંતમાં કોઈપણ જાતનું પોલાણુ અગર સડો હોય તો એની તપાસ કરાવી તેના યોગ્ય ઉપાયો કરવા. ત્યાર બાદ દરદીને દાંતનું પાયોરીયા Pyorrhœa alveolois નામનું દરદ કે જેમાં પેઢાંમાંથી પરૂ નીકળે છે અને જેમાંનું કેટલુંક પરૂ પેટમાં જવાથી અનેક જાતની વિકૃતિ કરે છે તેની તપાસ કરાવી જે વ્યાધ હોય તેના યોગ્ય ઉપાયો કરાવવા. ટુંકામાં કહેવાનું જે દાંતનો કોઇપણ વ્યાધિ માલમ પડી આવે તો તેના યોગ્ય ઉપાયો કરી પ્રથમ તે દુર કરવો, કારણ કે જયાં સુધી તે વ્યાધિ ચાલુ હશે ત્યાં સુધી દમના વ્યાધિમાં ફાયદો પડશે નહી.

બીજું દરદીની જઠરાગ્નિ કેવી છે તે જાણી લેવું. જો અગ્નિમાંદ્યતા જેવું જણાતું હોય અગર વખતો વખત અજીર્ણ જેવું થઇ આવતું હોય તો તેના યોગ્ય ઉપાયો કામે લગાડવા. દરદીને કોઇ કોઇ વાર પિત્તપ્રકોપ થઇ આવે છે કે કેમ તે જાણી લેવું તથા પેટમાં પવનનો ભરાવો તથા પેટનો દુઃખાવો વખતો વખત થઈ આવે છે કે કેમ તે જાણી લેવું અને તેના યોગ્ય ઉપાયો યોજવા. બીજું દરદીને મળાવરોધ જેવું જણાતું હોય તો તે દુર કરવો. કારણ કે મળાવરોધ એ દમનું મોટું કારણ છે અને બંધકોષ હોય તે દીવસે દમ ઉપડવાની ધાસ્તિ પણ વધારે રહે છે. બીજું દરદીને કોલાઇટીઝનો એટલે કે ઝાડામાં દુખાવાની સાથે જળસ પડવાનો વ્યાધિ હોય તો તેના પણ યોગ્ય ઉપાયો કરવા. ટુંકામાં કહેવાનું કે જો પચનેંદ્રિ સારી હશે તો દમનો રોગ વધારે જોર કરી શકશે નહીં એટલુંજ નહીં પણ જઠરાગ્નિ સારી થયેથી આડકતરી રીતે દમના રોગમાં ફાયદો જણાશે.

પચનેન્દ્રિની પેઠે દરદીની શ્વસનેન્દ્રિની પણ ખાસ તપાસ કરવી, કારણ કે શ્વસનેંદ્રિની કાંઇપણ જીર્ણ વિકૃતિ એ દમ રોગનું મુખ્ય અને મોટામાં મોટું કારણ હોય છે. શ્વસનેંદ્રિની તપાસમાં દરદીને વખતો વખત શરદી તથા સળેખમ થઇ આવે છે કે કેમ તે જાણી લેવું, તેમજ દરદીને છોંક અગર પીનસનો વ્યાધિ છે કે કેમ તે પુછી જોવું. તે શીવાય દરદીને સસણીનો રોગ છે કે કેમ તે પણ પુછી જોવું. દરદી મોઢેથી શ્વાસ લે છે કે નાકેથી લે છે

તે જોઈ લેવું. દરદીની છાતીનો દેખાવ જોઇ લેવો. દરદીનો શ્વાસ બરોબર નિયમિત ચાલે છે કે કેમ તે જોઇ લેવું. દમનો રોગ શરૂ થયા પહેલાં થોડા વખત અગાઉ દરદીને ન્યુમોનીઆ અગર ઈનફ્લ્યુએન્ઝા જેવો કાંઇ પણ વ્યાધિ થઈ આવ્યો હતો કે નહીં તે પૂછી જોવું. અને તે સર્વેની કાંઇ પણ જીર્ણ અસર ચાલુ રહી હોય તો તે દૂર કરવા પ્રથમ પ્રયાસ કરવો.

શ્વસનેંદ્રિની બીજી મુખ્ય તપાસમાં નાક તથા ગળાંની તપાસ કરવી તે મુખ્ય છે, કારણ કે દમના રોગનું મુખ્ય કારણ કેટલીક વાર નાકની કોઇ પણ જાતની વિકૃતિ હોય છે. અને ખાસ કરીને બાળકોને તેમજ જુવાન મનુષ્યોને મોટા ભાગે નાકની કાંઇ પણ વિકૃતિ એ કારણ રૂપ હોવા સંભવ છે. નાકની તપાસમાં દરદીને Adenoids એડીનોઇડ અગર નાકના મસાનો વ્યાધિ છે કે કેમ તે જોઇ લેવું અને તેમ હોય તો પ્રથમ તેના ઉપાયો કરવા. તે સિવાય જીર્ણ સળેખમ, તથા છોડનો વ્યાધિ હોય તો પ્રથમ તેના પણ ઉપાય કરવા. કારણ કે જ્યાં સુધી નાકની મૃદુ ત્વચા તંદુરસ્ત સ્થિતિમાં નહીં હોય ત્યાં સુધી દમમાં ફાયદો થવો મુશ્કેલ છે. તે શીવાય ગળાંની તપાસ કરી તેમાં કાકડો વધી આવ્યો હોય તો તેના પણ પ્રથમ ઉપાયો કરવા.

ત્યારબાદ દરદીનું લોહી કેવું છે તેની તપાસ કરવી એટલે કે તેને કોઈ પણ જાતનો હઠીલો ચામડીનો રોગ જેવો કે શીળસ તથા ખરજવું વીગેરે હાલમાં જણાય છે કે અગર થોડા વખત અગાઉ હતાં કે કેમ તે પુછી જોવું અને લોહી દુષિત જોવામાં આવે તો તેના યોગ્ય ઉપાયો યોજવા. તે સિવાય હૃદયની સ્થિતિ કેવી છે એટલે તેને હૃદયનો કાંઇ પણ વ્યાધિ છે કે કેમ તે પૂછી જોવું અને તેવું કાંઇ જોવામાં આવે તો તેના યોગ્ય ઉપાયો કામે લગાડી તે સ્થિતિમાં સુધારો થાય તેમ કરવું.

બીજું દરદીના લોહીની તપાસની અંદર તેમાં યુરીક એસીડ વીગેરેની વૃદ્ધિ છે કે કેમ તેની તપાસ કરાવવી કારણ કે કોઇ કોઈવાર યુરીક એસીડથી શરીર દુષિત થવાના કારણે પણ દરદીને દમ જેવું જણાય અને તેને માટે વિદ્વાન ડાકતર Haig હેઇગ નીચે પ્રમાણે કહે છે:—

શ્વાસ રોગનું કારણ કેટલીકવાર લોહીમાં યુરીક એસીડની વૃદ્ધિ હોય એ હોય છે એટલુંજ નહીં પણ દમના પ્રસંગોપાત હુમલા થઇ આવવા તે પણ વાઇ તથા આધાશીશીના વ્યાધિની પેઠે લોહીમાં અને તેમાં પણ ખાસ કરીને તેને લગતા અવયવોમાંના લોહીમાં યુરીક એસીડની વૃદ્ધિજ હોય છે; અને લોહીમાંથી યુરીક એસીડની વૃદ્ધિ કમિ કરી નાંખી તેને દરેક રીતે શુદ્ધ બનાવવું તેજ દમના રોગને મટાડવાનો ખરો ઉપાય છે.

ચીકાગોના પ્રસિદ્ધ ડાકતર એસ. એચ. વૉટસન તેના પ્રસિદ્ધ પુસ્તકમાં જણાવે છે કે જોકે કદાચ દરેક જણને જણાતા દમ રોગનું મુખ્ય કારણ યુરીક એસીડ નહીં હોય, તો પણ યુરીક એસીડની વૃદ્ધિ કમિ કરી નાખવાથી દરેક મનુષ્યોનો દમ રોગ મટે છે એ વાત ચોક્કસ છે અને તે પ્રમાણે કરવાથી ઘણા મનુષ્યોનો રોગ મટે છે.

ઉપર પ્રમાણે બારીક તપાસ કરી દમ રોગનું ખરૂં કારણ શોધી કાઢી પ્રથમ તેના ઉપાયો યોજવા.

જો પ્રોટીન તત્વની દરદીને પ્રતિકુળતા હોય તો તેની તપાસ કરી તેનાથી દૂર

રહેવું—આપણે અગાઉ દમના ઉત્પાદક કારણોમાં કહી ગયા છીએ કે અમુક અમુક પદાર્થોના તથા અમુક અમુક જાનવરોના પ્રોટીન તત્વની અમુક અમુક વ્યક્તિને પ્રતિકુળતા હોય છે એટલે કે તેનો કોઇ પણ રીતે યોગ થવા પામે તો દમીયલ મનુષ્યોને દમનો હુમલો જણાઈ આવે છે. આ વિચાર બહુજ સુક્ષ્મ છે અને હમણાં હમણાં વિદ્વાનોનું તે પર ધ્યાન ખેંચાયું છે. આ પ્રમાણે પ્રોટીન તત્વની પ્રતિકુળતા એ દમનું કારણ હોવાને લીધે તે લોકોએ અમુક અમુક પ્રોટીન તત્વો મનુષ્યોને પ્રતિકુળ હોવાનો સંભવ છે તેનો નિર્ણય કર્યો છે એટલુંજ નહીં પણ દરદીના શરીરમાં પ્રોટીન તત્વનાં ઇનજેકશન વડે અખતરા કરી અમુક અમુક દરદીને અમુક જાતના પ્રોટીન તત્વની અસહિષ્ણુંતા છે એમ કહી આપે છે. આ પ્રમાણે તપાસ કરવી એ ઘણું મુશ્કેલીભરેલું અને કડાકુટ વાળું છે અને પુરા અનુભવીઓ કરી શકે છે, તો પણ તે વિષયના ખાસ અભ્યાસીઓ તેનો પાકો નિર્ણય કરી શકે છે એટલુંજ નહીં પણ તે પ્રોટીન તત્વ અમુક સુક્ષ્મ પ્રમાણમાં શરીરમાં ઇનજેકશન વડે દાખલ કરી તેની ક્રમે ક્રમે સહિષ્ણુતા ઉપજાવી શકે છે એટલે કે દમ નિર્મૂળ કરવાના એક ઉપાય તરીકે તે કામમાં લેછે. ઉપર પ્રમાણે પ્રયોગો કરી તેનો નિર્ણય કરવો એ દરેક ચિકિત્સકથી બની શકે તેમ નથી. અને એથી સાધારણ ચિકિત્સકને માટે ઉત્તમ રસ્તો એ છે કે દરદીને ખાનપાન તથા રહેણી કરણી વિષેના બારીક સવાલો પૂછી બની શકે તો કઇ જાતના પ્રોટીન તત્વની પ્રતિકુળતા હોવા સંભવ છે તે જાણી લેવું. અને તે જાણ્યાબાદ તેનાથી દુર રહેવા દરદીને સમજાવવું.

પ્રતિકુળતાવાળા પ્રોટીન તત્વોને માટે વિદ્વાનોએ કેટલીક શોધખોળ કરી છે અને તેમાં તેમને અમુક અમુક જાનવરો તથા અમુક અમુક ખોરાકની ચીજો તથા અમુક અમુક ફુલોનાં પુંકેસરોના પ્રોટીન તત્વો અસહિષ્ણુંતા વાળાં હોવાનો સંભવ છે એમ માલમ પડયું છે અને તે પૈકીના નીચેના મુખ્ય પ્રોટીન તત્વો મુખ્ય છે માટે તે સંબંધી દરદીની પુછપરછ કરી તેનો નિર્ણય કરી તેનાથી દરદીને દૂર રાખવો.

જાનવરોના પ્રોટીન તત્વોમાં ઘોડો, બીલાડો, કુતરો, પોપટ, મરઘાં તથા સસલાં એ મુખ્ય છે અને તેમાં પણ ઘોડો, બીલાડી તથા કુતરો એ મુખ્ય છે. કેટલાક દરદીને ઘોડાની બહુજ અસહિષ્ણુંતા હોય છે એટલે કે ઘોડાના શરીરનો તેમજ ઘોડાના વાળનો સ્પર્શ થવા પામે તો દરદીને દમનો હુમલો જણાઇ આવે છે, એટલુંજ નહીં પણ ઘોડાની પોતાની તેમજ તેના મળમુત્રની તેમજ તેના તબેલાની ગંધથી પણ કોઈ કોઈ દરદીને દમનો હુમલો જણાઇ આવે છે. ટુંકામાં કહેવાનું કે કેટલાક દરદીને એકંદરે ઘોડાની અસહિષ્ણુંતા હોય છે માટે તેનો તપાસ કરી તેનાથી દુર રહેવાય તેમ કરવું.

ઘોડાથી બીજે નંબરે બીલાડાં તથા કુતરાં છે. બીલાડાં તથા કુતરાંના શરીરનો સ્પર્શ થવાથી તથા તેની ગંધ લેવાથી તથા તેના મળમુત્રની ગંધ આવવાથી પણ કેટલાક દરદીને દમને હુમલો જણાઇ આવે છે. બીલાડાં તથા કુતરાં એ મોટા ભાગે ઘરના જાનવરો છે અને મોટા ભાગે તેનો સંસર્ગ થઇ જવા સંભવ છે. નાના છોકરાં પોતે બીલાડાં તથા કુતરાં સાથે રમત ગમત કરવાનો તથા તેને પોતાની પથારીમાં પણ પડી રહેવા દેવાનો શોખ ધરાવતાં હોય છે માટે આ બાબતની પુછપરછ કરી તેનો નિર્ણય કરવો કારણ કે ઘણીવાર દમ ઉપડવાનું કારણ આજ હોય છે.

આ શીવાય કોઇ કોઇ દરદીને અસહિષ્ણુંતા હોય છે તો તેની પણ તપાસ કરવી. આ સિવાય બીજા કેટલાંક જાનવરો જેવાં કે સસલાં તથા ઘરઘાંની તથા બીજા કેટલાંક જનાવરોના પીછાની પણ કોઇ કોઇને અસહિષ્ણુતા હોય છે માટે આ બાબત તપાસ કરવી.

જાનવરોની પેઠે ખાવા પીવાની કેટલીક ચીજોની દરદીને અસહિષ્ણુંતા હોય છે તેટલા માટે દરદીને બારીક સવાલો પૂછી તેને કયો પદાર્થ પ્રતિકુળ છે તે જણાય ત્યાં સુધી જાણી લેવું કારણ કે મનુષ્યોને ખાવા પીવાની ચીજોમાંથી અમુક અમુક ચીજો પ્રતિકુળ હોવા સંભવ છે. દાખલા તરીકે કોઇને દહીં, દુધ તથા છાશ વીગેરે પદાર્થો, તેમજ અનાજમાં કેટલાંક કઠોળની પણ કોઇ કોઇને અસહિષ્ણુંતા હોય છે, તેમજ શાકપાનમાં બટાટા, તથા ટમાટા વીગેરેની કોઈ કોઇને અસહિષ્ણુંતા હોય છે. તેમજ માંસાહારી પૈકી કોઇ કોઇને ઇંડા તથા માછલી વીગેરેની અસહિષ્ણુંતા હોય છે માટે તે સર્વે બાબતનો પુરતો તપાસ કરી જે પ્રતિકુળ માલમ પડી આવે તેનાથી દરદીને દૂર રાખવો.

આ શીવાય કેટલાક સુગંધી પુલો તથા તેની પુંકેસરની પણ કોઇ કોઇને અસહિષ્ણુંતા હોય છે તેનો પણ નિર્ણય કરી તેનાથી દૂર રહેવા કહેવું.

ઉપર પ્રમાણે પ્રોટીન તત્વોની અસહિષ્ણુતાનો વિચાર બહુજ સુક્ષ્મ છે, અને સાધારણ મનુષ્યોની સમજમાં જલદી ઉતરી શકે તેવો નથી તેમજ દરદીને પણ ખબર નથી હોતી કે તેને એકાએક દમ ઉપડી આવવાનું ખાસ કારણ આવાં પ્રોટીન તત્વોજ હોય છે.

દમ અગર શ્વાસ રોગના વિપ્રકૃષ્ટ કારણોના નિવારણ રૂપ ચિકિત્સા—Anti-Predisposing treatmeut of Asthama—દમ અગર શ્વાસ રોગને નિર્મુળ કરવાની ચિકિત્સામાં Radical treatment. ખાસ કરીને બે બાબતો ધ્યાનમાં રાખવાની જરૂર રહે છે એટલે કે એક દમ રોગના ઉપર ગણાવેલાં વિપ્રકૃષ્ટ કારણોથી શરીરમાં જે અનેક જાતની વિકૃતિ થઇ જવા પામે છે તેમાં સુધારો કરવો. અને બીજુ દમરોગના સન્નિકૃષ્ટ એટલે ખાસ ઉત્પાદક કારણોથી જેમ બને તેમ દુર રહેવું તે છે.

દમરોગના વિપ્રકૃષ્ટ કારણો પરથી આપણે સમજી ગયા છીએ કે તે કારણોથી રોગીના શરીરની મુળ કુદરતી પ્રકૃતિમાં ફેરફાર થઇ આવી દરદીના ફેફસાં તથા શ્વાસ નળીકામાં એવી જાતની વિકૃતિ થઈ આવે છે કે તેમાં જરા પણ અંશે સન્નિકૃષ્ટ કારણોનો યોગ થવા પામે કે તરતજ દરદીને દમનો હુમલો જણાઇ આવે છે. દમ અગર શ્વાસ રોગનાં વિપ્રકૃષ્ટ કારણોથી જો કે દરદીની મુળ પ્રકૃતિમાં ફેરફાર થઈ આવે છે ખરો પણ ખાસ કરીને કેવા પ્રકારનો ચોકસ ફેરફાર થઇ આવે છે તે વિષે વિદ્વાનોના જુદા જુદા મત છે અને તેથી જુદા જુદા વિદ્વાનોએ શ્વાસ રોગની જુદી જુદી સંપ્રાપ્તિ વર્ણવેલી છે અને ચિકિત્સા કરવામાં પોતાની માન્યતા પ્રમાણે જુદા જુદા મુદ્દાઓ ધ્યાનમાં રાખવા કહેલ છે.

જો કે જુદા જુદા વિદ્વાનોએ શ્વાસ રોગના વિપ્રકૃષ્ટ કારણોથી દરદીના શરીરમાં અનેક જાતની વિકૃતિ થઇ જવા જણાવ્યું છે તો પણ એકંદરે તે કારણોથી દરદીના શરીરમાં ખાસ કરીને બે જાતની વિકૃતિ થઈ જવા સંભવ છે અને તેને માટે વૈદક મંડળ મોટા ભાગે સહાનુભૂત છે. એટલે કે કેટલાક દરદીની પ્રકૃતિમાં ફેરફાર થઈ આવી તેની પ્રકૃતિ વાતજન્ય Neurotic થઇ જવા પામે છે અને બીજા કેટલાક દરદીની પ્રકૃતિમાં ફેરફાર થઇ તેની પ્રકૃતિ Toxaemic ટૉક્ષીમીક એટલે કે મળમૂત્રાદિકના વિષથી દોષયુક્ત બની આવે છે.

ઉપર પ્રમાણે વિપ્રકૃષ્ટ કારણોથી દરદીની પ્રકૃતિમાં બે જાતનો ફેરફાર થઇ જવા સંભવ છે અને તેથી શ્વાસ રોગની ચિકિત્સા કરવામાં પ્રથમ ઉપર કહેલી બન્ને જાતની વિકૃતિ પૈકી જે ખાસ કરીને જણાતી હોય તેમાં સુધારો કરવાની જરૂર છે કારણ કે તેમાં થોડો ઘણો સુધારો થવા પામશે ત્યારેજ વ્યાધિમાં સુધારો થશે, તેમજ બીજા ઉપચારો અસર કરી શકશે.

ઉપર કહેલા બન્ને પ્રકારના દોષનો સામાન્ય ચિકિત્સાક્રમ નીચે પ્રમાણે છેઃ—

દરદીના શરીરની વાતજન્ય પરિસ્થિતિનો સામાન્ય ચિકિત્સાક્રમ—Treatment for improving the Neurotic condition—આર્યવૈદકના સિદ્ધાંત પ્રમાણે દરેક મનુષ્યોને જન્મથીજ વાત, પિત્ત અને કફ એ ત્રણ દોષ પૈકી એકાદ દોષ પ્રાધાન્ય યુક્ત પ્રકૃતિ Temperament વારસામાંજ મળે છે એટલે કે તે ત્રણ દોષ પૈકી એક દોષ પ્રાધાન્યપણે રહેલો હોય છે. જો કે ઉપર કહ્યા પ્રમાણે ગમે તે એક દોષ પ્રાધાન્યયુક્ત પ્રકૃતિ વારસામાં મળે છે તો પણ આહાર વિહાર અને રહેણી કરણીના હીન, મિથ્યા અને અતિયોગના લીધે પાછળથી તે પ્રકૃતિમાં ન્યુનાધિકતા અગર ફેરફાર થઈ આવવા સંભવ છે એટલે કે જન્મથી જે પ્રકૃતિ હોય તેમાં પાછળથી વધારો ઘટાડો થવા તેમજ તે દોષ દબાઇ જઈ તેને બદલે બીજા દોષયુકત પ્રકૃતિ પણ થઇ-આવવા સંભવ છે અને તે પ્રમાણે દમ રોગ લાગુ પડતાં ઘણું કરીને દરદીની વાતજન્ય પરિસ્થિતિ થઇ આવે છે એમ ઘણાં વિદ્વાનોનું માનવું છે અને તેથી દમ રોગની ચિકિત્સા કરવામાં પ્રથમ દરદીના શરીરની વાતજન્ય પરિસ્થિતિમાં સુધારો કરવાની જરૂર છે. જો દરદીની જન્મથી પિત્ત અગર કફયુકત પ્રકૃતિ હોય તો વધારે અડચણ આવતી નથી પણ જો જન્મથીજ વાતજન્ય પ્રકૃતિ હોય અને તેમાં ઉપર કહેલાં કારણોથી વાતદોષનો વધારો થવા પામે તો તેમાં સુધારો કરવો ઘણોજ મુશ્કેલ થઇ પડે છે, એટલે કે તેવા દરદીનો શ્વાસ રોગ ઘણોજ દુષ્ટસાધ્ય હોય છે.

જો કે મનુષ્યોની ત્રણ દોષો પૈકી એકાદ દોષયુક્ત પ્રકૃતિ હોવા સંભવ છે તોપણ તે દોષો પૈકી પિત્ત તથા કફ વિગેરે દોષોનો પ્રકોપ શાંત પાડવો જરા રહેલો છે, પણ વાત પ્રકોપ શાંત પાડવો તેમજ વાતજન્ય પરિસ્થિતિમાં સુધારો કરવો એ ઘણુંજ મુશ્કેલ છે, કારણ કે વાતદોષ ત્રણે દોષોનો રાજા છે અને તે અનેક જાતના ભિન્નભિન્ન અને વિષમ સ્વરૂપમાં દેખાવ આપે છે. દેશી વૈદકમાં વાતજન્ય પરિસ્થિતિના લગભગ ૮૦ પ્રકારો કહેલા છે કે જે સર્વે ઘણાંજ વિષમ અને કષ્ટસાધ્ય છે.

જેવી રીતે દેશી વૈદકમાં વાતજન્ય પરિણામે લગભગ ૮૦ વ્યાધિઓ ગણાવેલા છે તેવીજ રીતે અંગ્રેજી વૈદકમાં પણ વાતજન્ય પરિસ્થિતિ પ્રાપ્ત થતાં તેથી પણ વધારે વ્યાધિઓ થતા હોવાનું કહેલ છે એટલે કે વાતજન્ય પરિસ્થતિ પ્રાપ્ત થતાં શરીરમાં અનેક જાતની વિકૃતિ થઈ આવવા સંભવ છે.

વાતજન્ય પરિસ્થિતિ સુધારવાના સામાય ઉપાયો—વાતજન્ય પરિસ્થિતિ સુધારવા માટે દેશી વૈદકમાં ઘણા પ્રયોગો અને અનેક જાતની યુકિત પ્રયુક્તિઓ બતાવી છે પણ હાલના અતિ પ્રવૃત્તિવાળા જમાનામાં મનુષ્યોને તાત્કાલિક લાભ મળે તેવા ઉપાયોની જરૂર હોવાથી શાસ્ત્રમાં કહેલા પ્રયોગો યથાવિધિ અમલમાં મૂકવા મુશ્કેલ છે તોપણ નીચે પ્રમાણેના સાદા ઉપચારોથી પણ કેટલોક ફાયદો થવા સંભવ છે.

વાતજન્ય પરિસ્થિતિમાં વિદ્વાનોએ દરદીના શરીરે તૈલમર્દન કરવાની ખાસ ભલામણ કરેલી છે. તૈલમર્દનથી શરીરના સ્નાયુઓ તથા મજ્જાતંતુઓ દ્રઢ બની જઈ કેટલેક અંશે વાતજન્ય પરિસ્થિતિમાં સુધારો થવા પામે છે.

તૈલમર્દન સિવાય વિદ્વાનોએ આવા દરદીને થોડો વ્યાયામ લેવાની ભલામણ કરી છે. વ્યાયામથી શરીરમાં થોડો ઘણો પસીનો વળે છે અને તેના પરિણામે ત્વચાના છીદ્રો ખુલ્લાં થઈ શરીરમાંથી કેટલુંક ઝેર નીકળી જવા પામે છે. તે સિવાય બસ્તિકર્મની વિદ્વાનોએ ભલામણ કરી છે. બસ્તિકર્મથી આંતરડાં શુધ્ધ થઈને શરીરનું લોહી સુધરી શરીર કેટલેક અંશે નિરોગી બનવા સંભવ છે.

બસ્તિકર્મની પેઠે થોડા દિવસના અંતરે મૃદુ વિરેચન આપવાની પણ વિદ્વાનોએ ભલામણ કરી છે; થોડા થોડા દીવસના અંતરે મૃદુવિરેચન આપવાથી શરીરની દરેક રીતે શુદ્ધિ જળવાઇ રહે છે અને વાતજન્ય પરિસ્થિતિમાં કેટલાકે સુધારો થવા સંભવ છે.

ઉપરના ઉપાયોની સાથે સાથે યોગ્ય શકિતવર્ધક ઔષધો ચાલુ રાખવાથી અમુક વખતે શરીરની વાતજન્ય પરિસ્થિતિમાં સુધારો થઇ આવી દમના વ્યાધિમાં ફાયદો થાય છે.

એન્ટીટોક્ષીમીક ચિકિત્સાક્રમ—Antitoxaemic Treatment

જેવી રીતે દાકતરો આજ દીન સુધી દમના વ્યાધિને એક જાતનો Neurosis તરીકે માનતા હતા અને હજુ પણ માને છે તેવી જ રીતે કેટલાક દાકતરો દમના વ્યાધિને એક જાતનો ટોક્ષીમીયા માને છે. ઉપર પ્રમાણે જુદા જુદા દાકતરોની દમના વ્યાધિને એક જાતનો ન્યુરોસીસ અગર ટોક્ષીમીયા પૈકી ગમે તે હોવાથી માન્યતા હોય તો પણ પરિણામે તે બન્ને એક જ છે એટલે કે જયારે શરીરની ટોક્ષીમીક સ્થિતિ થવા પામે છે ત્યારે તેના પરિણામે ન્યુરોટીક સ્થિતિ પણ થઇ રહે છે અને તેજ પ્રમાણે જ્યારે ન્યુરોટીક સ્થિતિ માલમ પડતી હોય ત્યારે શરીર ઘણું કરીને ટોક્ષીમીક હોવાનો સંભવ છે એટલે કહેવાની મતલબ એ છે કે તે બન્ને પરિસ્થિતિ એક બીજાને અવલંબીને રહેલી હોય છે એટલું જ નહીં પણ તે બન્ને સ્થિતિને સુધારવાના ઉપાયો પણ એકસરખા છે.

ગ્લાસગોનો પ્રસિદ્ધ અને વિદ્વાન દાકતર James Adam કે જેણે દમના વ્યાધિનો અભ્યાસ કર્યો છે તે દમના વ્યાધિને એક જાતનો ટોક્ષીમીયા જ માને છે અને તેને માટે નીચે પ્રમાણેના ઉપાયો યોજવાની ભલામણ કરે છે:—

એન્ટીટોક્ષીમીક ચિકિત્સાનો સાર એ છે કે ખોરાકનું બરોબર પાચન અને શોષણ થઇ શરીરના સ્નાયુઓ તથા તંતુઓને શુદ્ધ લોહી પુરતા પ્રમાણમાં મળે, તેમજ આંતરડાંની અંદરનો કચરો દૂર કરી આંતરડાંમાં જમાવ થયેલો જંતુજન્ય સડો દૂર થાય તેમ કરવું તેમજ નવો સડો થવા ન પામે તેમ કરવું.

ઉપરની હકીકત પરથી સમજાય છે કે એન્ટીટોક્ષીમીક ચિકિત્સાનો મૂળ હેતુ ગમે તે રીતે શરીરની શુદ્ધિ કરવાનો છે. એટલે કે લંઘન, વમન, વિરેચન તથા સ્વેદવિધિ વિગેરે ક્રિયાઓથી શરીરને પ્રથમ શુદ્ધ બનાવવું એ આ ચિકિત્સાનો મુળ ઉદ્દેશ છે. ઉપર પ્રમાણેની ક્રિયાઓથી શરીરની શુદ્ધિ કરવાથી ગમે તેવો સખ્ત વ્યાધિ હોય તો પણ શાંત પડે છે તેમજ વ્યાધિમાં આપવામાં આવતાં યોગ્ય ઔષધોની અસર પણ તુરત જણાય છે. આજકાલ જીર્ણ વ્યાધિઓમાં દવાની જે અસર જણાતી નથી તેમજ વ્યાધિઓ અસાધ્ય જેવા જણાય છે તેનું પણ મુખ્ય કારણ શરીરની બરોબર શુદ્ધિ કર્યા વીના એમને એમ ઔષધો

આપવાં તેજ છે. શરીરની શુદ્ધિની જરૂરીઆત આપણા પ્રાચીન વૈદ્યોએ પહેલેનંબરે બતાવેલી છે એટલું જ નહીં પણ જો તેમણે જે પંચકર્મ રૂપ શુદ્ધિ બતાવેલી છે તે પ્રમાણે શુદ્ધિ કરવામાં આવે તો ગમે તેવો વ્યાધિ હોય તો તેમાં અવશ્ય ફાયદો થાય છે, પણ દીલગીરીની વાત એ છે કે કમનસીબે આજકાલની પ્રજાને તેવી રીતે શરીરની શુદ્ધિ કરવાની હાડમારીમાં ઉતરવું પાલવે તેમ નથી પણ માત્ર ખાવા પીવાની દવાઓથી જ વ્યાધિઓ મટે તો તે પ્રમાણે જ કરવું પાલવે તેમ છે તેથી તે વિષે વધારે વિવેચન કરવું નકામું છે.

આપણા પ્રાચીન વૈદ્યક શાસ્ત્રમાં જે શુદ્ધિની ક્રિયા બતાવી છે તે કરવામાં આવે તો આવા મહાન વ્યાધિઓમાં જરૂર ફાયદો થાય છે પણ તે પ્રમાણે બનવું મુશ્કેલ હોવાથી નીચે પ્રમાણે ચિકિત્સા કરવામાં આવે તો પણ થોડો ઘણો ફાયદો થવા સંભવ છેઃ—

એન્ટીટોક્ષીમીક સ્થિતિ સુધારવા માટે પ્રથમ દરદીને એકાદ એરંડીયા તેલનો અગર બીજો માફક હોય તે જુલાબ આપવો અને ત્યારબાદ એકાદ દિવસ પછી હલકું વમન આપવું. અને ત્યારબાદ બની શકે તો દરદીને એક, બે અગર ત્રણ ચોખ્ખા અપવાસો કરાવવા. ઉપર પ્રમાણે અપવાસો કરવાથી કદાચ થોડી ઘણી અશક્તિ માલમ પડશે, પણ તેથી કાંઇ ગભરાવાનું કારણ નથી, કારણ કે અપવાસબાદ થોડા દિવસ ખોરાક લેવાથી પાછી હતી તેવી શક્તિ આવી જશે.

ઉપર પ્રમાણે અપવાસ કરવો બની શકે તો અપવાસને અંતે દરદીને દુધનો પ્રયોગ શરૂ કરાવવો અને અપવાસ ન બની શકે તો પણ સાધારણ વમન વિવેચન આપ્યા બાદ પણ દરદીને થોડા દિવસ દુધનો પ્રયોગ કરાવવો. સાધારણ રીતે એક અગર બે અઠવાડીયાં સુધી દુધ પર રહેવાથી શરીર દરેક રીતે શુદ્ધ થઇ જવા પામશે.

ઉપર કહ્યા પ્રમાણે અપવાસ તેમજ દુધનો પ્રયોગ કર્યા બાદ દરદીએ પોતાનો હમેશનો સાદો ખોરાક આસ્તે આસ્તે શરૂ કરવો અને તે દરમ્યાન નીચેની સૂચનાઓ ખાસ ધ્યાનમાં રાખવી.

દમ રોગના દરદીએ હમેશાં પોતાને માફક હોય તેવો હલકો અને જલદી પચી જાય તેવો તેમજ સાધારણ રીતે શરીરનું સારી રીતે પોષણ થાય તેવો પથ્ય ખોરાક લેવો. દમના દરદીએ કોઈ પણ વખત એકી વખત પેટ ઠાંસીને અકરાંતીયા થઇને ખોરાક લેવો નહીં પણ દરેક વખતે થોડું થોડું ખાવું. બીજું દમના દરદીએ ખાસ કરીને રાત્રીએ તો વધારે ભારે ખોરાક લેવો નહીં એટલું જ નહીં પણ બનતાં સુધી રાત્રીએ વહેલા જમવાનું રાખવું એટલે કે સુવાના વખત પહેલાં બે ત્રણ કલાક અગાઉ જમી લેવું, કારણ કે દમનો હુમલો ઘણું કરીને રાત્રીએ જ વધારે પ્રમાણમાં જણાઇ આવે છે તેમજ જે દિવસે વધારે જમાણું હોય છે તે દિવસે દમ ચડી આવવાની વધારે ધાસ્તિ રહે છે.

મળાવરોધ દૂર કરી હમેશાં આંતરડા સાફ રાખવાં એ એન્ટીટોક્ષીમીક ચિકિત્સાનો મુખ્ય ઉદ્દેશ છે. ઉપર કહ્યા પ્રમાણે જો શરીરની શુદ્ધિ નહીં થઇ શકે તો પછી ગમે તે રીતે આંતરડાં સાફ કરવાં અને તે પ્રમાણે હમેશાં સાફ રાખવાં તે એન્ટીટોક્ષીમીક ચિકિત્સાનો મુખ્ય ઉદ્દેશ છે અને તેના માટે વિદ્વાન દાકતર Coke કોક નીચે પ્રમાણે કહે છેઃ—

દમના હુમલાઓ અટકાવવા માટે મળશોધન દવાઓથી આંતરડાં સાફ રાખવાં એ સર્વોત્તમ ઉપાય છે અને તે સિદ્ધાંત સર્વમાન્ય છે.

ઉપરના લખાણુની મતલબ એ છે કે દમના રોગમાં પ્રથમ આંતરડાં સાફ કરવાં એટલું જ નહીં પણ તે પ્રમાણે હમેશાં સાફ રહે તેમ કરવું અને તેના માટે વિદ્વાન ડાકતરો નીચે પ્રમાણે ભલામણુ કરે છે:—

અમારા મત પ્રમાણે આંતરડાં સાફ કરવા માટે તેમજ તેવી રીતે હમેશાં સાફ રાખવા માટે બસ્તિનો પ્રયોગ Enema એ સર્વમાન્ય અને સર્વોત્તમ ઉપાય છે માટે જો અનુકુળ પડે તો દમના દરદીએ પ્રથમ થોડા દિવસ હમેશાં એક વખત પીચકારી લઈ આંતરડાં સાફ કરી નાંખવાં અને ત્યાર બાદ અઠવાડીયામાં એક બે વખત પીચકારી લઇ આંતરડાં હમેશાં સાફ રાખવાં. આ પ્રમાણે આંતરડાં સાફ રાખવાથી દમના રોગમાં ઘણો સારો ફાયદો થશે.

ઉપર પ્રમાણે પીચકારી લેવાનું ન બની શકે તો પછી નીચે પ્રમાણે ઔષધોનો ઉપયોગ કરવો:—

Nasal Treatment—નાકના જીર્ણ વ્યાધિઓની યોગ્ય ચિકિત્સા— દમ અગર શ્વાસ રોગ નાબુદ કરવા માટે ઉપર કહ્યા પ્રમાણે એન્ટીન્યુરોટીક તેમજ એન્ટીટોક્ષીમીક ચિકિત્સાની જરૂર છે તેવીજ રીતે અને કોઇ કોઇ કેસમાં તેથી પણ વધારે પ્રમાણમાં નાકની તપાસ કરી તેમાં પણ ખાત્રી કરવા અગર કોઇ પણ જાતની જીર્ણ વિકૃતિ હોય તે દૂર કરવાની ખાસ જરૂર છે, કારણુ કે નાકની કોઇપણુ જાતની વિકૃતિ એ દમ અગર શ્વાસ રોગનું એક મુખ્ય કારણુ હોવા સંભવ છે. અને તેટલા માટે પ્રથમ નાકની તપાસ કરાવી નાકનો જે કાંઇ વ્યાધિ હોય તે પ્રથમ દૂર કરાવવો. નાકમાં મસો Prolypy હોય તો શસ્ત્રોપચારથી તેની ચિકિત્સા કરાવી લેવી. તેજ પ્રમાણે Adenoids એડીનોઇડસનો વ્યાધિ હોય તો તેનો પણુ શસ્ત્રોપચારથી નીકાલ કરવો. ઉપર કહેલા બન્ને વ્યાધિઓ દમનું મુખ્ય કારણુ હોવા સંભવ છે માટે પ્રથમ તેની તપાસ કરી તેનો નીકાલ કરવો. ત્યારબાદ દરદીને જો પીનસ અગર નાકના છોડનો વ્યાધિ જણાતો હોય તો તેના પણ યોગ્ય ઉપાયો કામે લગાડી તેમાં સુધારો કરવો, કારણુ કે જ્યાં સુધી પીનસનો રોગ ચાલુ રહેશે ત્યાં સુધી દમમાં ફાયદો થવો મુશ્કેલ છે. તે સિવાય જે દરદીને વખતો વખત સળેખમ થઇ આવી નાકની અંદર મૃદુ-ત્વચા હમેશાં આવી ગયેલી અગર સુજેલી રહેતી હોય તો તેના પણ યોગ્ય ઉપચારો કામે લગાડવા. એકંદરે નાકની આરોગ્યતા જેમ બને તેમ જલ્દી પ્રાપ્ત થાય તેમ કરવું, કારણુ કે નાકની આરોગ્યતા પર દમ મટવાનો આધાર રહેવા સંભવ છે.

દમવાળા દરદીને અગાઉ કહેલ ચિકિત્સાની સાથે સાથે શરીરને દરેક રીતે દરેક જાતના હવા વિગેરેના ફેરફારો તથા ટાઢ, તડકો વિગેરે સહન કરી શકે તેવી રીતે શરીરને સુદ્રઢ બના-વવાની તેમજ બીજી શક્તિવર્ધક દવાઓથી શરીરને મજબુત બનાવવાની જરૂર છે. જે માબાપોને દમનો વ્યાધિ જણાતો હોય તેમણે પોતાના બાળકોને બચપણુથીજ બહુજ મુલાયમ બનાવી નહીં રાખવાં પણુ ટાઢ તડકો વિગેરે દરેક સહન કરી શકે તેવી ટેવ પાડવી. તેમને ખુલ્લી હવામાં સારી પેઠે હરતા ફરતા રાખવા અને ઘરમાં ગોંધી રાખવા નહીં, તેમજ યોગ્ય પ્રમા-ણુમાં કસરત વિગેરેથી શરીર જેમ બને તેમ દૃઢ બની રહે તેમ કરવું. તે સિવાય, શાસ્ત્રોમાં કહેલી શક્તિવર્ધક દવાઓથી પણુ શરીરમાં સારી રીતે શક્તિ રહેવા પામે તેમ કરવું. તે સિવાય જેઓને વખતો વખત શરદી અને સળેખમ થઇ આવતું હોય અને જેઓના ફેફસાં કાયમ નબળાં રહેતાં હોય તેમણે પણુ શક્તિવર્ધક દવાઓનું થોડું ઘણું સેવન રાખ્યા કરવું.

દમના હુમલાના વચગાળાના વખતમાં વાપરવામાં આવતાં અંગ્રેજી ઔષધો:- જો કે ઉપર કહેલાં પોટેશીયમ, આયોડાઇડ, લોબેલીયા, બેલાડોના, સ્ટ્રેમોનીયમ, ગ્રીનડેલીયા તથા સોમલ વીગેરે ઔષધો કે જે દમના હુમલા વખતે હુમલો શાંત પાડવા માટે વપરાય છે તે ઔષધો પણ દમનો હુમલો શાંત પડયા પછી પણ દમનો હુમલો ફરીથી ચડતો અટકાવવા માટે વપરાય છે, તો પણ તે પૈકી દમનો હુમલો અટકાવવા માટે પોટેશીયમ આયોડાઇડ, બેલાડોના તથા આર્સેનિક વિગેરે દવાઓ દરદીની પ્રકૃતિનો ખ્યાલ રાખીને લાંબો વખત આપવાથી દમના રોગમાં સારો ફાયદો થાય છે. જો કે પોટેશ આયોડાઈડ તથા સોમલ વગેરે દવાઓ આ વ્યાધિ અટકાવવા માટે અકસીર છે અને ધૈર્યથી યોગ્ય સમય સુધી આપવામાં આવે તો જરૂર ફાયદો થાય છે તોપણ તે વાપરવામાં કેટલીક કાળજી રાખવાની છે, કારણ કે સોમલ એ બહુ ઝેરી દવા છે માટે તે અમુક વખત વાપર્યા બાદ વચમાં થોડો વખત બંધ કરી દેવી જોઇએ અને ત્યાર બાદ તે પાછી ફરીથી શરૂ કરવી. તે સિવાય પોટેશ આયોડાઇડ પણ કોઇ કોઇને માફક આવતું નથી તો તે વખતે તેના પ્રમાણમાં ઘટતો ફેરફાર કરવો જોઇએ અગરતો તેને બદલે થોડો વખત સોડીયમ અગર એમોનીયમ આયોડાઇડનો ઉપયોગ કરવા કાળજી રાખવી.

ઉપરની બધી દવાઓના ઔષધ પ્રયોગો અગાઉ વિગતવાર આપવામા આવ્યા છે એટલે અત્રે તે આપેલ નથી.

Dietic treatment of Asthma—શ્વાસ અગર દમ રોગની ખોરાકરૂપ ચિકિત્સા.—બીજા વ્યાધિઓની પેઠે દમના વ્યાધિમાં ખોરાક રૂપ ચિકિત્સા પણ એક અગત્યની ચિકિત્સા ગણાય છે એટલે કે ખોરાકની યોગ્યતા પર તેમજ ખોરાકના નિયમિતપણા પર તે મટવાનો કેટલોક આધાર રહે છે. સામાન્ય રીતે દમના વ્યાધિમાં જો કે યોગ્ય પ્રમાણમાં બધો ખોરાક અનુકુળ હોય છે તો પણ અમુક અમુક વ્યક્તિને અમુક અમુક ચીજોનાં પ્રોટીન તત્ત્વો પ્રતિકુળ હોઇ તેવી ચીજો તેમને માફક આવતી નથી એટલુંજ નહીં પણ તેવી ચીજો લેવામાં આવતાં તેઓને દમનો હુમલો જણાઇ આવે છે, માટે દરદીએ પોતે પોતાને કઇ ચીજ માફક નથી આવતી તેનું બારીકીથી અવલોકન કરી તે ચીજો ખોરાકમાં લેવી નહીં, દાખલા તરીકે કોઇને છાશ અગર ખટાશ માફક આવતી નથી, કોઇ કોઇને દુધ જેવી ઉત્તમ ચીજ પણ માફક આવતી નથી, કોઇ કોઇને અમુક અમુક જાતની શાકભાજી માફક આવતાં નથી, કોઇને ગળપણ માફક આવતું નથી એટલુંજ નહીં પણ ગળપણ પૈકી કોઇને ગોળ માફક આવતો નથી તો કોઇને ખાંડ માફક આવતી નથી, તેવીજ રીતે માંસાહારીઓને અમુક અમુક જાતની માછલીઓ તથા ઇંડા વીગેરે માફક આવતાં નથી, માટે તેવી માફક નહીં આવનારી ચીજો શોધી કાઢી તેનો ત્યાગ કરવો.

બીજુ સામાન્ય રીતે ઘી વીગેરે વધારે ચરબી વાળા પદાર્થો વધારે પ્રમાણમાં લેવા નહીં. તેમજ બટાટા તથા શકરીયાં વીગેરે સ્ટાર્ચ યુક્ત પદાર્થો વધારે પ્રમાણમાં વાપરવા નહી પણ મિશ્ર ખોરાક લેવો. બીજું બનતાં સુધી ભારે અને અજીર્ણ થાય તેવો ખોરાક વધારે પ્રમાણમાં લેવો નહીં.

બીજું કોઇ પણ ઉપાયોથી દમનો વ્યાધિ મટે નહીં તો પછી દરદીએ લાંબો વખત દુધનો પ્રયોગ કરવો એટલે બીજો બધો ખોરાક બંધ કરી માત્ર દુધ પર રહેવું. એટલુંજ નહીં પણ ચાર છ મહીનાને અંતરે બે ત્રણ વખત દુધનો પ્રયોગ કરી જોવો.

સામાન્ય રીતે દરદીએ રાત્રીએ મોડું જમવું નહીં પણ સુતા પહેલાં બે ત્રણ કલાક પહેલાં ખાઈ લેવું. તેમજ રાત્રીએ ભારે તેમજ અજીર્ણ થાય તેવો ખોરાક પણ લેવો નહીં. તે સિવાય રાત્રીએ નકામો ઉજાગરો કરવો નહીં, તેમજ કોઇ પણ જાતનો વધારે પ્રમાણમાં શારીરિક તેમજ માનસિક પરિશ્રમ કરવો નહીં.

દમના વ્યાધિના તિક્ષ્ણ તેમજ જીર્ણ સ્વરૂપમાં વપરાતાં દેશી ઔષધો— અંગ્રેજી વૈદકની પેઠે દેશી વૈધકમાં જો કે પોટાશ આયોડાઇડ તથા લોબેલીયા વિગેરે તાત્કાલીક અસર કરે તેવાં વધારે ઔષધો નથી તો પણ દેશી વૈદકમાં દમના વ્યાધિ માટે વપરાતાં ઔષધો પૈકી કેટલાંક ઔષધો અને ઔષધ પ્રયોગો એવા છે કે જેનાથી દમના જીર્ણ સ્વરૂપમાં સારો ફાયદો થાય છે એટલું જ નહીં પણ દમના તિક્ષ્ણ સ્વરૂપમાં પણ બહુ સારો ફાયદો કરે છે.

સામાન્ય રીતે દેશી વૈદકમાં દમના માટે કેટલાક વનસ્પતિજન્ય ઔષધો, તેમજ કેટલાક ધાતુજન્ય ઔષધો, તેમજ કેટલાક ક્ષારો યોગ્ય અનુપાનની સાથે પ્રથક પ્રથક તેમજ મિશ્ર રૂપમાં વપરાય છે. નીચેનાં દ્રવ્યો ખાસ કરીને દમના વ્યાધિમાં વપરાય છે.

વનસ્પતિજન્ય ઔષધોમાં અરડુશી, અઘેડો, અફીણ, આકડો, આદુ, અજમો, ઉપલેટ, કપુર, જાયફળ, કાકડાશીંગી, કેશર, તમાકુ, ધતુરો, ભાંગ, ભોરીંગણી, પીંપર, સુંઠ, લવીંગ તથા હરડે વીગેરે મુખ્યત્વે કરીને વપરાય છે. ક્ષારોમાં સીંધવ, સંચળ, ટંકણ, નવસાર, જવખાર તથા અઘેડાને ક્ષાર વિગેરે મુખ્યત્વે કરીને વપરાય છે.

ધાતુજન્ય ઔષધોમાં અભ્રક, લોહ, બંગ, તામ્ર, જસત, મનશીલ, હરતાલ તથા સોમલ, વિગેરે મુખ્યત્વે કરીને વપરાય છે.

કીંમતી ઔષધોમાં કસ્તુરી તથા અંબર વીગેરે વપરાય છે.

પ્રાણીજન્ય ઔષધોમાં સાબરશીંગું વિગેરે વપરાય છે.

શ્વાસ અગર દમના વ્યાધિમાં વપરાતાં મુખ્ય આયુર્વેદિક ઔષધ પ્રયોગો—સ્વરસ અને ઉકાળાઓમાં આદુનો સ્વરસ—આદુનો રસ કાઢીને તેમાંથી પ્રકૃતિ અનુસાર અર્ધાથી એક તોલો રસ તથા તેથી અરધે ભાગે મધ તથા એક વાલ ફુલાવેલો ટંકણખાર અગર તો એકથી બે વાલ સીંધાલુણ તેની અંદર નાંખી દીવસમાં એક બે વખત લેવો.

આદુ તથા અરડુશીનો સ્વરસ-અર્ધો તોલો આદુનો રસ તથા અર્ધો તોલો અરડુશીનો રસ એ બન્ને ભેગાં કરી ઉપર કહ્યા પ્રમાણે દીવસમાં બે વખત લેવાથી સારો ફાયદો થાય છે.

કવાથ અગર ઉકાળાઓ—દમ અગર શ્વાસ રોગમાં કેટલાક ઉકાળાઓ પણ સારી અસર કરે છે. સાધારણ ઉકાળા માટે કહેલી બધી દવાઓના મિશ્ર આખા ભાંગ્યા બે તોલા ભુકાને એક રતલ પાણી સાથે ઉકાળવું અને માત્ર પાંચ તોલા જેટલું પાણી બાકી રહે ત્યારે નીચે ઉતારવું. અને તેમાં મધ તથા બીજી દવાઓ નાંખવાની કહી હોય તે નાંખીને દરદીને કવાથ પીવરાવવો. સાધારણ રીતે દમના રોગમાં ઉકાળો સેહેજ ગરમાગરમ પીવાથી સારો ફાયદો થાય છે. સામાન્ય રીતે ઉકાળાઓ બે વખત લેવાય છે. માટે સવારે ઉકાળેલા કવાથના કુચાને સાંઝે પણ ઉપર પ્રમાણે ઉકાળીને ઉપર કહ્યા પ્રમાણે સાંજે ગરમાગરમ દરદીને ઉકાળો પાવો.

વાસાદિ ક્વાથ—અરડુશીના પાન, ધાણા, ગળો, ભારંગમુળ, પીંપર, સુંઠ તથા બન્ને જાતની ભોરીંગણીના મુળનો ઉકાળો કરી તેમાં અર્ધો તોલો મધ તથા એક વાલ મરીનું ચૂર્ણ નાંખી દરદીને બે વખત આપવો.

કંટકાર્યાદિ ક્વાથ—બે જાતની ભોરીંગણીનાં મૂળ, કાળી દ્રાક્ષ, અરડુશીનાં પાન, કચુરો, સુંઠ, પીપર તથા નાગરમોથ એ આઠ વસ્તુઓનો ઉકાળો કરી તેની અંદર અર્ધો તોલો મધ નાંખી દરદીને બે વખત આપવો.

વાસાદિ ક્વાથ—બે જાતની ભોરીંગણીનાં મુળ, હળદર, ધાણા, ગળો ભારંગમુળ, પીપર, સુંઠ તથા ખસખસના ડોડવાનો ઉકાળો કરી તથા મધ નાંખીને દરદીને બે વખત આપવો.

દેવદાર્વાદિ ક્વાથ-દેવદાર, વજ, ભોરીંગણીનું મૂળ, સુંઠ, કાયફળ, તથા પુષ્કર મુળનો ક્વાથ મધ સાથે દીવસમાં બે વખત આપવો,

દ્રાક્ષાદિ ક્વાથ—કાળી દ્રાક્ષ, ગળો, હરડેદળ, પીપર, જેઠી મધ, તથા ભોરીંગણીનું મુળ, એ સર્વેનો ક્વાથ કરી તેમાં મધ નાંખી દીવસમાં બે વખત આપવો.

ભારંગ્યાદિક્વાથ—ભારંગમુળ, કાયફળ, રોહીસનું પંચાગ, વાળો, ધાણા, કાકડાશીંગી, વજ, ખડસલીયો, હરડે, સુંઠ અને દેવદાર એ સર્વે દવાઓનો ક્વાથ કરી તેમાં મધ નાંખી દીવસમાં બે વખત આપવો.

ઉપયોગી ગોળીયો—શુંઠનાદિ ગોળીયો-એક ભાગ સુંઠ તથા ત્રણ ભાગ ગોળ મેળવી સુરતી બોર જેવડી ગોળીયો કરી તેમાંથી ત્રણ ચાર ગોળીયો હમેશાં ખાવી.

ગુડાદિ ગુટિકા—સુંઠ, હીમેજ તથા નાગરમોથ એ ત્રણે દવાના બારીક ચૂર્ણને બમણા ગોળમાં ઘુંટીને સુરતી બોર જેવડી ગોળીયો કરવી અને દીવસમાં ત્રણથી ચાર ગોળીયો આપવી.

મરિચાદિ ગુટિકા—મરી ૧ તોલો, પીંપર ૧ તોલો, જવખાર ૦॥ તોલો, દાડમની છાલ ૨ તોલા, તથા ગોળ. ૮ તોલા, એ સર્વેને મેળવી ચણીબોર જેવડી ગોળીયો કરવી અને તેમાંથી એક એક ગોળી મોંમાં રાખી રસ ઉતારવો. એકંદરે દીવસમાં ચારથી છ ગોળીયો વાપરવી.

ત્રિજાતકાદિ ગોળીયો—તજ, એલચી, અને તમાલ પત્ર એક એક ભાગ, પીંપર ૪ ભાગ, જેઠીમધ, ખારેક, દ્રાક્ષ તથા સાકર દરેક ૮ ભાગ. સર્વેને મેળવી મધ સાથે સુરતી બોર જેવડી ગોળીયો કરવી.

પ્રમાણ-૧ થી ૨ ગોળી દીવસમાં બે અગર ત્રણ વખત.

લવંગાદિ ગોળીયો—લવીંગ, મરી, બેહેડાં તથા કાથો એ સર્વે દવાઓ સમભાગે મેળવી બાવળની છાલના ઉકાળા સાથે ખુબ વાટીને એક એક વાલની ગોળીયો કરવી.

પ્રમાણ-૧ થી ૨ ગોળી. દીવસમાં બે અગર ત્રણ વખત.

ઉપયોગી ચૂર્ણો:—શૃંગ્યાદિ ચૂર્ણ-શૃંગ, મરી, પીપર, હરડેદલ, બહેડાં, આંબળાં, ભોરીંગણી, ભારંગમૂળ, પુષ્કર મૂળ, જટામાંસી, સીંધવ, સંચળ, બીડલુણ, કાચ લવણ. તથા મીઠું એ સર્વે દવાઓ સમભાગે લઇ બારીક વસ્ત્રગાળ ચૂર્ણ કરવું.

પ્રમાણ-બે આની ભારથી ૦। તોલો મધ અગર પાણી સાથે દીવસમાં બે અગર ત્રણ વખત.

શઠયાદિ ચૂર્ણ—કચોરો, ભારંગમુળ, વજ, શુંઠ, મરી, પીપર, હરેદળ, સંચળ, કાયફળ, તેજપાન, પુષ્કરમુળ, અને કાકડાશીંગી એ સર્વેનું સમભાગ ચૂર્ણ કરવું.

પ્રમાણુ એ આની ભારથી ૦। તોલો મધ અગર પાણી સાથે દીવસમાં બે અગર ત્રણ વખત.

શુંઠયાદિ ચૂર્ણ—ત્રિકટુ ૪ ભાગ, નાગરવેલ પાન ૩ ભાગ, તજ ૨ ભાગ, એલચી ૧ ભાગ એ સર્વે બરોબર સાકર મેળવી ચુર્ણ બનાવવું.

પ્રમાણ-બેઆની ભારથી ૦। તોલો દીવસમાં બે અગર ત્રણ વખત.

વિડંગાદિ ચૂર્ણ—વાવડીંગ, પીપર, હીંગ, અજમો, સીંધવ, શુંઠ અને રાસ્ના એ સર્વે દવાઓ સમભાગે લઇ બારીક ચૂર્ણ બનાવવું.

પ્રમાણુ બે આની ભારથી ૦। તોલો મધ સાથે, દીવસમાં બે અગર ત્રણ વખત.

શૃંગ્યાદિ ચૂર્ણ—કાકડાશીંગી, શુંઠ, પીપર, નાગારમોથ, પુષ્કર મુળ, કચુરો તથા મરી એ સર્વેનું સમભાગ ચૂર્ણ, ગળો, અરડુશી તથા પંચમૂળના કાઢા સાથે મીલાવી તેમાં થોડું મધનાંખીને પીવાથી દમમાં સારો ફાયદો થાય છે.

અવલેહો અગર ચાટણો—ખાંસી, સસણી, શ્વાસ અગર દમ વીગેરે ફેફસાં તથા શ્વાસ નળીકાના તીક્ષ્ણ તેમજ જીર્ણ વ્યાધિઓમાં કેટલીક જાતના અવલેહો અગર ચાટણો બહુ સારો ફાયદો કરે છે. અવલેહ અગર ચાટણથી ગળું, શ્વાસ નળી તેમજ ફેફસાં પર સીધી અસર થવાથી તે ભાગનો ક્ષોભ Irritation જલદી દુર થાય છે તેમજ કફનો જલદી છુટકારો થઇ આવી મુળ વ્યાધિમાં સારો અને જલદી ફાયદો થાય છે અને તેથી દેશી વૈદક શાસ્ત્રમાં કેટલાક અવલેહો વાપરવાની ખાસ ભલામણ કરવામાં આવી છે. જે મુખ્ય અવલેહો વપરાય છે તે નીચે પ્રમાણેઃ—

વાસાવલેહ અગર વાસાહરીતકી—ચારસો તોલા અરડુશી લઇ તેનો આઠગણા એટલે ૩૨૦૦ તોલા પાણીમાં ઉકાળો કરવો અને માત્ર ચોથો ભાગ એટલે ૮૦૦ તોલા પાણી બાકી રહે ત્યારે ઉતારી લઇ ઉકાળો ગાળી લેવો. ત્યાર બાદ તેમાં ૨૫૬ તોલા હરડેનું બારીક ચુર્ણ નાખી હરડેને થોડો વખત બાફવી. ત્યાર બાદ તેમાં ૪૦૦ તોલા સાકર નાંખી તેની ચાસણી કરવી. અને ચાસણી બરોબર તૈયાર થઇ અવલેહ જેવી થઇ આવે ત્યારે તેમાં વંશલોચન તો. ૧૬, પીપર તો. ૨. તજ, એલચી, તમાલપાત્ર અને નાગકેશર એ ચારેનુ મિશ્રચૂર્ણુ તોલા ૪ એ સર્વ દવાઓનું ચુર્ણ તેમાં મેળવી દેવું તથા મધ તોલા ૩૨ પણ તેમાં મેળવી દઇ એકરસ કરી રાખવું અને થોડા દીવસ બાદ વાપરવું.

વાસાવલેહપ્રકાર બીજો.—ઉપર કહ્યા પ્રમાણે ચારસો તોલા અરડુશીને આઠગણા પાણીમાં ઉકાળી ચોથો ભાગ રાખી નીચે ઉતારી ઉકાળો ગાળી લેવો અને ત્યારબાદ તેમાં ૨૫૬ તોલા હરડેનું ચુર્ણ નાંખી તેને થોડો વખત બાફવું. અને ત્યારબાદ તેમાં ૪૦૦ તોલા સાકર નાંખી તેનો અવલેહ બનાવવો. બરોબર અવલેહ જેવું થઇ રહેવા આવે ત્યારે તેમા પીપર તોલા ૮, ચાતુર્જાન એટલે તજ, એલચી, તમાલપત્ર અને નાગકેશરનું ચુર્ણ તોલા ૪ તેમાં મેળવી દેવુ અને અવલેહ ઠરી જવા આવે ત્યારે તેમાં ૬૪ તોલા મધ મેળવી દેવું.

પ્રમાણ-૦। થી ૧ તોલો દીવસમાં બે અગર ત્રણ વખત.

ભારંગ્યાદિ અવલેહ—ભારંગમુળ ૧૦૦ તોલા, દશમૂળ ૧૦૦ તોલા તથા હરડે નંગ

૧૦૦ એ ત્રણે વસ્તુઓ લઇ તે સર્વેનો ૧૨૦૦ તોલા પાણીમાં ઉકાળો કરવો. અને જ્યારે ચોથા ભાગનું પાણી બાકી રહે ત્યારે ઉકાળો નીચે ઉતારી ગાળી લેવો અને હરડે જુદી કાઢી લેવી. ત્યારબાદ તે ઉકાળામાં ૪૦૦ તોલા ગોળ તથા હરડે નાંખી તેનો અવલેહ બનાવવો. અવલેહ બરોબર થઇ રહેવા આવે ત્યારે તેમાં શુંઠ, મરી, પીપર, તજ, એલચી, તમાલ પત્ર, એ સર્વેનું ચુર્ણ ચાર ચાર તોલા તથા જવખારનું ચુર્ણ તોલા ૨ તેમાં મીલાવી દેવું. તથા અવલેહ નીચે ઉતાર્યાબાદ તેમાં મધ તોલા ૨૪ મીલાવી દઇ તે અવલેહ બરાબર ઠરી જાય ત્યારે એક સારા પાત્રમાં ભરી લેવો.

પ્રમાણ-૦ા થી ૧ તોલો દીવસમાં બે અગર ત્રણ વખત.

ભારંગ્યાદિ અવલેહ પ્રકાર બીજો.—ઉપરના પાઠમાં જે હરડે નં. ૧૦૦ લેવાનું લખ્યું છે તે આખી હરડે નહીં વાપરતાં હરડેનું બારીક ચુર્ણ તો. ૧૦૦ લેવું અને ભારંગમુળ તથા દશ મુળનો ઉકાળો થઇ રહ્યા બાદ પાછળથી ગોળ નાંખીને અવલેહ કરતીવખતે પ્રથમથી તેમાં હરડેનું ચુર્ણ મીલાવી દઇ અવલેહ કરવા માંડવો અને ત્યારબાદ તેમાં ઉપર કહ્યા પ્રમાણે ઔષધો તથા મધ મીલાવી દઇ અવલેહ બનાવવો.

પ્રમાણ-૦ા થી ૧ તોલો દીવસમાં બે અગર ત્રણ વખત.

ભારંગ્યાદિ અવલેહ પ્રકાર ત્રીજો—ભારંગમુળ, અરડુશી, ભોરીંગણી તથા હરડે એ દરેક તો. ૬૪ ચોસઠ ચોસઠ તોલા લઇ તે સર્વેનો ૧૦૫૬ તોલા પાણીમાં ઉકાળો કરવો અને ચોથા ભાગનું પાણી બાકી રહે ત્યારે ઉકાળો નીચે ઉતારી ગાળી લેવો અને હરડે જુદી કાઢી લેવી. ત્યારબાદ તે ઉકાળામાં ૬૪ ચોસઠ તોલા ગોળ નાંખી તથા હરડે નાંખી અવલેહ કરવો અને અવલેહ થઇ રહેવા આવે ત્યારે તેમાં પીંપર, કાયફળ, કાકડાશીંગી, જેઠીમધ. લવીંગ, વંસ લોચન, તથા હળદર એ સર્વેનું ચુર્ણ બબ્બે તોલા લઇ તેમાં મીલાવી દેવું અને અવલેહ નીચે ઉતાર્યા બાદ તેમાં આઠ તોલા મધ મીલાવી દઇ અવલેહ એક સારા પાત્રમાં ભરી દેવો.

ઉપરના પાઠમાં હરડે આખી લેવાનું કહ્યું છે પણ તેને બદલે હરડેનું ચુર્ણ બનાવી તે ચુર્ણ પાછળથી ઉકાળામાં ગોળ નાખતી વખતે નાખીને પણ અવલેહ બનાવાય છે. આ પ્રમાણે બનાવેલો અવલેહ ખાવો ઠીક પડે છે.

પ્રમાણ-૦ા થી ૧ તોલો દીવસમાં બે અગર ત્રણ વખત.

કંટકાર્ય વલેહ—ચારસો તોલા ભોરીંગણીનું પંચાગ લાવી તેનો ૨૦૪૮ તોલા પાણીમાં ઉકાળો કરવો અને જ્યારે ચોથા ભાગનું પાણી બાકી રહે ત્યારે નીચે ઉતારી તેને ગાળી લેવો. ત્યારબાદ તેમાં ૨૦૦ તોલા હરડેનું ચુર્ણ નાંખી તેને થોડો વખત તેમાં બાફવું. ત્યારબાદ તેમાં ૪૦૦ તોલા ગોળ નાંખી તેનો અવલેહ બનાવવો. અવલેહ બરાબર થઇ રહેવા આવે ત્યારે તેમાં સુંઠ, મરી, તથા પીપર એ દરેકનું ચુર્ણ ચાર ચાર તોલા, તજ, તમાલપત્ર, એલચી, તથા નાગકેશરનું ચુર્ણ એક એક તોલો લઇ તે સર્વે તેમાં મીલાવી દેવાં અને અવલેહ નીચે ઉતાર્યા બાદ તેમાં ૨૪ તોલા મધ મેળવીને અવલેહ માટીના એક પાત્રમાં (બરણીમાં) ભરી દેવો.

પ્રમાણ-૦ા થી ૧ તોલો દીવસમાં બે અગર ત્રણ વખત.

કંટકાર્ય અવલેહ-પ્રકાર બીજો—ભોરીંગણી તોલા ૧૦૦ લઇ તેનો કવાથ કરવો. અને કવાથ બરોબર થઇ રહે ત્યારે નીચે ઉતારી ગાળી લેવો. ત્યારબાદ તેમાં એકસો તોલા

ગોળ નાંખી તેનો અવલેહ બનાવવો. અવલેહ તૈયાર થઇ જવા આવે ત્યારે તેમાં ભારંગ મુળ, કાકડાશીંગી, કાયફળ, બહુફળી, સુંઠ, મરી, પીપર, ઉપલેટ, સીંધવ, નાગર મોથ, અરીઠુના ડોડવા, જીરૂં, સાજીખાર, જવખાર, અજમો, ખોડી અજમોદ, અને ચિત્રક એ દરેક એક એક તોલો અને હરડેનું ચુર્ણ આઠ તોલા તથા મધ તોલા ૨૫ તેની અંદર મીલાવી દઇ અવલેહ તૈયાર કરવો,

પ્રમાણ—૦। થી ૧ તોલો દીવસમાં બે અગર ત્રણ વખત.

કુષ્માંડકાવલેહ—સારૂં વજનદાર ભુરૂં કહોળું લઈ તેની ઉપરની છાલ કાઢી નાંખી તેના બારીક ટુકડા કરીને ૪૦૦ તોલા લેવા. અને તેને ૮૦૦ તોલા પાણીની અંદર ઉકાળી અર્ધોઅર્ધ પાણી બાકી રહે ત્યારે નીચે ઉતારી ગાળી લેવું અને તે પાણીને અલગ રાખવું. ત્યારબાદ તેની અંદરના કહોળાના કટકાનો જે ગર રહે તેને બરોબર નીચોવીને તેમજ થોડો વખત સુકાવા દઇને તે ગરને ૩૨ તોલા તાજા ગાયના ઘીની અંદર શેકવો. ત્યાર બાદ ઉપર જે પાણી અલગ રાખ્યું છે તેમાં સાકર તોલા ૪૦૦ નાંખી તેનો અવલેહ બનાવવો. અવલેહ તૈયાર થઇ જવા આવે ત્યારે ઉપર તૈયાર કરેલો કોળાંનો ગર તેની અંદર નાંખી દેવો અને થોડીવાર બાદ તેમાં સુંઠ, જીરૂ, ધાણા અને પીપર એ દરેક આઠ આઠ તોલા, તજ, તમાલપત્ર, એલચી, ધાણા અને મરી એ દરેક બબે તોલા લઇ તેનું ચુર્ણ તૈયાર કરાવી તેની અંદર નાંખવું. તથા છેવટે ૧૬ તોલા મધ મેળવી એક સારા પાત્રમાં અવલેહ ભરી દેવો.

પ્રમાણ—૦। થી ૧ તોલો દીવસમાં બે અગર ત્રણ વખત.

વાસાકુષ્માંડ અવલેહ—કોળાંને બરોબર સમારી તેનો ૨૦૦ તોલા ગર લેવો. અગરતો તેનું તેટલું ખમણ લેવું અને તે ખમણને બરોબર નીચોવીને ૩૨ તોલા ઘીમાં શેકવું અને અલગ રાખવું. ત્યાર બાદ અરડુશીનો રીતસર કરેલો ઉકાળો ૨૫૬ તોલા લઈ તેમાં ૪૦૦ તોલા સાકર નાંખી અવલેહ કરવો. અવલેહ તૈયાર થઇ જવા આવે ત્યારે તેની અંદર ઉપરનું કહોળાનું ખમણ તથા વંસલોચન, ધાણા, ભારંગમુળ આંબળા, તજ, એલચી, તમાલપત્ર, નાગરમોથ એ દરેકનું ચુર્ણ ચાર ચાર તોલા તથા પીંપરનું ચુર્ણ ૧૬ તોલા લઇ તેની અંદર મેળવી દેવું અને અવલેહ નીચે ઉતાર્યાબાદ તેની અંદર ૩૨ તોલા મધ મીલાવી અવલેહ એક સારા પાત્રમાં ભરી રાખવો.

પ્રમાણ—૦। થી ૧ તોલો દીવસમાં બે અગર ત્રણ વખત.

આર્દ્રકાવલેહ—આદુનો રસ તોલા ૨૦૦ લઇ તેમાં ૨૦૦ તોલા ગોળ નાખી ચાસણી કરી અવલેહ બનાવવો અને અવલેહ જેવું થઇ રહેવા આવે ત્યારે તેમાં ધાણા, અજમો, જીરૂં, તજ, એલચી, તમાલપત્ર, તથા નાગરમોથ એ સર્વે દવાઓનું ચુર્ણ બબે તોલા, તેમજ લોહભસ્મ તોલા ૨ ઉપરના અવલેહમાં મીલાવી દઇ એક સારા પાત્રમાં અવલેહ ભરી રાખવો.

પ્રમાણ ૦। થી ૦॥ તોલો દીવસમાં બે અગર ત્રણ વખત.

પ્રકાર બીજો—ગોળ તોલા ૨૦૦ લઇ તેની ચાસણી કરી તેમાં આદુનું ખમણ તોલા ૨૦૦ નાંખી અવલેહ તૈયાર કરવો. અવલેહ બરોબર થઇ રહેવા આવે ત્યારે તેમાં ઉપર પ્રમાણે ધાણા, અજમો, જીરૂં, તજ, એલચી, તમાલપત્ર, તથા નાગરમોથ એ સર્વે દવાઓનું ચુર્ણ બબે તોલા તથા લોહભસ્મ બે તોલા ઉપરના અવલેહમાં મીલાવી દઈ અવલેહ એક સારા પાત્રમાં ભરી દેવો.

પ્રમાણઃ—૦। થી ૦॥ તોલો દીવસમાં બે અગર ત્રણ વખત.

Ayurvedic Metallic Preparations.

આયુર્વેદિક ધાતુજન્ય બનાવટો અગર રસાયનો.

શ્વાસારિરસ—શુદ્ધ પારદ ૧ તોલો, શુદ્ધ ગંધક ૧ તોલો, શુદ્ધ વછનાગ ૧ તોલો, લીંડીપીપર ૧ તોલો, સુંઠ ૧૦ તોલા તથા મરી ૫ તોલા એ સર્વે દવાઓને રીતસર મેળવી દવા તૈયાર કરવી.

પ્રમાણ અને અનુપાન ૧ થી ૨ વાલ થોડા મધ સાથે દીવસમાં બે અગર ત્રણ વખત.

શ્વાસભૈરવ રસ—શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક, શુદ્ધ વછનાગ, સુંઠ, મરી, પીપર, ચવક અને ચિત્રક એ સર્વે દવાઓ સમભાગે લઇ તેને આદુના રસની સાથે ખુબ લઢીને તેની એક એક રતીની ગોળીઓ કરવી અગરતો ચૂર્ણ બનાવવું.

પ્રમાણ અને અનુપાન ૧ થી ૨ રતી મધ અગર પાણી સાથે દીવસમાં બે અગર ત્રણ વખત.

શ્વાસકાસ વિધૂનન રસ—શુદ્ધ પારદ ૧ ભાગ, શુદ્ધ ગંધક ૨ ભાગ, જવખાર ૨ ભાગ, સંચળ ૪ ભાગ અને મરી ૫ ભાગ. એ સર્વે દવાઓને મિશ્ર કરી આદુના રસની ભાવના દઇ દવા તૈયાર કરવી.

પ્રમાણ અને અનુપાન ૧ થી ૨ વાલ. દીવસમાં બે અગર ત્રણ વખત પાણી અગર મધ સાથે.

અગ્નિરસ—શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક, પીંપર, હરડેદળ, બહેડાં, અરડુશી, તથા જેઠીમધ એ સર્વે દવાઓને સમભાગે લઇ તેને બાવળના કવાથની એકવીશ ભાવનાઓ આપવી અને ત્યાર બાદ સુકાયેથી તેનું ચૂર્ણ તૈયાર કરવું.

પ્રમાણ અને અનુપાન ૧ થી ૨ વાલ. મધ સાથે દીવસમાં બે અગર ત્રણ વખત.

ભાગોત્તર ચૂર્ણ—શુદ્ધ પારદ ૧ ભાગ, શુદ્ધ ગંધક ૨ ભાગ, પીંપર ૩ ભાગ, હરડેદળ ૪ ભાગ, બહેડાં ૫ ભાગ, અરડુસી ૬ ભાગ, અને ભારંગમુળ ૭ ભાગ. એ સર્વે દવાઓને મિશ્ર કરીને તેને બાવળના કવાથની એકવીશ ભાવના આપી દવા તૈયાર કરવી.

પ્રમાણ અને અનુપાન ૨ થી ૪ વાલ મધ સાથે દીવસમાં બે અગર ત્રણ વખત.

સ્વયમગ્નિ રસ—ત્રીકટુ ૩ તોલા, ત્રીફળા ૩ તોલા, એલચી ૧ તોલો, જાયફળ ૧ તોલો, લવીંગ ૧ તોલો અને એ સર્વે બરોબર અગ્નિરસ લઇ તેનું રીતસર ચુર્ણ બનાવવું.

પ્રમાણ—૧ થી ૨ વાલ મધ સાથે દીવસમાં બે અગર ત્રણ વખત.

શ્વાસકુઠાર રસ—શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક, શુદ્ધ વછનાગ, શુદ્ધ ટંકણખાર, તથા શુદ્ધ મનશીલ, એ દરેક ઔષધો એક એક તોલો, મરી ૮ તોલા, તથા ત્રિકટુ એટલે સુંઠ, મરી અને પીંપર એ ત્રણે બબ્બે તોલા લઇ એ સર્વેનું બારીક ચુર્ણ કરી રીતસર દવા તૈયાર કરવી.

પ્રમાણ અને અનુપાન ૧ થી ૨ રતી મધ સાથે દીવસમાં બે વખત

શ્વાસકુઠાર રસ-પ્રકાર બીજો—શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક, શુદ્ધ વછનાગ, શુદ્ધ મનશીલ, શુદ્ધ ટંકણખાર તથા સુંઠ, મરી અને પીંપર એ સર્વે દવાઓ સમભાગે લઇ રીતસર મેળવી ખુબ લઢીને દવા તૈયાર કરવી.

પ્રમાણ અને અનુપાન ૧ થી ૨ રતી દીવસમાં બે વખત મધ સાથે.

નીલકંઠ રસ—શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક, તામ્રભસ્મ, લોહભસ્મ, શુદ્ધ વછનાગ, ત્રીફળા, ત્રિકટુ, ત્રિસુગંધ, ખડસલીયો, નાગરમોથ, જમીકંદ, નાગકેશર, તથા ચિત્રક એ સર્વ દવાઓ સમભાગે લઇ તે સર્વેથી બમણો ગોળ લઇ તેમાં બરોબર મેળવી ચણીબોર જેવડી ગોળીયો કરવી.

પ્રમાણ-૧ થી ૨ ગોળી દીવસમાં બે અગર ત્રણ વખત.

નીલકંઠ રસ-પ્રકાર બીજો—શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક, લોહભસ્મ, તામ્રભસ્મ, ચિત્રક, તમાલપત્ર, વાવડીંગ, ખડસલીયો, નાગરમોથ, એલચી, નાગકેસર, પીંપરી મુળ, ત્રફળા, અને ત્રિકટુ એ સર્વે દવાઓ સમભાગે લઇ એ સર્વેથી બમણા ગોળમાં ચણીબોર જેવડી ગોળીયો કરવી.

પ્રમાણ-૧ થી ૨ ગોળી. દીવસમાં બે અગર ત્રણ વખત.

નીલકંઠ રસ-પ્રકાર ત્રીજો—શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક, તામ્ર ભસ્મ, લોહ, શુદ્ધ વછનાગ, નગોડના બીજ, મોથ, પીંપરોમુળ, કેશર, તથા ચીત્રક સમભાગે લઇ બમણા ગોળમાં ચણાબોર જેવડી ગોળીયો કરવી.

પ્રમાણ-૧ થી ૨ ગોળી દીવસમાં બે અગર ત્રણ વખત.

અમૃતાર્ણવ રસ—શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક, લોહભસ્મ, શુદ્ધ વછનાગ, શુદ્ધ ટંકણખાર, રારના, વાવડીંગ, ત્રિફળા દેવદાર, ત્રિકટુ, ગળો અને પદમક. એ સર્વે દવાઓ સમભાગે લઇ બારીક ચૂર્ણ કરવું.

પ્રમાણઃ ૧ થી ૨ વાલ મધ સાથે દીવસમાં બે વખત.

પારદાદિવટી—શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક, દરેક ચાર ચાર તોલા, ત્રિકટુ ૧૨ તોલા. બંગભસ્મ ૪ તોલા એ સર્વે દવાઓને મેળવી ત્રણ દીવસ સુધી આદુના રસ સાથે ખરલ કરી એક એક વાલની ગોળીયો કરવી.

પ્રમાણ ૧ થી ૨ ગોળી. દીવસમાં બે અગર ત્રણ વખત.

જયા ગુટિકા—શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક, લોહભસ્મ, તામ્રભસ્મ, શુદ્ધ વછનાગ, વાવડીંગ, નાગકેશર, નાગરમોથ, એલચી, પીપરીમુળ, ત્રિકટુ, ત્રીફળા, ચિત્રક, તથા શુદ્ધ નેપાળો, એ સર્વે દવાઓ સમભાગે લઈ બમણા ગોળની સાથે મેળવી એક એક રતીની ગોળીયો કરવી.

પ્રમાણઃ ૧ થી ૨ ગોળી.

મહાકાલેશ્વર રસ—શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક, લોહભસ્મ, બંગભસ્મ. તામ્રભસ્મ, અભ્રકભસ્મ, સુવર્ણમાક્ષિકભસ્મ, શુદ્ધ હીંગળો, શુદ્ધ વછનાગ, શુદ્ધ નેપાળો, શુદ્ધ ધંતુરાના બી, જાયફળ, લવીંગ, તજ, એલચી, નાગકેશર, એ સર્વે ઔષધો એક એક ભાગ, તથા મરી ત્રણ ભાગ. એ સર્વે ઔષધો એકઠાં કરી લોઢાની ખરલની અંદર લીલાગર ભાંગના કવાથની એકવીશ ભાવનાઓ આપવી. અને ત્યાર બાદ સુકાયેથી બારીક વાટી એક પાત્રમાં ભરી લેવું.

પ્રમાણઃ ૧ થી ૨ રતી.

શ્વાસાંતક રસ—શુદ્ધ પારદ ૧૬ ભાગ, શુદ્ધ ગંધક ૮ ભાગ, તામ્રભસ્મ ૧૬ ભાગ, સોંધવ ૮ ભાગ, પીંપર ૬ ભાગ એ સર્વે દવાઓને એકત્ર કરી લીંબુના રસની ભાવના દઇ દવા તૈયાર કરવી.

પ્રમાણ: ૧ થી ૨ રતી મધ સાથે.

શ્વાસકાસ ચિન્તામણી—શુદ્ધ પારદ ૧ ભાગ, શુદ્ધ ગંધક ૨ ભાગ, સુવર્ણમક્ષિક ભસ્મ ૧ ભાગ, સુવર્ણભસ્મ અગર વરક ૦। ભાગ, મોતી ભસ્મ ૦॥ ભાગ, અભ્રકભસ્મ ૨ ભાગ, લોહભસ્મ ૪ ભાગ એ સર્વે દવાઓને મેળવી સર્વેને ભોરીંગણીના રસની, બકરીના દુધની, જેઠીમધના ઉકાળાની, તથા નાગરવેલના પાનના રસની સાત સાત ભાવનાઓ આપી દવા તૈયાર કરવી.

પ્રમાણ: ૧ થી ૨ રતી દીવસમાં બે વખત.

સુર્યરસ—શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક, તામ્રભસ્મ, અભ્રકભસ્મ, સુંઠ, મરી, પીપર, અને શુદ્ધ વછનાગ એ સર્વે દવાઓ મેળવી દવા તૈયાર કરવી.

પ્રમાણ: ૧ થી ૨ રતી મધ સાથે દીવસમાં બે વખત.

સૂર્યાવર્ત રસ—શુદ્ધ પારદ તથા શુદ્ધ ગંધક સમભાગે લઇ તેને કુંવારના રસમાં અગરતો ધંતુરાના રસમાં છકલાક ખરલ કરી તે બન્નેની બરોબર શુદ્ધ તાંબાના પતરાં લઇ તેના ઝીણા ઝીણા કટકા કરવા અને તેમને ઉપરના રસનો લેપ કરવો. ત્યાર બાદ તે સર્વેને એક મુંસની અંદર મોઢું બંધ કરી વાલુંકાયંત્રની અંદર બાર કલાક સુધી તાપ આપવો અને જ્યારે સ્વાંગ શીતળ થાય ત્યારે અંદરથી ત્રાંબાના પતરાં કાઢીને તેનો બારીક ભુકો કરવો. અને એક શીશીમાં ભરી મુકવો.

પ્રમાણ: ૦। થી ૦॥ રતી મધ સાથે દીવસમાં એક અગર બે વખત.

સુર્યાવર્ત રસ-પ્રકાર બીજો—શુદ્ધ પારદ ૨ ભાગ, શુદ્ધ ગંધક ૧ ભાગ, બંન્નેને કુંવારના રસમાં ત્રણ કલાક ખરલ કરીને તેમાં ત્રણ ભાગ શુદ્ધ તામ્રભસ્મ મેળવવી અને તેનો ગોળો બનાવવો અને તેને ગજપુટ આપી દેવો અને સ્વાંગ શીતળ થયેથી બહાર કાઢી બારીક ચુર્ણ બનાવવું.

સમીરપન્નંગ રસ—શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક, શુદ્ધ હરતાલ, અને શુદ્ધ સોમલ એ સર્વે ઔષધોને મેળવી કુપીરથ રસાયનની પેઠે તેની બનાવટ કરવી. આવી બનાવટને બનતાં સુધી પ્રસિદ્ધ વૈદ્યોની પાસેથી લેવી કારણ કે તે બહુ ઝેરી છે.

પ્રમાણ: $\frac{1}{16}$ થી $\frac{1}{8}$ રતી—દરદીની શક્તિ તથા વય પ્રમાણે દીવસમાં એક અગર બે વખત.

સોમલનાં ફુલ—સોમલ તોલો ૧ એક લઈ તેને કુંવારના રસમાં અગરતો ધોળી ડુંગળીના રસમાં ઘુંટી ચકરી બનાવવી, ત્યારબાદ માટીના બે મોટા કોડીયાં લઈ તેને ઘસીને તેના મોઢાં બરાબર સરખાં કરવા, ત્યારબાદ તે કોડીયાં પૈકી એક કોડીયામાં સોમલની ચકરી ઉપર બીજું કોડીયું બરોબર ફીટ કરી ઢાંકી દેવું અને તે બન્ને કોડીયાની કોર મુલતાની માટીથી મજબુત કપડમટી કરી તડકે સુકવવું. કપડમટી કોડીયાંની કોર ઉપર તેમજ કોડીયાની ઉપર બધે પણ કરવી. ત્યારબાદ તે કોડીયાંને ચુલે ચડાવી ધીમો તાપ આપવો અને ઉપરના કોડીયા ઉપર દુધનાં પોતાં મુકતાં રહેવું. આ પ્રમાણે એક પ્રહર કરવાથી ઉપલા કોડીયામાં ફુલ ચોટી આવશે. ત્યારબાદ તે તદ્દન ઠંડુ થયેથી જાળવીને કપડમટી દુર કરીને કોડીયાં કાળજીથી જુદાં કરી ઉપરના કોડીયામાં ચોટેલ ફુલ કાઢી લેવાં અને શીશીમાં ભરવાં.

આ પ્રયોગ બહુ ઝેરી અને તેનાથી કેટલીકવાર ગંભીર પરિણામ આવે છે માટે બનાવતાં બહુ કાળજી રાખવી. અગર તો અનુભવીની દેખરેખ નીચે કરવો. તેમજ જો કે તે એક અકસીર ઉપાય છે તો પણ ઝેરી હોવાથી વાપરતાં પણ પુર્ણ કાળજી રાખવી.

પ્રમાણઃ—$\frac{1}{64}$ થી $\frac{1}{16}$ રતી ઘી સાથે દીવસમાં એક વખત. આ પ્રયોગ અનુભવીની દેખરેખ નીચેજ કરવો.

પરચુરણ અનુભવી પ્રયોગો.

વરીયાળી, લવીંગ, એલચી, અરડુશીનાં પાન, જેઠીમધ, બહેડાંની છાલ, મરી, આંબાહળદર, કાથો, લીંડીપીપર, સુંઠ, સીંધવ, વડાગરૂં મીંઠું, ફુલાવેલો ટંકણખાર અને શુદ્ધ હીંગળો એ સર્વે દવાઓ સમભાગે લેવી અને તેમાંની હીંગળા શીવાય બીજી બધી વસ્તુનું વસ્ત્રગાળ ચૂર્ણ કરવું. ત્યાર બાદ તેમાં હીંગળાનું બારીક ચુર્ણ બરાબર મેળવી દેવું અને તેને એક સારા પાત્રમાં ભરી લેવું.

પ્રમાણઃ ૧ થી ૨ વાલ. મધ સાથે દીવસમાં બે અગર ત્રણ વખત.

ફુલાવેલો શુદ્ધ ટંકણખાર, લીંડીપીપર, ધોળાંમરી, શુદ્ધ વછનાગ અને શુદ્ધ હીંગળો. ઉપરની સર્વે દવાઓનું બારીક ચુર્ણ મેળવીને તેને આદુના રસમાં ઘુંટીને તેની એક એક રતીની ગોળીઓ કરવી.

પ્રમાણ ૧ થી ૨ ગોળી મધ સાથે દીવસમાં બે અગર ત્રણ વખત.

આકડાના રવાછડાં, મીઠું, તીખાં અને અજમો એ ચારે દવાઓ એક એક તોલો અને અફીણ તોલો ૦ા, એ સર્વે દવાઓને મેળવી તેની એક એક વાલની ગોળીઓ કરવી.

પ્રમાણ ૧ થી ૨ ગોળી. દીવસમાં બે અગર ત્રણ વખત.

જાવંત્રી, જાયફળ, એલચી, શેકેલાં લવીંગ, તથા ફુલાવેલ ટંકણખાર એ સર્વે દવાઓના બારીક ચુર્ણને નાગરવેલના પાનના રસ સાથે ઘુંટી ચણીબોર જેવડી ગોળીઓ કરવી.

પ્રમાણઃ ૧ થી ૨ ગોળી. દીવસમાં બે અગર ત્રણ વખત.

ધંતુરાના કાચાં ડીંડવામાં એક નાની ડગળી કાઢી તેમાં માય તેટલા લવીંગ ભરવાં અને ત્યાર બાદ તેના ઉપર ઘઉંનો લોટ લપેટીને અગ્નિમાં બાફી કાઢવું. ત્યાર બાદ તે સુકાયા બાદ તેનું ચુર્ણ કરવું અને તેમાં અજમો તો. ૨, લીંડીપીપર તોલો ૧ તથા અફીણ બે આની ભાર મેળવી ગોળ સાથે ચણાચણા જેવડી ગોળીઓ કરવી.

પ્રમાણઃ એક થી બે ગોળી દીવસમાં બે વખત.

આકડાના રવાછડાં, શેકેલાં લવીંગ, મરી તથા સીંધવ એ દવાઓને મેળવી મધ સાથે ચણીબોર જેવડી ગોળીઓ બનાવવી.

પ્રમાણ ૧ થી ૨ ગોળી દીવસમાં બે અગર ત્રણ વખત.

કાંસાંતક ગોળીયો—શુંઠ, મરી, પીપર, શુદ્ધ ટંકણખાર, શુદ્ધ ગંધક તથા શુદ્ધ હીંગળો. સર્વ દવાઓને આદુના રસ સાથે મેળવી રતી રતીની ગોળીયો કરવી.

પ્રમાણ ૧ થી ૨ ગોળી દીવસમાં બે અગર ત્રણ વખત.

લવીંગ ૨ ભાગ, મરી ૨ ભાગ, બહેડાં ૭ ભાગ, જાયફળ, શુંઠ, તજ, એલચી, હીંગ, ચણકબાબ, ખેરસાર, ખોરાસાની વજ, તથા કાકડાશીંગી એ દરેક એક એક ભાગ. એ સર્વે દવાના બારીક ચુર્ણને નાગરવેલના રસ સાથે મેળવી ચણીબોર જેવડી ગોળીયો કરવી.

પ્રમાણ ૧ થી ૨ ગોળી દીવસમાં બે અગર ત્રણ વખત.

શુંઠ, મરી, લવીંગ, આંબાહળદર, ખોરાસાની અજમો, વડાગરૂં મીઠું એ દરેક એક એક તોલો અને અફીણ ૦। તોલો. એ સર્વે દવાઓનું બારીક ચુર્ણ કરવું અને ત્યારબાદ આકડાનાં રવાઇડાં લઇ તેની લુગદી કરી તેમાં ઉપરનું ચુર્ણ મેળવી તેની ચણા જેવડી ગોળીયો કરવી.

પ્રમાણ ૧ થી ૨ ગોળી દીવસમાં બે અગર ત્રણ વખત.

ધતુરાનાં પાન તો. ૪ તથા મરી તોલા ૨ તથા શુદ્ધ ટંકણખાર તો. ૧ એ ત્રણે દવાઓને મેળવી તેની એક એક રતીની ગોળીયો કરવી.

પ્રમાણ ૧ થી ૨ ગોળી દીવસમાં બે અગર ત્રણ વખત.

આંબા હળદર તો. ૫, અજમો તો. ૫ તથા સીંધવ તો. ૨॥ એ ત્રણે દવાઓનું બારીક ચુર્ણ કરી રાખવું.

પ્રમાણ–બે આની ભારથી ૦। તોલો મધ સાથે દીવસમાં બે અગર ત્રણ વખત.

વજ તો. ૧, જેઠીમધ તો. ૧ બન્નેનું બારીક ચુર્ણ કરી તેમાંથી બેઆની ભાર જેટલું મધ સાથે દીવસમાં બે વખત ચાટવું.

વજનું બારીક ચુર્ણ ૨ થી ૪ વાલની માત્રામાં સેજસાજ ગરમ દુધ સાથે લેવાથી ચડવા લાગેલો દમ શાંત પડી જાય છે. આ દવાથી જરા મોળ આવ્યા જેવું જણાય છે અગર તો ઉબકા થઇ આવે છે અને તેના લીધે ચડવા લાગેલા દમનું જોર અટકી જાય છે. દમ ચડવાની શરૂઆતમાં આ ઉપાય અજમાવવા જેવો છે.

હરડે, બહેડાં, આંબળાં, શુંઠ, દેવદાર, પીંપર, વજ, મરી તથા નાગબલા એ સર્વે દવાઓના બારીક ચુર્ણને ધંતુરા તેમજ ભાંગરાના રસ સાથે ઘુંટીને એક એક રતીની ગોળીયો કરવી.

પ્રમાણ–૧ થી ૨ ગોળી દીવસમાં બે અગર ત્રણ વખત.

શુદ્ધ હીંગળો તો. ૨॥, લીંડી પીપર તો. ૨॥, કલાઇ ભસ્મ તો. ૦। તથા કેશર તો ૦। એ સર્વે દવાઓને મેળવી નાગરવેલના પાનના રસ સાથે મગ મગ જેવડી ગોળીયો કરવી.

પ્રમાણ ૧ થી ૨ ગોળી દીવસમાં બે અગર ત્રણ વખત.

ઉપર કહેલા બધા પ્રયોગો શ્વાસ રોગ ઉપરાંત સખત તેમજ જીર્ણ ખાંસી તથા સસણી વીગેરેમાં પણ ઉપયોગી છે.

Useful Allopathic Prescriptions for Asthma.

દમ અગર શ્વાસ રોગ માટેનાં ઉપયોગી ઍલોપૅથીક ઔષધ પ્રયોગો.

1	Vinum Ipecac	10ms.	વાઇનિમ આઇપિકેક	૧૦ ટીપાં
	Tin Lobelia	15ms.	ટીંક્ચર લોબેલીયા	૧૫ ટીપાં
	Aqua	1 oz.	પાણી	૧ ઔંસ
	or		અથવા	
2	Vinum Ipecac	10ms.	વાઇનિમ આઇપિકેક	૧૦ ટીપાં
	Ext grindelia Liq	15ms.	એક્સટ્રેક્ટ ગ્રીનડેલીયા લીક્વીડ	૧૫ ટીપાં
	Aqua	1 oz.	પાણી	૧ ઔંસ
	or		અથવા	
3	Tin Lobelia aethris	10 to 20ms.	ટીંક્ચર લોબેલીયા ઇથિરીસ.	૧૦થી ૨૦ ટીપાં
	Aqua Cinnamom	1 oz.	એકવા સીનામોમ	૧ ઔંસ

To be given every half or one hour for two or three dozes, then every two or three hours until relieved. Stop on the slightest feeling of nausea. Two or three dozes generally suffice.

શરૂઆતમાં ઉપર પ્રમાણે દર અર્ધા અગર એકેક કલાકે બે ત્રણ વખત આપવું અને ત્યારબાદ જ્યાંસુધી આરામ ન થાય ત્યાંસુધી દર બે અગર ત્રણ ત્રણ કલાકે આપવું. તે સાથે આ દવાથી જરા પણ મોળ અગર ઉલટી આવ્યા જેવું જણાય કે તરત દવા આપવી બંધ કરવી.

4	Ext grindelia Liq	15ms.	એક્સટ્રેક્ટ ગ્રીનડેલીયા લીક્વીડ	૧૫ ટીપાં
	Tin Belladona	10ms.	ટીંકચર બેલાડોના	૧૦ ટીપાં
	Sodii Bromide	15grs.	સોડા બ્રોમાઇડ	૧૫ ગ્રેન
	Mucilage accacia	½dr.	મ્યુસીલેજ એકેશાયા	½ ડ્રામ
	Aqua chloroform	1 oz.	એકવા કલોરોફોર્મ	૧ ઔંસ

The draught to be given during the paroxysm.

Lucas.

ઉપર પ્રમાણે દવા મેળવી દમ ચડ્યો હોય ત્યારે આપવું. અને જરૂર લાગતાં બીજી વખત યોગ્ય સમય બાદ આપવું,

દા. **લ્યુકાસ**

5	Tin Belladona	15ms.	ટીંકચર બેલાડોના	૧૫ ટીપાં
	Tin Lobelia aeth.	10ms.	ટીંકચર લોબેલીયા ઇથિરીસ	૧૦ ટીપાં
	Aqua Chloroform	1 oz.	એકવા કલોરોફોર્મ	૧ ઔંસ

The draught.

Lucas.

ઉપર પ્રમાણે મેળવી દમ ચડ્યો હોય ત્યારે આપવું.

દા. **લ્યુકાસ.**

6 Tin Stramonii	10ms.	ટીંકચર સ્ટ્રેમોનીયમ	૧૦ ટીપાં
Tin aconite	5ms.	ટીંકચર એકોનાઇટ	૫ ટીપાં
Potassii Bromide	30grs.	પોટેશ બ્રોમાઇડ	૩૦ ગ્રેન
Aqua comphor	½ oz.	એકવા કેમ્ફર	½ ઔંસ
A table spoonful for a doze when the attack comes on.		દમ ચડયો હોય અગર ચડતો આવતો હોય ત્યારે ઉપર પ્રમાણે અર્ધો ઔંસ દવા આપી દેવી.	
Lucas.		ડા. **લ્યુકાસ**	
7 Tin Lobelia aeth	15ms.	ટીંકચર લોબેલીયા ઇથરીસ	૧૫ ટીપાં
Potassii Iodide	5grs.	પોટેશ આયોડાઇડ	૫ ગ્રેન
Spt ammonia aro	20ms.	સ્પીરીટ એમોનીયા એરોમેટીક	૨૦ ટીપાં
Aqua camphor	1 oz	એકવા કેમ્ફર	૧ ઔંસ
The draught.		દમ ચડયો હોય ત્યારે ઉપર પ્રમાણે મેળવી આપવું.	
8 Tin Lobelia aeth	3drs.	ટીંકચર લોબેલીયા ઇથરીસ	૩ ડ્રામ
Potassii Iodide	2drs.	પોટેશ આયોડાઇડ	૨ ડ્રામ
Potassii Bromide	3drs.	પોટેશ બ્રોમાઇડ	૩ ડ્રામ
Aqua chloroform	8 oz.	એકવા કલોરોફોર્મ	૮ ઔંસ
½ part to be given every one or two hours until relieved.		ઉપર પ્રમાણે મેળવી તેમાંથી બારમો ૧/૧૨ ભાગ દર એક અગર બબે કલાકે દમ શાંત થતાં સુધી આપવી.	
Ghosh.		ડા. **ઘોષ**	
9 Potassii Iodide	10grs.	પોટેશ આયોડાઇડ	૧૦ ગ્રેન
Patassii Bromide	10grs.	પોટેશ બ્રોમાઇડ	૧૦ ગ્રેન
Tin Lobelia aeth	15ms.	ટીંકચર લોબેલીયા ઇથરીસ	૧૫ ટીપાં
Spt aetheris co	20ms.	સ્પીરીટ ઇથરીસ કો.	૨૦ ટીપ
Aqua chloroform	1 oz.	એકવા કલોરોફોર્મ	૧ ઔંસ
Every two hours tills pasm is relieved.		ઉપર પ્રમાણે દવા દમનો હુમલો શાંત થતાં સુધી દર બે કલાકે આપવી.	
Chundra.		ડા. **ચંદ્ર**	
10 Potassii Iodide	10grs.	પોટેશ આયોડાઇડ	૧૦ ગ્રેન
Potassii Bromide	10grs.	પોટેશ બ્રોમાઇડ	૧૦ ગ્રેન
Tin Stramonium	10ms.	ટીંકચર સ્ટ્રેમોનીયમ	૧૦ ટીપાં
Spt Etheris co	20ms.	સ્પીરીટ ઇથરીસ કો	૨૦ ટીપાં
Aqua chloroform	1 oz.	એકવા કલોરોફોર્મ	૧ ઔંસ
Every two honrs till spasm is relieved.		જ્યાં સુધી દમનો હુમલો શાંત પડે નહીં ત્યાં સુધી દર બબે કલાકે આપવું.	
Chundra.		**ડા. ચંદ્ર**	

11	Ammonii Bromide	160grs.	એમોનીયા બ્રોમાઇડ	૧૬૦ ગ્રેન
	Ammonia chloride	90grs.	એમોનીયા કલોરાઇડ	૯૦ ગ્રેન
	Tin Lobelia	3drs.	ટીંકચર લોબેલીયા	૩ ડ્રામ
	Spt aetheris co	1 oz.	સ્પીરીટ ઇથિરીસ કો	૧ ઔંસ
	Syrup accacia	4 oz.	સીરપ એકેશીયા	૪ ઔંસ

One or two teaspoonful in water every hour or two during paroxysm.

દમ ચડયો હોય ત્યારે ઉપરની દવામાંથી એક અગર બબે ચમચી થોડા પાણી સાથે દર એક અગર બબે કલાકે આપવી.

Fitch. — દા. ફીચ

12	Antimonii Tartarati	1gr.	એન્ટીમની ટારટરેટી	૧ ગ્રેન
	Liq Morphia Hydrocl	2drs.	લીકર મોરફીયા હાઇડ્રોકલોર	૨ ડ્રામ
	Potassii Iodide	40grs.	પોટેશ આયોડાઇડ	૪૦ ગ્રેન
	Spt chloroform	2drs.	સ્પીરીટ કલોરોફોર્મ	૨ ડ્રામ
	Aqua	4 oz.	પાણી	૪ ઔંસ

One tablespoonful with one of hot water every three or four hours until relieved.

દમ શાંત થતાં સુધી અર્ધો અર્ધો ઔંસ એક ઔંસ ગરમ પાણી સાથે દર ત્રણ અગર ચાર ચાર કલાકે આપવું.

Burney yeo. — દા. બર્ની યઓ

13	Ext grindelia Liq	15ms.	એક્ષ્ટ્રેક્ટ ગ્રીનડેલીયા લીક્વીડ	૧૫ ટીપાં
	Potassii Iodode	2grs.	પોટેશ આયોડાઇડ	૨ ગ્રેન
	Trinitrin	$\frac{1}{200}$grs.	ટ્રીનટ્રીન	$\frac{૧}{૨૦૦}$ ગ્રેન
	Tin Euphorbia piluli	20ms.	ટીંકચર યુફોર્બીયાપીલ્યુલીફેરા	૨૦ ટીપાં
	Aqua	1 oz.	પાણી	૧ ઔંસ

Every two, three or four hours until relieved.

દર બે, ત્રણ અગર ચાર ચાર કલાકે દમનો હુમલો શાંત થતાં સુધી આપવું.

O. Meara. — દા. ઓમેરા

14	Tin Lobelia aeth	10ms.	ટીંકચર લોબેલીયા ઇથિરીસ	૧૦ ટીપાં
	Tin Belladona	10ms.	ટીંકચર બેલાડોના	૧૦ ટીપાં
	Tin aconite	5ms.	ટીંકચર એકોનાઇટ	૫ ટીપાં
	Aqua mentha pip	1 oz.	એકવા મેન્થા પાઇપરેટા	૧ ઔંસ

Te be taken every four hours for spasmodic Asthma.

ઉપર પ્રમાણે દર ચાર કલાકે આપવું.

Lucas. — દા. લ્યુકાસ

15	Tin Lobelia aeth	10ms.	ટીંકચર લોબેલીયા ઇથરીસ	૧૦ ટીપાં
	Spt chloroform	10ms.	સ્પીરીટ કલોરોફોર્મ	૧૦ ટીપાં
	Tin Scilla	10ms.	ટીંકચર સીલા	૧૦ ટીપાં

Ammonia carb	3grs.	એમોનીયા કાર્બ	૩ ગ્રેન
Inf Senega	1 oz.	ઇન્ફ્યુઝન સેનીગા	૧ ઔંસ
To be taken every four hours for cardiac asthma.		હૃદયસ્થ દમ માટે દર ચાર ચાર કલાકે આપવું.	
Lucas.		ડા. લ્યુકાસ	
16 Ext grindelia Liq	10ms.	એક્ષ્ટ્રેક્ટ ગ્રીનડેલીયા લીક્વીડ	૧૦ ટીપાં
Tin camphor co	30ms.	ટીંક્ચર કેમ્ફર કો	૩૦ ટીપાં
Tin Lobelia	10ms.	ટીંક્ચર લોબેલીયા	૧૦ ટીપાં
Spt chloroform	15ms.	સ્પીરીટ ક્લોરોફોર્મ	૧૫ ટીપાં
Mist ammoniaci	1 oz.	મીક્ષ્ચર એમોનીયેસી	૧ ઔંસ
To be taken twice or thrice a day for Bronchial asthma.		ઉપર પ્રમાણે દીવસમાં બે અગર ત્રણ વખત લેવું.	
Lucas.		ડા. લ્યુકાસ	
17 Potassii Iodide	3grs.	પોટેશીયમ આયોડાઇડ	૩ ગ્રેન
Potassii Bicarb	10grs.	પોટેશીયમ બાઇકાર્બ	૧૦ ગ્રેન
Tin Belladona	8ms.	ટીંક્ચર બેલાડોના	૮ ટીપાં
Syrup aurantii	$\frac{1}{2}$dr.	સીરપ ઓરેનશાઇ	$\frac{૧}{૨}$ ડ્રામ
Infiu gentian co	1 oz.	ઇનફ્યુઝન જનશ્યન કો	૧ ઔંસ
To be taken three times a day.		ઉપર પ્રમાણે દીવસમાં ત્રણ વખત લેવું.	
Lucas.		ડા. લ્યુકાસ	
18 Tin quebracho	30ms.	ટીંક્ચર ક્વેબ્રેકો	૩૦ ટીપાં
Caffeinal citras	3grs.	કેફીની સાઇટ્રસ	૩ ગ્રેન
Tin Stramonium	5ms.	ટીંક્ચર સ્ટ્રેમોનીયમ	૫ ટીપાં
Aqua chloroform	$\frac{1}{2}$ oz.	એક્વા ક્લોરોફોર્મ	$\frac{૧}{૨}$ ઔંસ
To be taken every four hours.		ઉપર પ્રમાણે દર ચાર કલાકે આપવું.	
Lucas,		ડા. લ્યુકાસ	
19 Tin Euphobia Piluli	10ms.	ટીંક્ચર યુફોબીયા પીલ્યુલી	૧૦ ટીપાં
Tin Belladona	5ms.	ટીંક્ચર બેલાડોના	૫ ટીપાં
Spt aetheris co	30ms.	સ્પીરીટ ઇથરીસ કો	૩૦ ટીપાં
Inf Senega	$\frac{1}{2}$ oz	ઇનફ્યુઝન સેનીગા	$\frac{૧}{૨}$ ઔંસ
To be taken in a little water every four hours.		ઉપર પ્રમાણે થોડા પાણી સાથે દર ચાર કલાકે આપવું.	
20 Potassii Iodide	2drs.	પોટેશ આયોડાઇડ	૨ ડ્રામ
Liq Fowbei	1dr.	ફાઉલર્સ સોલ્યુશન	૧ ડ્રામ
Vin Ipecac	4drs.	વાઇનમ આઇપીકેક	૪ ડ્રામ

	Tin Hyoscyami	4drs.	ટીંકચર હાયોસાઇમિસ	૪ ડ્રામ
	Aqua chloroform	8 oz.	એકવા કલોરોફોર્મ	૮ ઔંસ

A tablespoonful three times a day in water after food.

Whitla.

ઉપર પ્રમાણે મેળવી તેમાંથી અર્ધો અર્ધો ઔંસ થોડા પાણી સાથે જમ્યા પછી દીવસમાં ત્રણ વખત લેવું.

દા. **વીટલ**

21	Potassii Iodide	48grs.	પોટેશ આયોડાઇડ	૪૮ ગ્રેન
	Ammonii chloride	160grs.	એમોનીયા કલોરાઇડ	૧૬૦ ગ્રેન
	Spt aetheris	160ms.	સ્પીરીટ ઇથિરીસ	૧૬૦ ટીપાં
	Tin Lobelia	160ms.	ટીંકચર લોબેલીયા	૧૬૦ ટીપાં
	Tin Stramonia	160ms.	ટીંકચર સ્ટ્રેમોનીયમ	૧૬૦ ટીપાં
	Vin Ipecac	120ms.	વાઇનિમ આઇપિકેક	૧૨૦ ટીપાં
	Aqua chloroform	8 oz.	એકવા કલોરોફોર્મ	૮ ઔંસ

Half ounce in water thrice a day.

Chemist & Druggist.

અર્ધો ઔંસ દવા થોડા પાણી સાથે દીવસમાં ત્રણ વખત.

કેમીસ્ટ એન્ડ ડ્રગીસ્ટ

22	Sodii Iodide	4grs.	સોડી આયોડાઇડ	૪ ગ્રેન
	Liq Sodii arsenate	2ms.	લીકર સોડા આર્સેનેટ	૨ ટીપાં
	Tin Stramonium	10ms.	ટીંકચર સ્ટ્રેમોનીયમ	૧૦ ટીપાં
	Spt aetheris co	20ms.	સ્પીરીટ ઇથિરીસ કો	૨૦ ટીપાં
	Aqua chloroform	1 oz.	એકવા કલોરોફોર્મ	૧ ઔંસ

Thrice a day.

Chundra.

દીવસમાં ત્રણ વખત આપવું.

દા. **ચંદ્ર**

23	Ammonia Iodide	2drs.	એમોનીયા આયોડાઇડ	૨ ડ્રામ
	Ext grindelia Liq	½ oz.	એક્ષટ્રેકટ ગ્રીનડેલીયા લીકવીડ	½ ઔંસ
	Ext glycyrrhizae Liq	½ oz.	એક્ષટ્રેકટ ગ્લીસરાઇઝા લીકવીડ	½ ઔંસ
	Tin Lobalia	1½drs.	ટીંકચર લોબેલીયા	૧½ ડ્રામ
	Tin Stramonium	1½drs.	ટીંકચર સ્ટ્રેમોનીયા	૧½ ડ્રામ
	Syrup Prunii Vir	4 oz.	સીરપ પ્રુનાઇ વરજીનીયા	૪ ઔંસ

A teaspoonful in an ounce of water thrice a day.

Chundra.

એક એક નાની ચમચી એક ઔંસ પાણી સાથે દીવસમાં ત્રણ વખત.

દા. **ચંદ્ર**

24	Tin Strophanthus	1dr.	ટીંકચર સ્ટ્રોફેનથસ	૧ ડ્રામ
	Nitro-glycerine Sol	8ms.	નાઇટ્રોગ્લીસરીન	૮ ટીપાં
	Liq Strychnine Hydro	36ms.	લીકર સ્ટ્રીકનીયા હાઇડ્રો	૩૬ ટીપાં
	Paraldehyde	1½drs.	પેરેલડીહાઇડ	૧½ ડ્રામ
	Infu Calumba	1½ oz.	ઇનફ્યુશન કેલેમ્બા	૧½ ઔંસ

A teaspoonful in an ounce of water for cardiac asthma.		એક એક નાની ચમચી એક એક ઔંસ પાણીમાં હૃદયસ્થ દમ માટે આપવી.	
Chundra.		ડા. ચંદ્ર	
25 Potassii Iodide	1dr.	પોટેશ આયોડાઇડ	૧ ડ્રામ
Ammonia carb	4½drs.	એમોનીયા કાર્બ	૧½ ડ્રામ
Tin Lobelia aeth	2drs.	ટીંકચર લોબેલીયા ઇથિરીસ	૨ ડ્રામ
Vinum Ipecac	1½drs.	વાઇનમ આઇપીકેક	૧½ ડ્રામ
Aqua chloroform	8 oz.	એકવા ક્લોરોફોર્મ	૮ ઔંસ
Half ounce every four hours.		અર્ધો અર્ધો ઔંસ દર ચાર કલાકે આપવો.	
Chemist & Druggist.		કેમીસ્ટ એન્ડ ડ્રગીસ્ટ	
26 Heare's Anti-Asthmatic Elixir		હેરનું એન્ટી એસ્થમેટીક ઇલીક્ષર	
Sodii Iodide	16grs.	સોડી આયોડાઇડ	૧૬ ગ્રેન
Sodii Bromide	16grs.	સોડી બ્રોમાઇડ	૧૬ ગ્રેન
Tin Lobelia	16ms.	ટીંકચર લોબેલીયા	૧૬ ટીપાં
Ext Euphorbia Piluli	24ms.	એક્ષટ્રેક્ટ યુફોર્બીયા પીલ્યુલી	૨૪ ટીપાં
Notro-glycerine	$\frac{1}{25}$gr.	નાઇટ્રોગ્લીસરીન	$\frac{૧}{૨૫}$ ગ્રેન
Glycerine et aqua	1 oz.	ગ્લીસરીન એટ એકવા	૧ ઔંસ
1 to 2 drs in water thrice a day.		એકથી બે નાની ચમચી પાણી સાથે દીવસમાં ત્રણ વખત આપવી.	
Chemist & Druggist.		કેમીસ્ટ એન્ડ ડ્રગીસ્ટ	
27 Tin cubeb	5drs.	ટીંકચર કયુબેબ	૫ ડ્રામ
Ammonia Bromide	2drs.	એમોનીયા બ્રોમાઇડ	૨ ડ્રામ
Spt ammonia arom	2drs.	સ્પીરીટ એમોનીયા એરોમેટીક	૨ ડ્રામ
Spt aetheri	1½drs.	સ્પીરીટ ઇથિર	૧॥ ડ્રામ
Spt Lavendula co	3drs.	સ્પીરીટ લવેનડયુલાકો	૩ ડ્રામ
Spt chloroform	1½drs.	સ્પીરીટ ક્લોરોફોર્મ	૧॥ ડ્રામ
Aqua	6 oz.	પાણી	૬ ઔંસ
½ ounce thrice a day		અર્ધો અર્ધો ઔંસ દીવસમાં ત્રણ વખત.	
Hutchinson.		ડા. હચીસન	
28 Tin Lobelia aeth	15ms.	ટીંકચર લોબેલીયા ઇથિરીસ	૧૫ ટીપાં
Potassii Iodide	5grs.	પોટેશ આયોડાઇડ	૫ ગ્રેન
Potassii Bromide	4grs.	પોટેશ બ્રોમાઇડ	૪ ગ્રેન
Spt ammonia arom	20ms.	સ્પીરીટ એમોનીયા એરોમેટીક	૨૦ ટીપાં
Syrap Tolu	1dr.	સીરપ ટોલુ	૧ ડ્રામ
Aqua chloroform	1 oz.	એકવા ક્લોરોફોર્મ	૧ ઔંસ
Twice or thrice a day.		દીવસમાં બે અગર ત્રણ વખત આપવું.	
Hutchinson.		ડા. હચીસન	

29 Acid Hydrochlor dil	20ms.	એસીડ હાઇડ્રોકલોરીક ડીલ્યુટ	૨૦ ટીપાં
Liq Strychnine	5ms.	લીકર સ્ટ્રીકનીયા	૫ ટીપાં
Liq arsenic Hydrocl	4ms.	લીકર આર્સેનિક હાઇડ્રોકલો	૪ ટીપાં
Aqua Mentha pip	½ oz.	એકવા મેન્થા પાઇપરેટા	½ ઔંસ

After food with one ounce of water three times a day for gastric asthma.

O. Meara.

જમ્યા પછી એક ઔંસ પાણી સાથે દીવસમાં ત્રણ વખત ખાસ કરીને આમાશયસ્થ દમ માટે ઉપયોગી છે.

દા. **ઓમેરા**

30 Sodii Sulpho carbolas	3grs.	સોડી સલ્ફોકાર્બોલાસ	૩ ગ્રેન
Sodii bicarb	15grs,	સોડાબાઇ કાર્બ	૧૫ ગ્રેન
Tin assafoetida	7ms.	ટીંકચર અસેફોટીડા	૭ ટીપાં
Spt chloroform	10ms.	સ્પીરીટ કલોરોફોર્મ	૧૦ ટીપાં
Aqua Plycotis	1 oz.	એકવાપ્લાઇકોટીસ	૧ ઔંસ

Twice a day for gastric asthma.

Chundra.

આમાશયસ્થ દમ માટે દીવસમાં બે વખત આપવું.

દા. **ચંદ્ર**

31 Bismuth carb	5grs.	બીસ્મથ કાર્બ	૫ ગ્રેન
Soda Bicarb	10grs.	સોડા બાઇકાર્બ	૧૦ ગ્રેન
Carbo Ligni	5grs.	કાર્બોલીગ્ની	૫ ગ્રેન
Oil mentha pip	¼ms.	ઓઇલ મેન્થા	¼ ટીપું

Make a powder to be given in a cachef every three hours. For gastric asthma.

Chundra.

ઉપર પ્રમાણેનું એક એક પડીકું કેશેમામાં નાંખીને આમાશયસ્થ દમ માટે દર ત્રણ કલાકે આપવું.

દા. **ચંદ્ર**

32 Dionin (Merck)	5grs.	ડાયોનીન	૫ ગ્રેન
Aqua Laurocerasi	½ oz.	એકવા લોરેસેરેસી	½ ઔંસ

10 drops three times a day. at bed time twenty drops.

Chnndra.

મેળવીને તેમાંથી દસ દસ ટીપાં દીવસમાં ત્રણ વખત. રાત્રીએ સુતી વખત વીસ ટીપાં આપવાં.

દા. **ચંદ્ર**

33 Liq arsenicalis	36Ms.	લીકર આર્સેનિક	૩૬ ટીપાં
Spt ammonia aro	4drs.	સ્પીરીટ એમોનીયા એરોમેટીક	૪ ડ્રામ
Spt chloroform	2drs.	સ્પીરીટ કલોરોફોર્મ	૨ ડ્રામ
Aqua camphor	6 oz.	એકવા કેમ્ફર	૬ ઔંસ

½ ounce three times a day an hour after food.

Burney Yeo.

અર્ધો અર્ધો ઔંસ જમ્યા પછી એક કલાકે દીવસમાં ત્રણ વખત આપવું.

દા. **બર્ની ઇઓ**

34 Sodii arsenatis $1\frac{1}{2}$grs.
Ext Nux Vomica 24grs.
Divide into 24 pills. One to four pills daily.
Burney Yeo.

સોડી આર્સનિટીસ ૧½ ગ્રેન
એક્ષટ્રેક્ટ નક્ષવોમીકા ૨૪ ગ્રેન
ઉપર પ્રમાણે મેળવી તેની ચોવીશ ગોળીયો કરવી. અને તેમાંથી એકથી ચાર ગોળીયો સુધી આખા દીવસમાં લેવી.
દા. **બર્ની ય્યો**

35 Quinine muriate 60grs.
Acid arsenic 1gr.
Atropine Sul $\frac{1}{2}$gr.
Ext gentian 60grs.
Divide into sixty pills. one to four pills daily.
Burney Yeo.

ક્વીનાઇન મ્યુરીએટ ૬૦ ગ્રેન
એસીડ આર્સેનિક ૧ ગ્રેન
એટ્રોપીન સલ્ફેટ ½ ગ્રેન
એક્ષટ્રેક્ટ જનશ્યન ૬૦ ગ્રેન
ઉપર પ્રમાણે મેળવી તેની ૬૦ ગોળીયો કરવી અને તેમાંથી ૧ થી ૪ ગોળીઓ દીવસમાં બે વખત આપવી.

36 Sodii Iodide $1\frac{1}{2}$drs.
Pul Ext glycyrrhizae 1dr.
Divide into sixty pills. 5 to 8 to be given twice a day.
Burney Yeo.

સોડી આયોડાઈડ ૧॥ ડ્રામ
પલવીસ એક્સ્ટ્રેક્ટ ગ્લીસેરાઈઝા ૧ ડ્રામ
ઉપર પ્રમાણે મેળવી તેની ૬૦ ગોળીઓ કરવી અને તેમાંથી ૫ થી ૮ ગોળીઓ દીવસમાં બે વખત આપવી.
દા. **બર્ની ય્યો**

37 Sodi arsenate $\frac{1}{15}$gr.
Ext Nux Vomica 1gr.
Ext belladona $\frac{1}{4}$gr.
Ext gentian 3grs.
One pill twice daily.
Hutchinson.

સોડી આર્સેનેટ ૧/૧૫ ગ્રેન
એક્ષટ્રેક્ટ નક્ષવોમીકા ૧ ગ્રેન
એક્ષટેક્ટ બેલાડોના ¼ ગ્રેન
એક્ષટ્રેક્ટ જનશ્યન ૩ ગ્રેન
મેળવી એક ગોળી બનાવવી. તેવી એક ગોળી દીવસમાં બે વખત લેવી. દા. **હચીસન**

38 Ext Stromonium $1\frac{1}{2}$grs.
Ext Belladona 3grs.
Ext opii $1\frac{1}{2}$grs.
Divide into 20 pills. one pill thrice or four times daily.
Fitch.

એક્ષટ્રેક્ટ સ્ટ્રેમોનીયમ ૧½ ગ્રેન
એક્ષટ્રેક્ટ બેલાડોના ૩ ગ્રેન
એક્ષટ્રેક્ટ ઓપીયમ ૧½ ગ્રેન
ઉપર પ્રમાણે મેળવી તેની વીસ ગોળીયો કરવી અને તેમાંથી એક એક ગોળી દીવસમાં ત્રણ અગર ચાર વખત લેવી.
દા. **ફીચ.**

39 Ext Stramonii $\frac{1}{2}$gr.
Camphor 2grs.
Pul opii $\frac{1}{4}$gr.
For one pill to be taken twice a day. *Lucas.*

એક્ષટ્રેક્ટ સ્ટ્રામોનીયમ ½ ગ્રેન
કપુર ૨ ગ્રેન
પલવીસ ઓપીયમ ¼ ગ્રેન
મેળવી એક ગોળી બનાવવી. તેવી એક ગોળી દીવસમાં બે વખત આપવી. દા. **લ્યુકાસ.**

40 Chloral Hydras	2drs.	ક્લોરલ હાઇડ્રસ	૨ ડ્રામ
Ammonia chloride	75grs.	એમોનીયા ક્લોરાઇડ	૭૫ ગ્રેન
Morphia Hydro chloras	1¼gr.	મોરફીયા હાઇડ્રોક્લોરાઇડ	૧ા ગ્રેન
Antimony Tart	1gr.	એન્ટીમની ટાર્ટ	૧ ગ્રેન
Ext grindelia Liq	6drs.	એક્ષ્ટ્રેક્ટ ગ્રીનડેલીયા લીક્વીડ	૬ ડ્રામ
Syrup glycyrrhizae	1 oz.	સીરપ ગ્લીસરાઈઝા	૧ ઔંસ
		પાણી	૪ ઔંસ

A teaspoonful in water every 3 to 6 hours.

Burney Yeo.

ઉપર પ્રમાણે મેળવી તેમાંથી એક એક ચમચી દવા થોડા પાણી સાથે દર ત્રણથી ૬ કલાકે આપવી. ડા. **બર્ની ઈઓ**

41 Chloral Hydras	5drs.	ક્લોરલ હાઇડ્રસ	૫ ડ્રામ
Sodii nitris	45grs.	સોડા નાઈટ્રીસ	૪૫ ગ્રેન
Tin Stramoninm	2½drs.	ટીંક્ચર સ્ટ્રેમોનીયમ	૨½ ડ્રામ
Syrup Simple	3 oz.	સીરપ સીમ્પલ	૩ ઔંસ

A teaspoonful in water every 4 hours.

Burney Yeo.

પાણી સાથે એક એક નાની ચમચી દર ચાર કલાકે આપવી.

ડા. **બર્ની ઈઓ**

42 Chloral Hydras	20grs.	ક્લોરલ હાઈડ્રસ	૨૦ ગ્રેન
Potassii Iodide	20grs.	પોટેશ આયોડાઈડ	૨૦ ગ્રેન
Syrup Simple	½ oz.	સીરપ સીમ્પલ	½ ઔંસ
Aqua	4 oz.		

¼ part excry two to four hours.

Berney Yeo.

ઉપરની દવાઓ ચોથો ભાગ દર બેથી ચાર ચાર કલાકે આપવાં. ડા. **બર્ની ઇઓ**

43 Tin Lobelia	1 oz.	ટીંક્ચર લોબેલીયા	૧ ઔંસ
Ammonii Iodide	2drs.	એમોનીયા આયોડાઇડ	૨ ડ્રામ
Ammonii Bromide	3drs.	એમોનીયા બ્રોમાઈડ	૩ ડ્રામ
Syrup Tolu	2 oz.	સીરપ ટોલુ	૨ ઔંસ

A teaspoonful in water every two, three or four hours as necessary.

Bartholow.

થોડા પાણી સાથે એક એક ચમચી દવા જરૂરીયાત પ્રમાણે દર બે ત્રણ અગર ચાર ચાર કલાકે આપવી. ડા. **બાર્થોલો**

44 Tin Lobelia	6drs.	ટીંક્ચર લોબેલીયા	૬ ડ્રામ
Potassii Iodide	2drs.	પોટેશ આયોડાઈડ	૨ ડ્રામ
Tin camphor co	6drs.	ટીંક્ચર કેમ્ફર કો	૬ ડ્રામ
Decoc Senega	6 oz.	ડીકોકશન સેનીગા	૬ ઔંસ

A tablespoonful for a doze.

Burney Yeo.

અર્ધો ઔંસ દવા એકી વખત દમ ચડયો હોય ત્યારે લેવી. ડા. **બર્ની ઇઓ**

45 Ext grindelia Liq	2drs.	એક્ષ્ટ્રેક્ટ ગ્રીનડેલીયા લીકવીડ	૨ ડ્રામ
Ext lobelia Liq	1dr.	એક્ષ્ટ્રેક્ટ લોબેલીયા લીકવીડ	૧ ડ્રામ
Ext Belladona Liq	½dr.	એક્ષ્ટ્રેક્ટ બેલાડોના લીકવીડ	½ ડ્રામ
Potassium Iodide	1½dr.	પોટેશીયમ આયોડાઇડ	૧½ ડ્રામ
Glycerine	1½ oz.	ગ્લીસરાઇન	૧½ ઔંસ

A teaspoonful for a doze. — એક ચમચી દવા થોડા પાણી સાથે દમ ચડયો હોય ત્યારે લેવી.

Bortholo.

46 Ext quebracho	1dr.	એક્ષ્ટ્રેક્ટ કવેબ્રેકો	૧ ડ્રામ
Morphine Hydrocl	½gr.	મોરફીન હાઇડ્રોક્લોરાઇડ	½ ગ્રેન
Syrup Simple	5drs.	સીરપ સીમ્પલ	૫ ડ્રામ
Aqua mellissae	4 oz.	એકવા મેલીસી	૪ ઔંસ

• Half ounce every two to three hours. — અર્ધો અર્ધો ઔંસ દવા દર બે અગર ત્રણ કલાકે આપવી

Burney Yeo. — ડા. બર્ની યીઓ

47 Potassii Iodide	3grs.	પોટેશ આયોડાઇડ	૩ ગ્રેન
Potassii bicarb	15grs.	પોટેશ બાઇકાર્બ	૧૫ ગ્રેન
Ammonia carb	4grs.	એમોનીયા કાર્બ	૪ ગ્રેન
Aqua camphor	1 oz	એકવા કેમ્ફર	૧ ઔંસ

Three times a day three hours after meals. — ઉપર પ્રમાણે દવા જમ્યા પછી ત્રણ કલાકે દીવસમાં ત્રણ વખત આપવી.

48 Liq arsenic	3ms.	લીકર આર્સેનીક	૩ ટીપાં
Tin cardamom co	½dr.	ટીંકચર કાર્ડામમકો	½ ડ્રામ
Aqua chloroform	1 oz.	એકવા કલોરોફોર્મ	૧ ઔંસ

Three times a day after meals. — જમ્યા પછી દીવસમાં ત્રણ વખત આપવું.

Bruice. — ડા. બ્રુઇસ

49 Liq Potassii arsenate	3ms.	લીકર પોટેશી આર્સેનેટ	૩ ટીપાં
Tin cardamom co	½dr.	ટીંકચર કાડોમમકો	½ ડ્રામ
Aqua chloroform	1 oz.	એકવાકલોરોફોર્મ	૧ ઔંસ

three times a day after meals. — જમ્યા પછી દીવસમાં ત્રણ વખત.

Bruice. — ડા. બ્રુઇસ

50 Liq arsenicalis or Liq Potassii arsenate	3ms.	લીકર આર્સેનીક અથવા લીકર પોટેસી આર્સેનેટ	૩ ટીપાં
Ammonia carb	4grs.	એમોનીયા કાર્બ	૪ ગ્રેન
Tin Nux Vomica	5ms.	ટીંકચર નક્ષવૉમીકા	૫ ટીપાં
Spt chloroform	5ms.	સ્પીરીટ કલોરોફોર્મ	૫ ટીપાં
Aqua	1 oz.	પાણી	૧ ઔંસ

વખત એટલે મહીનો દોઢમહીનો લાગટ વાપર્યા બાદ થોડા દીવસ બંધ કરી દેવી જોઈએ અને ત્યારબાદ ફરીથી શરૂ કરવી જોઈએ. બીજું ઉપરના પ્રયોગો પૈકી તેમાં ઓપીયમ, એપોમોરફીયા મોરફીયા નાઇટ્રોગ્લીસરીન, સ્ટ્રીકનીયા તથા એન્ટીમની વીગેરે દવાઓ આપવી હોય છે તે પ્રયોગો ખાસ વિદ્વાનની સલાહ લઈનેજ વાપરવા જેવા છે. ટુંકામાં કહેવાનું જે તે પ્રયોગો વિદ્વાનની સલાહ પ્રમાણેજ વાપરવા કાળજી રાખવી.

59 Jayne's Expectorant		જેઇન એક્સ્પેક્ટોરન્ટ	
Syrup Scilla	2 oz.	સીરપ સીલા	૨ ઔંસ
Tin Tolu	$1\frac{3}{4}$ oz.	ટીંકચર ટોલુ	૧$\frac{3}{4}$ ઔંસ
Tin Lobelia	1dr.	ટીંકચર લોબેલીયા	૧ ડ્રામ
Tin Digitalis	1drs.	ટીંકચર ડીજીટેલીસ	૧ ડ્રામ
Laudanum	2drs.	લાડેનમ	૨ ડ્રામ
Spt camphor	1dr.	સ્પીરીટ કેમ્ફર	૧ ડ્રામ
Vin Ipecac	2drs.	વાઇનમ આઇપીકેક	૨ ડ્રામ
Tartar Emetic	2grs.	ટારટર ઇમેટીક	૨ ગ્રેન

A teaspoonful in water 2 or 4 hours during Poroxysm.

એક ચમચી થોડા પાણી સાથે દર બે અગર ચાર ચાર કલાકે દમ ચડ્યો હોય ત્યારે આપવી.

ઉપરના પ્રીસક્રીપશનો વાપરવામાં રાખવી જોઇતી કાળજી.

દમ અગર શ્વાસરોગને માટે કેટલાક અનુભવી વિદ્વાન દાક્તરોના ઉત્તમ ઉત્તમ ઔષધ પ્રયોગો અમોએ ઉપર વીગતવાર જણાવ્યા છે અને તે પૈકી ઘણાં ઔષધપ્રયોગો જો વીચારપૂર્વક વાપરવામાં આવે તો બહુ સારી અસર કરે છે. પણ તે સાથે અમારે ચેતવણી આપવાની કે તે પ્રયોગો પૈકી ઘણાખરા પ્રયોગોમાં આવતી દવાઓ ઝેરી હોય છે અને તેથી તેવા પ્રયોગો ખાસ વિદ્વાન દાક્તરની સલાહ અગર દેખરેખ શીવાય માત્ર પુસ્તક વાંચીને વાપરવા મંડી જવું નહીં. તે શીવાય ઉપરના પ્રયોગોમાં કેટલાક પ્રયોગો દમ ખરેખરો ચડયો હોય ત્યારે આપવાના હોય છે અને કેટલાક પ્રયોગો સખત દમનો હુમલો શાંત પડયા પછી લેવાના હોય છે એટલે કે દમ ચડતો અટકાવવા માટેના હોય છે, માટે તેનો નિર્ણય કરી કોઈ વિદ્વાન દાક્તરની સલાહ લીધા પછી તે કહે તેમ કરવું. બીજું આ વ્યાધિના ઔષધ લેવાના વખત માટે પણ કેટલીક હકીકત જાણવાની છે અને તે એ છે કે સામાન્ય રીતે દમ ચડયો હોય ત્યારે તે વખતે લેવાના પ્રયોગો દમની સખતાઈ Severity પ્રમાણે દર અર્ધો, અગર એક એક અગર બબે કલાકે લેવાનાં હોય છે અને વ્યાધિ જેમ જેમ શાંત પડતો જાય તેમ તેમ તે પ્રયોગો લેવાનો વખત લંબાવવાની જરૂર રહે છે એટલે કે દમ શાંત પડવા માંડયા પછી તે પ્રયોગોની માત્રા દર ત્રણ ચાર ચાર કલાકે લેવાની હોય છે. બીજું ઉપરના ઔષધ પ્રયોગોમાં લોબેલીયા વીગેરે યુક્ત પ્રયોગો આપતાં ખાસ વીચાર કરવાનો છે. તે આપતાં આપતાં દરદીને મોળ ચડયા જેવું જણાઈ આવે કે તરત તે પ્રયોગો બંધ કરવા જોઇએ અગર તો જો હુમલો ચાલુ હોય તો તે આપવાનો વખત લંબાવવો જોઇએ; પણ આંખો મીચીને વાપરવા નહીં. બીજું ઉપરના પ્રયોગો પૈકી કેટલાક પ્રયોગોમાં સોમલનો ભાગ આવતો હોય છે અને તે પ્રયોગો ઘણું કરીને દમનો સખત હુમલો શાંત પડયા પછીજ ફરીથી દમ ચડતો અટકાવવા માટેનાજ હોય છે તેને માટે યાદ રાખવાનું જે સોમલયુક્ત પ્રયોગો ખાસ કરીને જમ્યા પછીજ લેવા જોઇએ તેમજ અમુક

One or two teaspoonfuls every two or three hours.	એક અગર બે ચમચી પાણી સાથે દર બે અગર ત્રણ કલાકે આપવી.

The Practical medicine.

55	Camphor	5parts.	કપુર	૫ ભાગ
	Musk	2parts.	કસ્તુરી	૨ ભાગ
	Cardamom	5parts.	એલચીદાણા	૫ ભાગ
	Opium	4parts.	અફીણ	૪ ભાગ
	Mace	5parts.	જાવંત્રી	૫ ભાગ

Divide into two grains pills and give one pill twice a day with betel leaf.	બધાને મેળવી તેની પાનના રસ સાથે બબે ગ્રેનની ગોળીઓ કરવી અને તેમાંથી એક એક ગોળી સવારસાંજ પાનની સાથે લેવી.

55	Ammonia carb	2grs.	એમોનીયાકાર્બ	૨ ગ્રેન
	Vinum Ipecac	10ms.	વાઇનમ આઇપીકેક	૧૦ ટીપાં
	Potassii Iodide	5grs.	પોટેશ આયોડાઇડ	૫ ગ્રેન
	Vin Antimonialis	10ms.	વાઇનમ એન્ટીમોનીયેલીસ	૧૦ ટીપાં
	Syrup Tolu	½dr.	સીરપ ટોલુ	½ ડ્રામ
	Aqua	1 oz.	પાણી	૧ ઔંસ

For a doze.	ઉપર પ્રમાણે મેળવી આપવું.

57	Ammonia carb	2grs	એમોનીયા કાર્બ	૨ ગ્રેન
	Potassii Iodide	5grs.	પોટેશ આયોડાઇડ	૫ ગ્રેન
	Spt Etheris	20ms.	સ્પીરીટ ઈથિરીસ	૨૦ ટીપાં
	Tin Stramonium	10ms.	ટીંકચર સ્ટ્રેમોનીયમ	૧૦ ટીપાં
	Ext glycyrrhizae Liq	½dr.	અક્ષ્ટ્રેક્ટ ગલીસરઇઝા લીકવીડ	½ ડ્રામ
	Tin nux Vomica	5ms.	ટીંકચર નક્ષવોમીકા	૫ ટીપાં
	Liq arsenic	2ms.	લીકર આર્સેનીક	૨ ટીપાં
	Glycerine	½dr.	ગ્લીસરાઈન	½ ડ્રામ
	Aqua chloroform	1 oz.	એક્વા ક્લોરોફોર્મ	૧ ઔંસ

For a doze.	ઉપર પ્રમાણે મેળવી આપવું.

58	Chloroform	4drs.	ક્લોરોફોર્મ	૪ ડ્રામ
	Oil terebinth	1 oz.	ઓઇલ ટેરેબીન્થ	૧ ઔંસ
	Spt Rosimarim	1½ oz.	સ્પીરીટ રોઝમરી	૧½ ઔંસ

To be rubbed on the chest several times a day.	ઉપર પ્રમાણે મેળવીને તે તેલ છાતી ઉપર થોડું થોડું દીવસમાં બે ત્રણ વખત ચોળવું.

Three times a day after meals. The doze of Liq arsenic or Liq Potassii arsenate can be increased gradually upto ten minims in the above mixture. *Bruice..*

ઉપર પ્રમાણે દીવસમાં ત્રણ વખત આપવું ઉપરની દવા લીકરઆર્સેનીક અગર લીકર પોટેશ આર્સેનેટની માત્રા આસ્તે આસ્તે દસ ટીપાં સુધી વધારી શકાય. ડા. **બ્રુઈસ**

51	Ethir	$1\frac{1}{2}$ oz.	ઇથિર	$૧\frac{૧}{૨}$ ઔંસ
	Tin Lobelia	1 oz.	ટીંકચર લોબેલીયા	૧ ઔંસ
	Tin opium	$\frac{3}{4}$ oz.	ટીંકચર ઓપીયમ	$\frac{૩}{૪}$ ઔંસ
	Tin Stramonium	$\frac{3}{4}$ oz.	ટીંકચર સ્ટ્રેમોનીયમ	$\frac{૩}{૪}$ ઔંસ

Half teaspoonful in water every hour or so during the attack until nausea results.

ઉપર પ્રમાણે મેળવી તેમાંથી અર્ધી અર્ધી નાની ચમચી પાણી સાથે દર કલાકે અગર મેજસાજ વધારે અંતરે જ્યાં સુધી મોળ ચટી આવે ત્યાં સુધી આપવી.

52	Tin Digitalis	2drs.	ડીકચર ડીજીટેલીસ	૨ ડ્રામ
	Potassii Iodide	3drs.	પોટેશ આયોડાઈડ	૩ ડ્રામ
	Chlorodyne	2drs.	કલોરોડાઇન	૨ ડ્રામ
	Tin Lobelia	5drs.	ટીંકચર લોબેલીયા	૫ ડ્રામ
	Syrup Scillae	1 oz.	સીરપ સીલા	૧ ઔંસ
	Elixir Simple	4 oz.	ઇલીક્ષર સીમ્પલ	૪ ઔંસ

One teaspoonful every three hours. *Porter.*

એક એક ચમચો પાણી સાથે દર ત્રણ કલાકે આપવી.

53	Sodii Iodide	2grs.	સોડી આયોડાઈડ	૨ ગ્રેન
	Sodii Bromide	2grs.	સોડી બ્રોમાઈડ	૨ ગ્રેન
	Tin Lobelia aeth	3ms.	ટીંકચર લોબેલીયા ઇથર	૩ ટીપાં
	Ext Euphorbia Liq	3ms.	એક્ષ્ટ્રેક્ટ યુફોર્બીયા લીકવીડ	૩ ટીપાં
	Nitre-glyceriae	$\frac{1}{100}$gr.	નાઇટ્રોગ્લીસરીન	$\frac{૧}{૧૦૦}$ ગ્રેન
	Aqua	1 oz.	પાણી	૧ ઔંસ

For a doze. Repeat in half an hour if necessary.

ઉપર પ્રમાણે મેળવી આપવું અને જરૂર પડે તો બીજી વખત અર્ધા અગર એક કલાકે આપવું.

54	Tin Belladona	40ms.	ટીંકચર બેલાડોના	૪૦ ટીપાં
	Potassii Iodide	40grs.	પોટેશ આયોડાઈડ	૪૦ ગ્રેન
	Morphia Sulphatio	1gr.	મોરફીયા સલફેટ	૧ ગ્રેન
	Spt aetheris co	2drs.	સ્પીરીટ ઇથિરીસ કો	૨ ડ્રામ
	Aqua	2 oz.	પાણી	૨ ઔંસ